કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-

મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧

અબડાસા બ્યુરો

હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,



ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-


મતદાનની પવિત્ર ફરજ નિભાવીએ


Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૨૪ એપ્રિલ, ૨૦૨૬ શુક્રવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક



કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS

National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT

Mo.: 98250 35635



◆અંક નંબર : ૨૯૮◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ - ૮ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


# ગુજરાતમાં ભગવો લહેરાશે :સીએમનો હુંકાર


**આજ સાંજથી પ્રચાર ભુંગળા બંધ થાય તે પહેલા રાજયના મુખ્યપ્રધાનનો સવારથીજ ભવ્ય રોડ-શો યોજાયો : અમદાવાદના વિવિધ વોર્ડમાં સીએમ-ભાજપ અધ્યક્ષની યોજાઈ ભવ્ય રેલી**











ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ શાંત થાય તે પૂર્વે આજે પ્રચારના અંતિમ દિવસે ભારતીય જનતા પાર્ટીએ પોતાની પૂરી તાકાત ઝોંકી દીધી છે. અમદાવાદના વિવિધ વોર્ડમાં આજે વહેલી સવારથી જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપના અગ્રણી નેતા જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં ભવ્ય બાઈક રેલી અને રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદના મણિનગર સહિતના


અનુસંધાન પાના નં.૪ પર


## બંગાળની આત્મામાં વહે છે ગંગા : પીએમ







**આજ રોજ વહેલી સવારે વડાપ્રધાન કોલકત્તામાં ગંગા નંદીના કિનારે પહોંચ્યા : હાજર નાવીકો-સામાન્ય લોકો સાથે કરી મુલાકાત : મોદીજીએ ફોટોગ્રાફી પણ કરી**

નવી દિલ્હી :પશ્ચિમ બંગાળમાં ૨૩ એપ્રિલે પ્રથમ તબક્કાનું મતદાન થયુ. આ વખતે બંગાળમાં હિંસા વચ્ચે પણ બંપર વોટિંગ થયુ છે. ત્યારે પીએમ મોદી ઝાલમુરી ખાધા બાદ હવે કોલકાતામાં


અનુસંધાન પાના નં.૪ પર


## પશ્ચીમ બંગાળમાં ભાજપ ૧૧૦ બેઠકો પર જીત સાથે સત્તા બનાવી રહી છે : શાહનો દાવો

**પ્રથમ તબક્કામાં ઐતિહાસીક મતદાન બાદ અમિત શાહે આજ રોજ સવારે યોજી પ્રેસ : દીદી જાય છે, ભાજપ આવે છે, બંગાળમાથી ભય જાય છે, ભરોસો સ્થાપિત થવા આવી રહ્યો હોવાનો વ્યકત કર્યો વિશ્વાસ : મમતા બેનરજી પર વરસાવ્યા ચાબખાં**



કોલકત્તાઃ પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાના મતદાન પૂર્ણ થયા બાદ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કોલકત્તામાં એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી, જેમાં તેમણે રાજ્યમાં સત્તા પરિવર્તનનો મજબૂત આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. 'ભાજપના ચાણક્ય' ગણાતા અમિત શાહે દાવો કર્યો હતો કે પ્રથમ તબક્કામાં જે રીતે ઐતિહાસિક અને ઉત્સાહપૂર્વક મતદાન થયું છે, તે જોતા સ્પષ્ટ જણાય છે કે બંગાળની જનતાએ હવે પરિવર્તનનો મિજાજ બનાવી લીધો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે રાજ્યમાંથી હવે 'દીદી'નું શાસન જઈ રહ્યું છે અને ભાજપ એક મજબૂત ભરોસા સાથે સત્તા પર આવી રહ્યું છે.વધુમાં તેમણે આંકડાકીય વિગતો આપતા દાવો કર્યો હતો કે, અત્યાર સુધીના વલણો જોતા ૧૫૨ બેઠકો પૈકી ભાજપ ૧૧૦ થી વધુ બેઠકો પર સ્પષ્ટ વિજય મેળવી રહ્યું હોવાનું


અનુસંધાન પાના નં.૪ પર


## ગૌતમ અદાણીની છલાંગ : પહેલીવાર બિલ ગેટ્સથી આગળ નીકળ્યા



**શેરબજારમાં ઘટાડા છતાં ગૌતમ અદાણીની કુલ સંપત્તિમાં નોંધપાત્ર વધારો થયો : ડોલર ૧૦૦ બિલિયન કલબમાં જોડાયાઃ આ વર્ષે, તેમની કુલ સંપત્તિમાં ડોલર ૨૧.૪ બિલિયનનો વધારો થયો છે, જેના કારણે તેઓ વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૭મા ક્રમે છે**

નવી દિલ્હી : ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણીની કુલ સંપત્તિમાં ગુરુવારે નોંધપાત્ર વધારો જોવા મળ્યો. શેરબજારમાં ઘટાડા છતાં, અદાણી ગ્રુપના ચેરમેનની કુલ સંપત્તિમાં ડોલર ૭.૧૬ બિલિયનનો વધારો થયો છે, જેનાથી તેઓ ૧૦૦ બિલિયનમાં સ્થાન મેળવ્યું છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, અદાણીની કુલ સંપત્તિ ડોલર૧૦૬ બિલિયન સુધી પહોંચી ગઈ છે, જેનાથી તેઓ વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૭મા ક્રમે છે. તેમણે માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સને પણ પાછળ છોડી દીધા છે.આ વર્ષે અદાણીની કુલ સંપત્તિમાં ડોલર ૨૧.૪ બિલિયનનો વધારો થયો છે, જ્યારે ગેટ્સની કુલ સંપત્તિમાં


અનુસંધાન પાના નં.૪ પર


## રાજકીય ગરમાવા વગર જ ચૂંટણી પ્રચાર પૂરો

**ઉમેદવારો-નેતાઓ માટે 'રાત ઓછી ને વેહ જાજા' જેવી સ્થિતિ, રાત-દિવસ દોડી પરસેવો પાડયો પણ મતદારોનું અકળ મૌન : ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયા બાદ પ્રચારના માત્ર ૯ દિવસ જ મળ્યા, આંતરિક ભડકા ઠારવામાં પણ સમય વેડફાયો, હવે મતદારો ઉપર મદાર**




ગાંધીનગર :ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણીના જાહેર પ્રચાર પડઘમ આજથી શાંત થયા છે પરંતુ વિધાનસભા અને લોકસભા પછી બીજા નંબરની સૌથી મોટી ગણાતી આ ચુંટણીમાં પ્રચાર જામે તે પહેલા જ પ્રચાર પુરો થઇ ગયો છે.

અસહ્ય ગરમી અને આકરા તાપ વચ્ચે ઉમેદવારોએ ભારે દોડધામ કરી પરસેવો પાડયો છે. પરંતુ મતદારોમાં હજુ જોઇએ તેવો ઉત્સાહ ઉમંગ દેખાતો નથી.

આ ઉપરાંત આ ચુંટણીમાં સતાધારી પક્ષ ભાજપમાં પણ ભારે આંતરીક અસંતોષ અને નારાજગી હોવાથી કાર્યકરો જોમજુસ્સા સાથે ચૂંટણીનું કામ કરતા દેખાતા નથી, જ્યારે કોંગ્રેસમાં પણ કોઇ ઉત્સાહ દેખાતો નથી તો આમ આદમી પાર્ટીમધં સંગઠનની કમી સ્પષ્ટ દેખાઇ રહી છે. આમ


અનુસંધાન પાના નં.૪ પર


## સંકટની ઘડીમાં ભારત માલદીવ્સની વહારે આવ્યું

**મુઈજ્જુ સરકારને ૩૦ અબજ રૂપિયાની કરી મદદ**

(એજન્સી દ્વારા)



નવીદિલ્હી : ભારત અને માલદીવ્સ વચ્ચેના સંબંધોમાં ફરી એકવાર મજબૂતી જોવા મળી છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા માલદીવ્સની મદદે ભારત ફરી એકવાર આગળ આવ્યું છે. ભારતે માલદીવ્સને મોટી રાહત આપતા ૩૦ અબજ રૂપિયા(અંદાજે ૪૦૦ મિલિયન ડૉલર)ના કરન્સી સ્વાપ સપોર્ટના પ્રથમ હપ્તાને મંજૂરી આપી દીધી છે. માલદીવ્સમાં આવેલી ભારત સરકારની એમ્બસીએ આ અંગેની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, માલદીવ્સની નાણાકીય સ્થિરતા જાળવી રાખવા માટે આ પગલું અત્યંત મહત્ત્વનું સાબિત થશે.

આ આર્થિક મદદ મુખ્યત્વે ભારતીય રિઝર્વ બેંક અને માલદીવ્સ સરકાર વચ્ચે થયેલા જીછછઈઝ કરન્સી


અનુસંધાન પાના નં.૪ પર


## હોર્મુજનો 'તાપ' : સમુદ્રમાં ટ્રાફિક જામ : હવામાં હાહાકાર

નવી દિલ્હી : હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી ન માત્ર સમુદ્રમાં જહાજોની કતાર લાગી છે, બલકે જંગના પડછાયાએ ઉડાનોને પણ મોંઘી કરી દીધી છે. તેલ અને ગેસની સપ્લાયમાં રૂકાવટ આવવાથી કાચા તેલના ભાવ રેકોર્ડબ્રેક સ્તરે પહોંચી ગયા છે.જેમાં વૈશ્વિક મોંઘવારીએ ગતિ પકડી લીધી છે તેનો સૌથી મોટો માર હવાઈ ક્ષેત્ર પર પડયો છે. ઈંધણની વધતી કિંમતોના કારણે એરલાઈન્સ ભાડુ વધારી રહી છે અને પોતાના નફાના દાવાનો પરત લઈ રહી છે.કંપનીઓનો ઓપરેશનલ ખર્ચ વધવાથી કાચા તેલની કિંમત ૧૦૦ ડોલરની પાર દર બેરલે પહોંચી ગઈ છે. કિંમતોમાં ૧થી૩ ડોલર સુધીનો ઉછાળો જોવા મળી રહ્યો છે.શિપીંગ વિશ્લેષણ મંચ 'ધી સિગ્નલ ગ્રુપ'ના અનુસાર અમેરિકાના ખાડી તટ પર ટેક્રરોની ઉપલબ્ધતામાં ૪૧ ટકાનો ઘટાડો આવ્યો છે. નાના ટેક્રરોની ઉપલબ્ધતા પણ ૪૦થી૭૫ ટકા ઘટી ગઈ છે.

જહાજોની માંગ વધવાથી માલ પરિવહન દરો (ફ્રેટ રેટ)માં અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ છે. સુએજમેકસ અને અફ્રામેકસ જેવા વિશાળ જહાજ હવે ૩ લાખ ડોલર દરરોજ કમાઈ રહ્યા છે, જ્યારે છેલ્લા પાંચ મહિનાની સરેરાશ માત્ર ૬૦ હજાર ડોલર દરરોજ હતી એટલે કે જહાજોની કમાણી પાંચ ગણી વધી ગઈ છે.સેવા ક્ષેત્રનો ખર્ચ ૧૯૯૬ બાદ સૌથી ઉંચા સ્તરે છે. વૈશ્વિક સ્તર પર તેલની કિંમતો ૧૦થી૧૩ ટકા સુધી ઉછળી છે, જયારે યુરોપમાં ગેસની કિંમતો લગભગ બે ગણી થઈ ગઈ છે. બંદરો પર ફસાયેલા માખણ અને ક્રીમ જેવા તાજા ઉત્પાદનો ખરાબ થવાનો ડર વધી ગયો છે.આંતરરાષ્ટ્રીય સમુદ્રી સંગઠન અનુસાર વૈશ્વિક શિપિંગ ક્ષેત્ર કુલ કાર્બન ઉત્સર્જનમાં ૩ ટકાની ભાગીદારી રાખે છે, લાંબા રસ્તા (જેમકે કેપ ઓફ ગુપ હોપ)ના ઉપયોગથી ઈંધણનો વપરાશ અને પ્રદુષણમાં ૧૫થી૨૫ ટકાનો વધારો થયો છે, આ ઉપરાંત સમુદ્રમાં ઓઈલ લિકેજનો ખતરો પર્યાવરણ માટે મોટું સંકટ છે.

## માયથોસ સામે ભારતમાં એલર્ટ : નાણામંત્રીએ બેઠક બોલાવી




નવી દિલ્હીઃ અમેરિકન કંપની એથ્રોપીકના લેટેસ્ટ એ.આઈ. ટુલ માયથોસની ચિંતા ભારત પણ પહોંચી ગઈ છે. ખાસ કરીને આ એ.આઈ. ટુલની સાયબર એટેક કે હેકીંગ કરવાની ક્ષમતા છે તે અમેરિકી સરકારને પણ કરાવી


અનુસંધાન પાના નં.૪ પર


### તિકડમ !
– દેવેન વ્યાસ



**આપણા લગ્નની વર્ષગાંઠ આપણે મતદાન કરીને મનાવશું !**

## શેરબજારમાં મોટી ઉથલપાથલ

મુંબઈ : ભારતીય શેરબજાર અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે લાલ નિશાન સાથે ખુલ્યું હતું. શરૂઆતી કારોબારમાં સેન્સેક્સ ૭૩૨ પોઈન્ટ ગબડીને ૭૬૮૮૦.૩૧ પર આવી ગયો હતો. જ્યારે નિફ્ટી ૯૩.૩ પોઈન્ટ ઘટીને ૨૩૯૫૯.૮૦ પર પહોંચી હતી.શુક્રવારે સવારે એશિયાઈ શેરબજારોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. ઈઝરાયેલ-લેબનોન યુદ્ધવિરામમાં ત્રણ અઠવાડિયાનો વધારો થયો હોવા છતાં રોકાણકારો સાવધ જણાયા હતા.જાપાનઃ નિક્કેઈ ૨૨૫માં ૦.૭૧% અને ટોપિક્સમાં ૦.૩૦%નો વધારો જોવા મળ્યો.દક્ષિણ કોરિયાઃ કોસ્પી ૦.૨૩% ઘટ્યો, જ્યારે સ્મોલ-કેપ કોસ્ડેકમાં કોઈ મોટો ફેરફાર થયો નથી.હોંગકોંગ હેંગસેંગ ઈન્ડેક્સ ફ્યુચર્સ ૨૫,૮૦૨ પર હતો, જે તેના અગાઉના બંધ સ્તર ૨૫,૯૧૫.૨ કરતા ઓછો હતો.અમેરિકન બજાર રોકાણકારોના સાવચેતીભર્યા વલણને કારણે ગુરુવારે અમેરિકી બજારો ઘટાડા સાથે બંધ થયા હતા.ટેકનિકલ શેરોમાં વેચવાલીને કારણે નાસ્ડેક ૦.૮૯% ઘટીને ૨૪,૪૩૮.૫૦ પર બંધ થયો.

## નવી મુસીબત...હવે પામ ઓઈલનું સંકટ ઉભુ થશે !!

**વિશ્વનું સૌથી મોટું પામ ઓઈલ ઉત્પાદક ઈન્ડોનેશિયા હવે તેની નિકાસ કરવાને બદલે ડીઝલ બનાવવામાં ઉપયોગ કરશે : જો સાબુ-બિસ્કીટથી લઈને ચિપ્સ-શેમ્પુ બનાવવામાં ઉપયોગમાં લેવાય છે**



નવી દિલ્હી : ઈરાન યુદ્ધ ભારતમાં બીજી મોટી તેલ કટોકટી તરફ દોરી શકે છે. પેટ્રોલ કે ડીઝલ નહીં. તે એક અલગ મુદ્દો છે. બીજો મુદ્દો જે ઉભરી રહ્યો છે તે પામ તેલ છે. ભારત વિશ્વમાં સૌથી વધુ પામ તેલની આયાત કરે છે. ભારત દર વર્ષે આશરે ૯.૫ મિલિયન ટન પામ તેલનો ઉપયોગ કરે છે. ભારત ૪૦૦,૦૦૦ ટનથી ઓછું ઉત્પાદન કરે છે. આનો અર્થ એ છે કે તે બધું વિદેશથી આવે છે. કારણ કે પામ તેલનું ઉત્પાદન કરતા પામ વૃક્ષોને સતત વરસાદ અને પુષ્કળ પાણીની જરૂર પડે છે.


અનુસંધાન પાના નં.૪ પર


## હોર્મુઝ સ્ટ્રેટમાં માઇન્સ બિછાવતી ઈરાની બોટોને ગોળી મારી દો

વોશિંગ્ટનઃ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ સેનાને હોર્મુઝ સ્ટ્રેટમાં માઈન્સ નાખતી ઈરાની બોટોને ગોળી મારી દેવાનો આદેશ આપ્યો છે. તેમના સત્ય સોશિયલ પ્લેટફોર્મ પર આ જાહેરાત કરતા ટ્રમ્પે કહ્યું કે આ આદેશ બધી બોટોને લાગુ પડે છે, ભલે ગમે તેટલી નાની હોય. તેમણે એવો પણ દાવો કર્યો કે ઈરાની નૌકાદળના તમામ જહાજો ડૂબી ગયા છે.ટ્રમ્પે એમ પણ કહ્યું કે યુએસ માઈન-નાશ કરનારા જહાજો પહેલાથી જ આ વિસ્તારમાં કાર્યરત છે. ટ્રમ્પની પોસ્ટ ત્યારે આવી છે જ્યારે યુએસ સેનાએ ઈરાની તેલ વહન કરતા બીજા ટેક્રરને કબજે કર્યું છે. આ ઘટનાએ સ્ટ્રેટ પર તેહરાન સાથે તણાવ વધુ વધાર્યો છે.મેં યુએસ નેવીને આદેશ આપ્યો છે કે હોર્મુઝ સ્ટ્રેટના પાણીમાં ખાણો નાખતી કોઈપણ બોટ, ગમે તેટલી નાની હોય, ગોળી મારીને નાશ કરે. આમાં કોઈ ખચકાટ ન હોવો જોઈએ.ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે યુએસ માઈન્સવીપર્સ હાલમાં સ્ટ્રેટ સાફ કરી રહ્યા છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**વૈશાખ સુદ-૮, તા.૨૪ એપ્રિલ, શુક્રવાર**

# બંપર મતદાન – પરિવર્તનની લહેર કે અસ્તિત્વની લડાઈ?

પશ્ચિમ બંગાળની રાજનીતિ હંમેશા ઉત્તેજના અને આશ્ચર્યોથી ભરેલી રહી છે, પરંતુ આ વખતે ભારે મતદાનના આંકડાએ નવી ચર્ચાને જન્મ આપ્યો છે. લોકશાહીના પર્વમાં જનતાનો ભારે ઉત્સાહ સામાન્ય રીતે 'પરિવર્તન'નો સંકેત માનવામાં આવે છે, પરંતુ બંગાળના કિસ્સામાં આ બંપર મતદાન પાછળના કારણો અને તેના પરિણામો અકળ જણાઈ રહ્યા છે. સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ અને મુખ્ય વિપક્ષ ભાજપ બંને પોતપોતાની જીતના દાવા કરી રહ્યા છે, ત્યારે પ્રશ્ન એ છે કે ઈવીએમમાં કેદ થયેલો આ જનાદેશ કોના પક્ષમાં જશે? રાજકીય વિશ્લેષકોના મતે, ઊંચું મતદાન હંમેશા સત્તાધારી પક્ષ માટે જોખમી હોય છે. સ્ઝ સરકાર અત્યારે આર.જી. કર હોસ્પિટલની ઘટના અને ભરતી કૌભાંડ જેવા ગંભીર પડકારોથી ઘેરાયેલી છે. બીજી તરફ, એસઆઈઆર પ્રક્રિયાને કારણે મતદાર યાદીમાંથી જે રીતે નામ કમી થયા, તેનાથી લઘુમતી સમુદાયમાં એક પ્રકારનો ડર પેદા થયો હોય તેમ લાગે છે. પ્રોફેસર અબ્દુલ મતીનનું અવલોકન સચોટ જણાય છે કે, મતદારો પોતાની નાગરિકતા અને મતાધિકાર બચાવવા માટે પણ મોટી સંખ્યામાં ઘરની બહાર નીકળ્યા હોઈ શકે છે.બંગાળના રાજકીય નકશા પર નજર કરીએ તો, કૂચબિહાર, અલીપુરદ્વાર અને બાંકુડા જેવા વિસ્તારોમાં થયેલું ભારે મતદાન ભાજપના 'જનાદેશ'ના દાવાને મજબૂત કરી શકે છે. આ વિસ્તારોમાં ભાજપની પકડ મજબૂત રહી છે. જોકે, મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં મતોનું ધ્રુવીકરણ કોંગ્રેસ અને ડાબેરી-જીહ્ર ગઠબંધનને ફરી જીવંત કરી શકે છે. જો આવું થાય, તો તે સ્ઝ માટે સૌથી મોટો ફટકો સાબિત થશે, કારણ કે તેની વોટબેંકમાં ગાબડું પડી શકે છે.૨૦૨૧ની ચૂંટણીમાં ૮૩ ટકા મતદાન થયું હતું, પરંતુ તે સમયના મુદ્દા અલગ હતા. આ વખતે ભ્રષ્ટાચાર અને કાયદો-વ્યવસ્થાના મુદ્દાઓ સપાટી પર છે. ૨૬,૦૦૦ શિક્ષકોની નિમણૂક રદ થવાની ઘટનાએ મધ્યમ વર્ગમાં ભારે રોષ પેદા કર્યો છે. વડાપ્રધાન મોદી તેને 'બદલાવનો સંકેત' ગણાવે છે, જ્યારે મમતા બેનર્જી તેને 'અધિકારોની રક્ષા'ની લડાઈ માને છે. બંપર મતદાન એ વાતની સાબિતી છે કે બંગાળની જનતા હવે મૌન રહીને બધું સહન કરવાના મૂડમાં નથી. તે સત્તાના પક્ષમાં હોય કે વિરોધમાં, પણ જનતાએ પોતાનો ફેંસલો સંભળાવી દીધો છે. જો આ મતદાન ડર અને અસુરક્ષાને કારણે થયું હશે, તો તે સત્તાધારી પક્ષને ફાયદો કરાવી શકે છે, પરંતુ જો તે ક્રોધ અને પરિવર્તનની ઈચ્છાથી પ્રેરિત હશે, તો બંગાળની સત્તાના સમીકરણો ચોક્કસપણે બદલાશે.પરિણામ ગમે તે આવે, પણ આ ચૂંટણી લોકશાહીમાં 'મતાધિકારની તાકાત'નું ઉત્કૃષ્ટ ઉદાહરણ બની રહેશે.

# કચ્છમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો પ્રચંડ પ્રચાર આજે થંભશે

**લોકશાહીના પર્વ પૂર્વેની અંતિમ તૈયારીઓ તેજ : પડદા પાછળની વ્યૂહરચનાઓ અને ગણિતો મંડાવવાના થશે શરૂ : જાહેર સભાઓ અને લાઉડ સ્પીકર પર પ્રતિબંધ: ઉમેદવારો હવે માત્ર ડોર-ટુ-ડોર જનસંપર્ક કરી શકશે**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીને લઈને છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલો ચૂંટણીલક્ષી શોરબકોર આજે સાંજથી શાંત થઈ જશે. લોકશાહીના આ મહાપર્વમાં જિલ્લા પંચાયત, નવ તાલુકા પંચાયતો, ગાંધીધામ મહાનગરપાલિકા અને પાંચ નગરપાલિકાઓ માટે મતદાન થવાનું છે. નિર્ધારિત સમય મર્યાદા મુજબ આજે સાંજના પાંચ વાગ્યાથી સાર્વજનિક પ્રચાર-પ્રસાર પર કાયદાકીય રોક લગાવી દેવામાં આવશે, જેને પગલે હવે તમામ રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ પોતાની પૂરી તાકાત એડીચોટીનું જોર લગાવીને મતદારોને રીઝવવા માટે કામે લગાડી દીધી છે. પ્રચારના પડઘમ શાંત થયા બાદનો સમયગાળો રાજકીય પરિભાષામાં 'કતલની રાત' તરીકે ઓળખાય છે, જેમાં પડદા પાછળની વ્યૂહરચનાઓ અને ગણિતો મંડાવવાના શરૂ થશે.

ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર, પ્રચારનો સમય પૂર્ણ થતાં જ જાહેર સભાઓ, રેલીઓ, રોડ-શો અને લાઉડ સ્પીકર દ્વારા કરવામાં આવતા પ્રચાર પર સદંતર પ્રતિબંધ આવી જશે. આ આચારસંહિતાના અમલીકરણ સાથે જ જે-તે વિસ્તારના ન હોય તેવા બહારના રાજકીય કાર્યકરો અને અગ્રણીઓએ પણ મતવિસ્તાર છોડવો પડશે. શુક્રવાર સાંજ પછી ઉમેદવારો માત્ર વ્યક્તિગત રીતે મતદારોના ઘરે જઈને અથવા નાના જૂથોમાં સામાજિક મુલાકાતો દ્વારા સંપર્ક કરી શકશે. આ વખતે કચ્છમાં કુલ ૧૦૯૦ ઉમેદવારો મેદાનમાં છે, જેમના ભાવિનો ફેંસલો ૧૪ લાખથી વધુ મતદારો કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૪૪૮ બેઠકોમાંથી ૨૬ બેઠકો પર બિનહરીફ વરણી થઈ ચૂકી હોવાથી બાકીની બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષો વચ્ચે રસાકસીભર્યો જંગ જોવા મળી રહ્યો છે.

શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સુરક્ષાના સઘન પ્રબંધો કરવામાં આવ્યા છે. પોલીસ તંત્ર દ્વારા સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકોની ઓળખ કરી ત્યાં વિશેષ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. અસામાજિક તત્વો પર લગામ કસવા માટે ફૂટ પેટ્રોલિંગ, શંકાસ્પદ વાહનોનું ચેકિંગ અને પરવાનાવાળા હથિયારો જમા લેવાની કાર્યવાહી વેગવંતી બનાવવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ પ્રશાસન બાજ નજર રાખી રહ્યું છે. તંત્ર દ્વારા મતદારોને કોઈ પણ પ્રકારના ડર કે પ્રલોભન વગર પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. અગાઉ ૬ એપ્રિલના રોજ ચૂંટણીના જાહેરનામાની પ્રસિદ્ધિ સાથે શરૂ થયેલી આ પ્રક્રિયા હવે તેના નિર્ણાયક તબક્કે પહોંચી છે.

## આદિપુરના ચકચારી આગજનીના કેસમાં મુખ્ય આરોપીને ૩ વર્ષની જેલની સજા

ગાંધીધામ - કચ્છઉદય : આદિપુર શહેરમાં વર્ષ ૨૦૨૧માં બનેલી ઘર પર હુમલો અને આગજનીની એક ગંભીર ઘટનામાં ગાંધીધામ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે.

આ કેસની વિગતો મુજબ, ગત ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ફરિયાદી દીપકભાઈ બ્રહ્માનંદ માણેકે આદિપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે આરોપી કૃષ્ણા ઉર્ફે કુણાલ ઉર્ફે કુનાલ ભીલ (રાણા) એ અગાઉની અદાવત રાખીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ મોડી રાત્રે આરોપી કૃષ્ણાએ તેના સાથીદાર દીપક ઉર્ફે સસલો અશોકભાઈ રાઠોડ સાથે મળીને ફરિયાદીના મકાનને નુકસાન પહોંચાડવાના ઈરાદે બારીમાં કેરોસીન જેવો જ્વલનશીલ પદાર્થ છાંટી દિવાસળી ચાંપી આગ લગાવી દીધી હતી. આ હુમલામાં આશરે પાંચ હજાર રૂપિયાનું નુકસાન થયું હતું.

આ મામલે પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી ગુનાની તપાસ પૂર્ણ કર્યા બાદ ગાંધીધામ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. બંને પક્ષોની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને રાખીને સેશન્સ જજ એ.એમ. મેમણે મુખ્ય આરોપી કૃષ્ણા ઉર્ફે કુણાલ ભીલને તકસીરવાન ઠેરવ્યો હતો. કોર્ટે આ આરોપીને ૩ વર્ષની સાદી કેદની સજા અને ૫૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે, જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદ ભોગવવાનો હુકમ કર્યો છે. જ્યારે અન્ય આરોપી દીપક ઉર્ફે સસલો અશોકભાઈ રાઠોડ વિરુદ્ધ પૂરતા પુરાવા ન મળતા કોર્ટે તેને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ એસ.જી. રાણાએ દલીલો રજૂ કરી હતી.

## ગાંધીધામ - પુરી ટ્રેન પુરીના બદલે સાક્ષીગોપાલ સ્ટેશન પર ઉભી રહેશે

ભુજ - કચ્છઉદય : મુસાફરોની સુવિધા અને રેલવે અવસંરચના ને સુદ્રઢ કરવાના ઉદેશ્યથી પૂર્વ તટ રેલવે દ્વારા ખુરદા રોડ મંડળ હેઠળ પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશન કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કાર્ય હેઠળ સ્ટેશન યાર્ડમાં બેલેસ્ટલેસ ટ્રેક બિછાવવા તથા પ્લેટફોર્મ સંખ્યા ૭ અને ૮ના નિર્માણ માટે આશરે ૬૦ દિવસનો બ્લોક લેવામાં આવ્યો છે. આને કારણે ગાંધીધામ - પુરી એક્સપ્રેસ ટ્રેન સંખ્યા ૧૨૯૯૩ ૨૪ એપ્રિલ, ૧ અને ૮ મે ૨૦૨૬ના તથા ટ્રેન સંખ્યા ૧૨૯૯૪ પુરી - ગાંધીધામ એક્સપ્રેસને તા. ૨૭ એપ્રિલ, ૪ અને ૧૧ મે ૨૦૨૬ના રોજ સાક્ષીગોપાલ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ / શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે. ટ્રેન ૨૨૯૭૩ ગાંધીધામ - પૂરી એક્સપ્રેસને ૨૯ એપ્રિલ, ૬ અને ૧૩ મેના તથા ટ્રેન સંખ્યા ૨૨૯૭૪ પુરી – ગાંધીધામ એક્સપ્રેસને તા. ૨૫ એપ્રિલ, ૨, ૯ અને ૧૬ મેના સાક્ષીગોપાલ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ / શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે, જેની નોંધ યાદીમાં જણાવ્યું છે.

## રાપરમાંથી અપહરણ કરાયેલા યુવાનને મુક્ત કરાવી ચાર શખ્સોને પકડી લેવાયા

**પોલીસે જંગલ વિસ્તારને કોર્ડન કરી તાત્કાલિક કાર્યવાહી કરી**





રાપર - કચ્છ ઉદય : શહેરમાં સેલારી નાકા ખાતેથી યુવાનનું ચાર અજાણ્યા ઈસમો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. બળજબરીથી બાઈકમાં બેસાડી ડાભુંડા ગામ તરફ લઈ ગયા હતા. રાપર પોલીસે તાત્કાલિક ટીમો બનાવી અને જાણવા મળ્યું કે, યુવકને વસાવાંઢ તથા ત્રિકમસાહેબના વીરડાની વચ્ચે આવેલ વેરાન તેમજ જંગલ વિસ્તારમાં લઈ ગયા છે. જેથી ચારેય બાજુથી વિસ્તારને કોર્ડન કરી અપહરણ કરાયેલા યુવાનને છોડાવી ચારેય શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમાં દિનેશ હરી કોલી, રામજી કલુ કોલી, હરેશ કરશન કોલી, પ્રકાશ બાબુભાઈ બોરીચાનો સમાવેશ થાય છે. આરોપીઓએ પોતાની બહેનને મેસેજ કરવા બાબતેની શંકા રાખી યુવાનનું અપહરણ કર્યું હતું. પોલીસે બે બાઈક, ત્રણ મોબાઈલ, છરી અને પાઈપ કબજે કર્યો છે. આ કામગીરીમાં પીઆઈ આર.એલ. ખટાણા સામે પીએસઆઈ વી.એ. ઝા, એચ.વી. કાતરીયા તથા પોલીસ સ્ટાફ જોડાયો હતો.

## ગાંધીધામમાં લોજિસ્ટિકના ગોડાઉનમાંથી થયેલી ચોરીમાં ત્રણ શખ્સો પકડાયા




ગાંધીધામ - કચ્છ ઉદય: શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તાજેતર માં ચોરીનો ગુનો દાખલ થયો હતો. સુભાષ નગરની બાજુમાં આવેલ ગુરુદ્વારાની બાજુમાં શિપ લોકલ લોજિસ્ટિક કંપનીના ગોડાઉનની પાછળનું શટરનું લોક તોડી અંદર પ્રવેશ કરી રોકડા રૂા.૪,૫૯,૭૭૪ તથા ડોક્યુમેન્ટની ચોરી કરવામાં આવી હતી. જે અંગે એ-ડિવિઝનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. આ બનાવમાં એલસીબીએ તપાસ કરીને કિડાણા પાસેથી આરોપીને ઝડપી લીધા હતા. જેમાં કિડાણાના સિરાજ અકબર પઠાણ, સમીર નુરમામદ મથડા અને મેઘપર (બોરીચી)ના સુમિત ભરતભાઈ રાણાની અટક કરવામાં આવી હતી. રોકડા રૂા.૪૨,૯૦૦, ૧૫,૫૦૦ના ચાર મોબાઈલ તેમજ ૩૦ હજારની બાઈક કબજે કરવામાં આવી હતી. આરોપી સમીર અને સુમિત સામે અગાઉ પણ ગુના નોંધાયેલા છે.

## આડેસર અને ગાગોદર પોલીસ દ્વારા સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લેવાઈ







ગાંધીધામ - કચ્છ ઉદય : ચૂંટણી અનુસંધાને આડેસર પોલીસ દ્વારા આડેસર, ભીમાસર, સણવા સહિતના વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સંવેદનશીલ મતદાન મથકો પર વધારે બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ગાગોદર પોલીસ દ્વારા કીડિયાનગર, ચિત્રોડ, કુંભારીયા વગેરે ગામોમાં ફુટ પેટ્રોલિંગ કરાયું હતું.

## ભચાઉ જુનાવાસ અને આશાપુરાવાસમાં લાગેલી આગ ૧ કલાકે કાબૂમાં આવી

**નવાગામમાં પાણીના ટાંકામાં પડી ગયેલી ગાયને બહાર કઢાઈ : ઝીંકડી ગામે ગૌશાળાની બાજુમાં ઝાડીમાં લાગેલી આગ ફાયર વિભાગ દ્વારા આગ બૂઝાવાઈ**






ભુજ - કચ્છઉદય : ગુરૂવારે બપોરે ૨ વાગ્યાની આસપાસ ભચાઉ નગર પાલિકા ફાયર ટીમને કોલ આવતા કે ભચાઉના નવાગામ પાસે નર્સરીના પાણીના ટકામાં ગાય પડી ગયેલ છે. ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને લોડર દ્વારા ગાયને સહી સલામત બહાર નીકાળેલ હતી. ૩:૩૦ કલાકે બીજો કોલ આવતા કે ભચાઉના જૂનાવાળા વિસ્તારમાં કચરાના ઢગલામાં આગ લાગી છે. ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને ૧ કલાક સતત પાણી મારો ચલાવી ને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ત્રીજો કોલ ૭:૩૦ કલાકે આવ્યો હતો કે, આશાપુરા વાસમાં એક પ્લોટમાં ઝારી ઝાંખરામાં આગ લાગી છે. ભચાઉ ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને ૧ કલાકથી પણ ટૂંકા સમય ગાળામાં આગ પર કાબૂ મેળવ્યો હતો કામગીરીમાં પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ જોડાયા હતા. તો ભુજ ફાયર વિભાગની ટીમને સાંજે ૭:૨૦ કલાકે ટેલિફોન દ્વારા જાણ થતા ઝીકડી ગામના ગૌશાળાની બાજુમાં જાડી જાખડામાં આગ લાગે છે તો ભુજ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચેલ અને આગ બુઝાવાની કામગીરી કરેલ હતી. કામગીરીમાં ફાયર સ્ટાફના ભાવેશભાઈ માતંગ, હિરજી રબારી, કરણ જોશી અને શિવરાજ સિંહ રાણા જોડાયા હતા.

## ગાંધીધામ ખાતે ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ટુર્નામેન્ટની સિલેક્શન નેટનું આયોજન

ગાંધીધામ - કચ્છઉદય : સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. રાજકોટ દ્વારા આયોજિત ઈન્ટર ડિસ્ટ્રીક્ટ અંડર ૧૪, ૧૬ અને ૧૯ની કચ્છ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન ગાંધીધામની ટીમ માટે સિલેક્શન નેટ તા.૨૫ અને ૨૬ એપ્રિલના દિલ્હી પબ્લિક સ્કૂલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રાખવામાં આવેલ છે. જે ક્રિકેટ ખેલાડીઓને સિલેક્શન નેટમાં ભાગ લેવાનું હોય એમણે જન્મ પ્રમાણપત્રની ઝેરોક્ષ, ૨ ફોટા, આધારકાર્ડની ઝેરોક્ષ, ક્રિકેટ ડ્રેસ, ક્રિકેટ કીટ અને ૩૦૦ રૂપિયા ફીસ સાથે તા.૨૫-૪ના બપોરે ૩ વાગ્યે ડીપીએસમાં હાજર રહેવા જણાવાયું છે.અંડર-૧૪માં ૧-૯-૨૦૧૨ થી ૩૧-૮-૨૦૧૪ની વચ્ચે, અંડર-૧૬માં ૧-૯-૨૦૧૦ થી ૩૧-૮-૨૦૧૪ની વચ્ચે અને અંડર-૧૯માં ૧-૯-૨૦૦૭ પછી જન્મેલા ખેલાડીઓ સિલેકશનમાં ભાગ લઈ શકશે. સિલેક્શન કમિટીના ચેરમેન ચંદ્રશેખરભાઈ અયાચી, સંજયભાઈ ગાંધી, સુરોજીતભાઈ ચક્રબોર્તી, શરદભાઈ શેટ્ટી, મુકેશભાઈ દુધૈયા, અશ્વિની કચ્છાવા, કૈલાશ ગોહિલ, લાલ નાવાણી, સંદિપ ધનોતા, હરેન્દ્ર જાડેજા, હનુવંત રાઠોડ સેવા આપશે. વધુ વિગતો માટે શરદભાઈ શેટ્ટી અને લાલ નાવાણીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## બાળકની અંદર રહેલી અજાણી શક્તિઓને ઓળખવાની અનોખી તક

ગાંધીધામ : અંજાર અને ગાંધીધામ વિસ્તારમાં, ઇન્ટીટી ઓર્ગેનાઇઝેશન, આર્ટ ઓફ લીવીંગ ફાઉન્ડેશન, ગ્લોબલ નોનપ્રોફીટ ઓર્ગેનાઇઝેશન દ્વારા બાળકો માટે એક વિશેષ ઈન્ટ્યુશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજના સમયમાં બાળકોમાં વધતાસ્પર્ધાત્મક દબાણ અને ડિજિટલ વ્યસ્તતા વચ્ચે, તેમના સર્વાંગી વિકાસ માટે આ પ્રોગ્રામ એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહ્યો છે. આ પ્રોગ્રામમાં બાળકોને સરળ અને પ્રેક્ટિકલ રીતોથી પોતાની અંદર રહેલી intuitional શક્તિઓને ઓળખતા અને વિકસાવતા શીખવવામાં આવે છે. આ સાથે તેમની એકાગ્રતા, આત્મવિશ્વાસ અને શીખવાની ક્ષમતા પણ સ્વાભાવિક રીતે વધે છે.શ્રી શ્રી રવી શંકર, ફાઉન્ડર ઓફ આર્ટ ઓફ લીવીંગના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ પ્રોગ્રામમાં બાળકોને ધ્યાન, મનોવિજ્ઞાન અને પ્રેરણાદાયક પ્રવૃત્તિઓ દ્વારા નવી દિશા આપવામાં આવે છે. સ્થળ: અંજાર અને ગાંધીધામ, ગાંધીધામ: ૧ મે થી ૪ મે,અંજાર: ૨૩ એપ્રિલ થી ૨૬ એપ્રિલ આ પ્રોગ્રામ માતા-પિતાઓ માટે એક સારો અવસર છે, જ્યાં તેઓ પોતાના બાળકના સર્વાંગી વિકાસ માટે યોગ્ય દિશા પસંદ કરી શકે છે. બાળકોમાં એકાગ્રતા, આત્મવિશ્વાસ અને ઝડપી શીખવાની ક્ષમતામાં વધારો લાવવા માટે આ પ્રોગ્રામ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

## મતદાનના દિવસે કર્મચારીઓ-કામદારોને ખાસ રજા આપવા જિલ્લા કલેક્ટરનો હુકમ

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના પરિપત્ર મુજબ આગામી મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની સામાન્ય - પેટા ચૂંટણી અન્વયે તા.૨૬/૪ના રોજ મતદાન યોજાનાર છે.

તા.૨૬/૪ના રોજ મતદાનના દિવસે રવિવાર હોવાથી મહાનગરપાલિકા, નગર પાલિકાઓ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં જાહેર રજા હોય છે, પરંતુ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ રેલવે, ટેલીફોન, હોસ્પિટલ, પોલીસ સ્ટેશન, ફાયર બ્રિગેડ, પોસ્ટ ઓફિસ વગેરે તેમજ દુકાનો અને વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, ફેક્ટરીઓ આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ - કચેરીઓ રવિવારના દિવસે પણ ચાલુ હોય છે, જેથી મતદાન યોજનાર વિસ્તારોમાં આવેલી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કચેરીઓ જેવી કે, રેલવે, ટેલીફોન, હોસ્પિટલ, પોલીસ સ્ટેશન, ફાયર બ્રિગેડ, પોસ્ટ ઓફિસ વગેરે તેમજ દુકાનો અને વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, ફેક્ટરીઓ આવશ્યક સેવાઓ આપતી અન્ય સંસ્થાઓ - કચેરીઓ રવિવારના દિવસે પણ કામ ચાલુ રાખતી હોઈ આ સંજોગોમાં આવી કચેરીઓ, સંસ્થાઓના કર્મચારીઓ, કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાનના દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી, કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવા અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં, બદલીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. મતદાન કરી શકે તેવા કર્મચારી તેઓના મતદાર વિભાગની બહાર કામ કે નોકરી કરતા હોય તેઓને ઉપર મુજબની જરૂરી સેવા પુરી પાડવાની રહેશે તેમ કલેક્ટર આનંદ પટેલ દ્વારા હુકમ બહાર પડાયો છે.

## કચ્છ જિલ્લા ખર્ચ ઓબ્ઝર્વર તરીકે તરાલ ફ્રેડા રમેશભાઇની નિમણૂક

ભુજ - કચ્છઉદય : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત કચ્છ જિલ્લામાં યોજાનારી જિલ્લા પંચાયત મતદાર મંડળ, તાલુકા પંચાયત મતદાર મંડળ અને નગરપાલિકા તથા મહાનગર પાલિકાની ચૂંટણી માટે ખર્ચ ઓબ્ઝર્વર તરાલ ફ્રેડા રમેશભાઈ, સહાયક રાજ્યવેરા કમિશ્નર, સહાયક રાજ્યવેરા કમિશ્નરની કચેરી, અમદાવાદની નિમણૂંક કરવામાં આવી છે.


ખર્ચ ઓબ્ઝર્વર તરાલ ફ્રેડા રમેશભાઈનો મોબાઈલ નંબર ૯૬૦૧૬ ૧૨૪૮૫ છે. ખર્ચ ઓબ્ઝર્વરના લાયઝન અધિકારી તરીકે નરેન્દ્રકુમાર માકાસણા, રાજ્યવેરા અધિકારી, સહાયક રાજ્ય વેરા કમિશ્નર કચેરી, ભુજ, મોબાઈલ નંબર. ૯૭૨૭૬ ૧૫૮૧૫ તથા મદદનીશ લાયઝન અધિકારી તરીકે તસ્લીમ સુમરા, રાજ્ય વેરા નિરીક્ષક, સહાયક રાજ્ય વેરા કમિશ્નરની કચેરી, ભુજ, મોબાઈલ નંબર ૯૯૦૪૧ ૩૦૪૯ રહેશે.

## આદિપુર પોલીસે ૨૦ હજારનો દારૂ પકડયો



ગાંધીધામ - કચ્છ ઉદય : આદિપુર પોલીસ સ્ટેશનમાં આવતા મણી નગર વિસ્તારમાંથી દારૂ ઝડપી લેવામાં આવ્યો હતો. આ અંગે મળતી વિગતો મુજબ પોલીસે વ્હિસ્કીના ૧૫૩ ક્વાર્ટરીયા કબજે કર્યા હતા. ૫૦ હજારની ગાડી મળી ૭૦ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. મેઘપર (બોરીચી)ના શ્યામ ગઢવી અને મણીનગરના રોહિત હીરજી બારોટ હાજર મળી આવ્યા ન હતા. જેથી આદિપુર પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

## દારૂ અને ડ્રગ્સના ગુનામાં આરોપીને હદપાર કરાયો




ગાંધીધામ - કચ્છ ઉદય : આદિપુરમાં મુન્દ્રા સર્કલ પાસે રહેતા રવીભાઈ મુનાભાઈ વડેચા સામે એનડીપીએસ અને દારૂના ગુના નોંધાયેલા હોઈ આદિપુર પોલીસ દ્વારા હદપારની દરખાસ્ત કરવામાં આવી હતી. જેને પ્રાંત અધિકારીએ મંજૂરી આપતા કચ્છ અને આસપાસના જિલ્લાઓમાંથી બે મહિના માટે હદપાર કરાયો છે.

## લાકડીયા પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ કરાયું



ગાંધીધામ - કચ્છઉદય : આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીને અનુલક્ષીને કાયદો - વ્યવસ્થા જાળવવા માટે લાકડીયા પોલીસ દ્વારા પીઆઇ સી.એસ. કુગસીયાના વડપણ હેઠળ લાકડીયા, શિવલખા, વસવટવા, ઘરાણા, કટારીયા, રાજણસર, ચાંદ્રોડી સહિતના ગામોમાં ફુટ પેટ્રોલીંગ કરવામા આવ્યું હતું જેમાં પોલીસ તથા જીઆરડીના જવાનો જોડાયા હતા.

**જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર રમેશભાઈ ડી. કાનાબાર, રહે. ભુજ-કચ્છ આથી લાગતા વળગતાઓને તેમજ સગા સબંધીઓને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે, મારો પુત્ર નામે ભાર્ગવ આર. કાનાબાર કે જે બાર ગામ રહેતો હોય પોતાની રીતે રહે છે આથી અમો જણાવીએ છીએ કે તે અમારા કહ્યામાં નથી. જેથી કોઈ પણ વ્યક્તિએ મારા પુત્ર સાથે આર્થિક તેમજ સામાજિક વ્યવહાર કરવો નહીં. જો કોઈ વ્યક્તિ મારા પુત્ર નામે ભાર્ગવ આર. કાનાબાર સાથે આર્થિક તેમજ સામાજિક વ્યવહાર કરશે તો તેની તમામ જવાબદારી તેઓની અંગત રહેશે. તેમજ મારી તમામ મિલકતમાં પણ મારા પુત્રને બેદખલ કરૂં છું અને મારી કોઈ જંગમ કે સ્થાવર મિલકતો માં હક્ક હિસ્સો રહેશે નહીં. અત્યાર સુધીમાં કોઈએ પણ કરેલ વ્યવહાર તેમનો અંગત મામલો રહેશે અમારી કોઈ જવાબદારી નથી. જેથી લાગતા વળગતા તેમજ સગા સંબંધીઓ જેની નોંધ લેવી.
ભુજ-કચ્છ.
તા.૨૩/૦૪/૨૦૨૬
અમારી મારફતે :-
ગૌતમ એન. દુલેરા (એડવોકેટ)
રહે. ૧૧ - ત્રીજો માળ, ફાલ્ગુન એપાર્ટમેન્ટ,
વિરામ હોટલની સામે, જ્યુબિલી ગ્રાઉન્ડની બાજુમાં,
ભુજ-કચ્છ. મો. ૯૮૨૪૮૧૭૭૭
NEWS PAPER

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# કચ્છ જિલ્લા પંચાયતની નખત્રાણા તાલુકાની ચાર બેઠક ઉપર કમળ ખીલશે






## કચ્છ પ્રભારી ફલજી ચૌધરીએ કચ્છના બારડોલી તરીકે ઓળખાતા પંથકમાં ભાજપ તરફી પ્રચંડ લોકજુવાળ જોવા મળ્યાનો વ્યક્ત કર્યો વિશ્વાસ : લોકો ફરી વખત વિકાસને તક આપી કમળને ખીલવશે : પ્રદ્યુમનસિંહ જાડેજા : નખત્રાણા સહિત કચ્છની સ્થાનિક સ્વરાજ્યોની સંસ્થાઓમાં ભાજપની જંગી જીત નિશ્ચિત : દેવજીભાઈ વરચંદ

નખત્રાણા - કચ્છ ઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન કચ્છ જિલ્લા ભાજપના અધ્યક્ષ કચ્છ પ્રભારી ફલજીભાઈ ચૌધરી, અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા નખત્રાણા તાલુકા તેમજ કચ્છ જિલ્લા પંચાયતની ચારે ચાર બેઠકો ઉપર કમળને ખીલવવા માટે પ્રચાર પૂર જોશમાં શરૂ કરાયો છે. પ્રચાર દરમિયાન કચ્છ જિલ્લા પંચાયતની ચાર બેઠકો તેમજ તાલુકા પંચાયતની તમામ બેઠકો ઉપર લોકોનો પ્રતિસાદ મળી રહ્યો છે. લોક સંપર્ક કાર્યક્રમ દરમિયાન કચ્છ પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વર્તમાન સરકારે કરેલા કામોની કદર મતદારો કરશે અને તે દરમિયાન આગામી સમયમાં પણ ભાજપ સરકારના નેતૃત્વ હેઠળ અનેક વિકાસકામોની તક ખુલશે. વર્તમાન સરકારની દેનથી રોજગારીની પણ ઉત્તમ તકો ઊભી થઈ છે. ગામડાનો એક પણ રોડ બાકી રહ્યો નથી ત્યારે લોકો પણ વિકાસ સામું જોશે એમાં બે મત નથી. કોંગ્રેસે વર્તમાન સમયમાં એક પાંચ લાખ રૂપિયાનું વિકાસકામ કર્યું હોય તો બતાડે વિકાસરૂપી ગાડીમાં ખરા અર્થમાં પશ્ચિમ કચ્છનો કલ્પ થઈ રહ્યો છે.

આ પ્રચાર દરમિયાન ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ કહ્યું હતું કે, માત્ર વાતો કરી અને પ્રજાને ગુમરાહ કરવા સિવાય કોંગ્રેસે કોઈ જ કામ કર્યું નથી. ચૂંટણી ટાણે દેખાતા તક સાધુઓને ઓળખી લેવાનો સમય આવી ગયો છે, જો વિકાસ કર્યો હોત તો આટલા વર્ષ શાસન દરમિયાન પ્રજાએ જાકારો શા માટે આપ્યો. આજે ભારતીય જનતા પક્ષના નેતૃત્વ હેઠળ કરડો નહીં પરંતુ અબજોના ખર્ચે સ્થાનિક ઊભી કરવા ગામડાઓ, શહેરો અને નગરોમાં લોકોની સુખાકારી માટે સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે જે નજર સમક્ષ દેખાય છે, તે યોજનાઓનો લાભ નાનામાં નાનો માણસ લઈ રહ્યો છે.

જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, આઠ વર્ષ દરમિયાન ભાજપ દ્વારા કરાયેલા વિકાસકામોની ફળશ્રુતિમાં લોકો ભાજપને મત આપશે. નખત્રાણા તાલુકામાં ભાજપે કરોડો રૂપિયાની ગ્રાન્ટો ફાળવી છે. વિવિધ વિકાસકામોને જોઈને પ્રજા ભાજપના કમળને ખીલવશે અને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ઉપર કમળનું સામ્રાજ્ય છવાશે તેવું વધુમાં ઉમેર્યું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન અબડાસા વિધાનસભા વિસ્તારમાં આવતા નખત્રાણા તાલુકા વિસ્તારમાં આવેલા નેત્રા નિરોણા, વિથોણ, કોટડા, જડોદર જિલ્લા પંચાયત વિસ્તારમાં આવતા ગામોમાં અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સાથે જિલ્લા પંચાયતના ઉમેદવારો તાલુકાના કાર્યકરો તાલુકા પંચાયતની સીટના ઉમેદવારો તેમજ તાલુકા ભાજપના પ્રમુખ ધર્મેશ કેસરાણી, મહામંત્રી હરિસિંહ રાઠોડ, રાજુભા જાડેજા, ઘનશ્યામસિંહ જાડેજા, મોહનભાઈ ચાવડા, બહાદુરસિંહ જાડેજા, દિનેશભાઈ રૂડાણી, ભરત સોમજીયાણી તાલુકા ભાજપની ટીમ સહિતના સાથે જોડાઈ તાલુકા વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર રાત્રિ સભા વખતે પ્રચાર કર્યો હતો અને લોકોને ભાજપ તરફ મતદાન કરવા અપીલ કરી હતી. નિરોણા જિલ્લા પંચાયતની મધ્યસ્થ કાર્યાલય નેત્રા જિલ્લા પંચાયતની મધ્યસ્થ કાર્યાલય કોટડા જડોદરની મધ્યસ્થ કાર્યાલય તેમજ વિથોણ ખાતે જિલ્લા પંચાયતની મધ્યસ્થ કાર્યાલયના શુભારંભ પ્રસંગે વિસ્તારમાં આવતા ગામોના લોકો જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી કમળ તરફી જન સમર્થન જોવા મળ્યો હતો.

આ પ્રસંગે નિરોણા જિલ્લા પંચાયતના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજા તથા તલ તાલુકા પંચાયના ઉમેદવાર જ્યોતિબા રણજિતસિંહ સોઢા સાથે જનતા વચ્ચે જઈ લોકસંપર્ક કર્યો હતો. ફુલાય ગામે મળેલ ઉત્સાહ અને જનસમર્થન ભાજપના ભવ્ય વિજય માટે મજબૂત દિશા દર્શાવે છે. આ પ્રસંગે નિરોણા જિલ્લા પંચાયતના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજા તથા નિરોણા તાલુકા પંચાયતના ઉમેદવાર જેસંગભાઈ આહીર સાથે જનતા વચ્ચે જઈ લોકસંપર્ક કર્યો. મળેલ ઉત્સાહ અને જનસમર્થન ભાજપના ભવ્ય વિજય માટે મજબૂત દિશા દર્શાવે છે.

પ્રચાર દરમિયાન હિતેશભાઈ ખંડોર, બહાદુરસિંહ જાડેજા, સરોજબા જાડેજા, રાજુભા જાડેજા, ધર્મેશ કેસરાણી, ચેતનભાઇ ઠક્કર, કલ્પેશભાઈ, જયેન્દ્રસિંહ જાડેજા, જીતુભા જાડેજા, કરસનજી જાડેજા, ઘનશ્યામભાઈ ગરબા, દિનેશભાઈ વાઘેલા, રવિ રાણા રબારી, ઘનશ્યામસિંહ જાડેજા, પ્રફુલ હિતેશ પાંચાણી, મોહન આહીર, દિનેશભાઈ રૂડાણી, રતિલાલભાઈ ખેતાણી, બચુભાઈ નાયાણી, બાબુભાઈ ચોપડા, હંસરાજભાઈ કેસરાણી, જયસુખભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, ખેંગારભાઈ રબારી સહિતના તેમજ જિલ્લા પંચાયત ચાર સીટના ઉમેદવારો તાલુકા પંચાયતના તમામ ઉમેદવારો તેમજ સ્થાનિક ગ્રામજનોના સરપંચો વિવિધ સ્થળે યોજાયેલી સભાઓમાં હાજર રહ્યા હતા. સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી હરિસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યા હતા.

## આપના નખત્રાણા પ્રમુખ ભાજપમાં જોડાયા



ભાજપના રાષ્ટ્રહિત અને જનહિતથી નીતિથી પ્રેરિત થઈ નખત્રાણા તાલુકાના આમ આદમી પાર્ટીના પ્રમુખ વસંતભાઈ કેસરાણી ભાજપમાં જોડાયા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે ખેસ પહેરાવી આવકાર આપ્યો હતો. આ ઉપરાંત કચ્છ પ્રભારી ફલજી ચૌધરી, મહામંત્રી હિતેષ ખંડોલ, તાલુકા પ્રમુખ ધર્મેશ કેસરાણી, મહામંત્રી હરીસિંહ રાઠોડ વગેરેએ આવકાર આપ્યું હતું.

# ભાજપની નલિયાની જન સમર્થન સભામાં ઉમટયો માનવ મહેરામણ








## જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, મહામંત્રી હિતેશ ખંડોર અને જીલ્લા - તાલુકા પંચાયતના ઉમેદવારો સહિત અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

નલિયા : જીલ્લા અને તાલુકા પંચાયત ઉમેદવારોના પ્રચારાર્થે નલિયા ખાતે યોજાયેલી ભાજપની જન સમર્થન સભામાં રીતસરનો માનવ મહેરામણ ઉમટયો હતો.

નલિયાના બજાર ચોક ખાતે ભાજપ દ્વારા જીલ્લા પ્રમુખ દેવજીભાઈ વરચંદના અધ્યક્ષસ્થાને યોજાયેલી તાલુકા અને જીલ્લા પંચાયત ઉમેદવારોના પ્રચારાર્થે યોજાયેલી જન સમર્થન સભામાં તાલુકા ભરમાંથી માનવ મહેરામણ ઉમટયો હતો.સભા અગાઉ ભાજપ કાર્યાલયથી સભા સ્થળ બજાર ચોક સુધી વિશાળ રેલી યોજાઈ હતી જે સભા સ્થળે પહોંચ્યા બાદ દિપ પ્રાગટય સાથે સભાની શરૂઆત થઈ હતી. શાબ્દીક સ્વાગત તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજાએ કરી સૌને આવકાર આપ્યો હતો.

આ પ્રસંગે વક્તવ્ય આપતા જીલ્લા ભાજપ પ્રમુખે ભાજપ ખટપટ નહીં પણ વિકાસની રાજનીતી કરે છે તેમ જણાવી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરવા સ્થાનિક સ્વરાજ્યની હાલની ચુંટણીમાં કમળ ખીલવી વિકાસધારાને અવિરત રાખવા અપીલ કરી હતી.તેમણે દેશની યશગાથા વર્ણવી દેશની સુરક્ષા અને સંરક્ષણ નીતીમાં નરેન્દ્રભાઈના સાશન બાદ ભારત આત્મ નિર્ભર બન્યું છે તેમ જણાવી ભાજપની સ્થાપનાનો હેતુ અંત્યોદયના કલ્યાણનો અને એકાત્મ માનવ દર્શનનો ગણાવ્યો હતો.કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતમાં ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગરીબોના કલ્યાણની વિવિધ યોજનઓની વાત કરી તેમણે આયુષ્યમાન કાર્ડ દ્વારા રૂ.૧૦ લાખ સુધીની મફત સારવારના લીધે અગાઉ લોકો સારવારના ખર્ચામાં પાયમાલ થતા હતા તેના સામે રક્ષણ મળેલ છે તેની વાત કરી હતી.પી.એમ.આવાસા યોજના દ્વારા લાખો લોકોને આવાસની સુવિધા, કચ્છમાં ડેરી ઉધોગ દ્વારા લાખો લોકોને મળી રહેલી રોજગારી, પ્રવાશન વિકાસ દ્વારા સ્થાનિકોના લોકોને મળી રહેલી રોજગારી સહિતના મુદ્દાઓ વર્ણવી ભાજપની વિકાસ નીતીની માહીતી આપી હતી.

જીલ્લા ભાજપ મહામંત્રી અને ઝોન પ્રભારી હિતેશભાઈ ખંડોરે મતદાનને ૨ દિવસ બાકી છે ત્યારે ગામે-ગામ અબડાસામાં લોકોનો ઉત્સાહ જોઈ ભાજપ ૩ જીલ્લાપંચાયત અને ૧૮ તાલુકા પંચાયતમાં વિજય મેળવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.ગત વરસોની ખોટનું સાટું જનતા આ વખતની ચુંટણીમાં વાળી દેશે તેવું તેમણે જણાવ્યું હતું.

અબડાસાના સહ પ્રભારી અને ગાંધીધામ - મુંદરાના માજી ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરીએ તમામ જીલ્લા - તાલુકા પંચાયત બેઠકો પર તેઓ છેલ્લા ૧ માસથી પ્રવાસ કરી રહ્યા છે ત્યારે આ વખતે લોકોના મળી રહેલા સમર્થનને બિરદાવી તમામ ભાજપ કાર્યકરો બુથે-બુથમાં જહેમત ઉઠાવી રહ્યા છે તેમ જણાવ્યું હતું.

જીલ્લા ભાજપ મંત્રી પરેશભાઈ ભાનુશાલી, માજી તા.પં.પ્રમુખ મુળરાજભાઈ ગઢવી, સૈયદ કાદરશા બાવા, માજી જી.પં.ન્યાય સમીતી ચેરમેન પરષોત્તમભાઈ મારવાડાએ કેન્દ્ર - રાજ્ય સરકારની સિધ્ધીઓ વર્ણવી હતી.


આ પ્રસંગે જીલ્લા પંચાયત ઉમેદવારો નલીયાના મહાવીરસિંહ જાડેજા, મોથાળાના કમાભાઈ સુરાભાઈ રબારી, વાયોરના સુરજબા દેવુભા સોઢા, તા.પં.નરેડીનાના પરેશસિંહ બનુભા જાડેજા, ડુમરાના રાજેશ્રીબેન કલ્યાણ ગઢવી, ખીરસરા-કોઠારાના શફીનાબેન અબ્દુલ સુમરા, મોથાળાના કનૈયાગર નારાણગર ગોસ્વામી, વરાડીયાના હીરબાઈ ડાડાભાઈ, વિંઝાણના શાફીયા હમીદ હિંગોરા, ભાનાડાના રીટાબા તખુભા જાડેજા, જખૌના રીટાબેન તરૂણગર ગોસ્વામી, કોઠારાના વિનોદ મનજી દરજી, નલીયા-૧ ના નંદીનીબેન વાલજી સોલંકી, નલીયા-૨ના શેનાઝ ઈરફાન મોકરશી, સુથરીના તૌશીફ મામદ સંઘાર, બાંડીયાના જયેન્દ્રસિંહ કે.જાડેજા, બેર મોટીના હારૂન અલીમામદ હાલેપોત્રા, બિટ્ટાના આલમ કમજી ભેડી, રામપર-અબડાના હરેશ સામત સીજુ, તેરાના પ્રવીણ માધવજી ભાનુશાલી, વાયોરના લક્ષ્મીબા જેઠુભા પઢીયાર મંચસ્થ રહ્યા હતા.નલીયા જી.પં.ઈન્ચાર્જ વિક્રમસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ જુવાનસિંહ જાડેજા, તાલુકા ક્ષત્રિય સમાજ પ્રમુખ શૈલેન્દ્રસિંહ પી.જાડેજા, મુન્નાભાઈ જાડેજા, ભારત ગ્રુપ અ નલીયાના છત્રસિંહ જાડેજા, ગુજકોમાસોલ ડાયરેક્ટર વાડીલાલભાઈ પટેલ, નલીયા સરપંચ રામજીભાઈ કોલી, અખિલ કચ્છ કોલી સેનાના પ્રમુખ વિજયભાઈ કોલી, મયુરસિંહ જાડેજા, ચકુભા જાડેજા, મહેન્દ્રસિંઅ જાડેજા સહિત તાલુકાના વિવિધ મોરચાના પ્રમુખો, વિવિધ સમાજોના અગ્રણીઓ અને ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સભાના આયોજન માટે તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજાની આગેવાનીમાં મહામંત્રી ગોપાલભાઈ ગઢવી, વીનયભાઈ રાવલ, યુવા ભાજપ પ્રમુખ હર્ષરાજસિંહ જાડેજા સહિતનાએ જહેમત ઉઠાવી હતી.સભાનું સંચાલન મહામંત્રી ગોપાલભાઈ ગઢવીએ અને આભારવિધી મોથાળા જી.પં.ઈન્ચાર્જ નરેન્દ્રસિંહ જાડેજાએ કરી હતી. સભામાં આમ આદમી પાર્ટીના તાલુકાના મહામંત્રી જાફર જે.ગજણ ભાજપમાં જોડાતા તેમજે દેવજીભાઈ વરચંદ દ્વારા ભાજપનો ખેસ પહેરાવી આવકાર અપાયો હતો.

# કચ્છના મહારાણી પ્રીતિદેવજીના જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓની વર્ષા





## રણજીત વિલાસ પેલેસ ખાતે વિવિધ ક્ષેત્રના આગેવાનોએ ઉપસ્થિત રહી મહારાણીજીને પાઠવી શુભેચ્છા


ભુજ - કચ્છઉદય : કચ્છ, કચ્છીયત અને કચ્છીઓના હામી એવા કચ્છના મહારાણી પ્રીતિદેવીજીના ૮૯મા જન્મદિવસ નિમિત્તે તેમને ઠેર ઠેરથી શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ છે. આજે સવારે તેમના ભુજ સ્થિત નિવાસસ્થાન રણજીત વિલાસ પેલેસ ખાતે વિવિધ ક્ષેત્રના આગેવાનોએ ઉપસ્થિત રહી મહારાણી પ્રીતિદેવજીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી તેમના દિર્ઘાયુ અને તંદુરસ્ત સ્વાસ્થ્યની પ્રાર્થના કરી હતી.

રણજીત વિલાસ પેલેસ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજાએ જણાવ્યું કે, આજે કચ્છના મહારાણી પ્રીતિદેવીનો ૮૯મો જન્મદિવસ છે, જે ખૂબ જ આનંદની વાત છે. ખાસ કરીને, મહારાણી સાહેબા હંમેશા અંતિમ મહારાવ શ્રી પ્રાગમલજી ત્રીજાના સપના પૂરા કરવા માટે તત્પર રહે છે. મહારાણી સાહેબાએ શિક્ષણ, આરોગ્ય અને જીવદયાના ક્ષેત્રમાં હંમેશા પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. તેમનો એક જ ધ્યેય છે કે આ બધું કચ્છના લોકો માટે છે. મહારાવ શ્રી પ્રાગમલજી ત્રીજાના માર્ગ પર ચાલીને તેઓ કચ્છના લોકોની અપેક્ષાઓ પૂરી કરવા અને તેમને સાથ આપવા હંમેશા તૈયાર રહે છે. તેમનું માનવું છે કે કચ્છ એક અલગ અને અનોખું રાજ્ય છે, જ્યાં લોકો હંમેશા ભાઈચારા અને પ્રેમભાવથી રહે છે. મહારાણી સાહેબાની સાદગી અને કચ્છના લોકો પ્રત્યેનો તેમનો પ્રેમ ખરેખર પ્રશંસનીય છે. તેઓ હંમેશા મા આશાપુરા પાસે પ્રાર્થના કરે છે કે કચ્છના લોકો સુખ, શાંતિ અને સમૃદ્ધિ ભોગવે. હું પણ મા આશાપુરાને પ્રાર્થના કરું છું કે મહારાણી સાહેબાને દીર્ઘાયુ આપે અને તેમના બાકીના સપના પૂરા કરવાની શક્તિ આપે. વધુમાં તેમણે જણાવ્યું કે, મહારાવ શ્રી પ્રાગમલજી ત્રીજાના નિધન પછી, મહારાણી સાહેબાએ પોતાનો જન્મદિવસ ઉજવવાનું બંધ કરી દીધું છે. તેમણે કચ્છના વિકાસ માટે નરેન્દ્ર મોદી સાહેબના વિઝનને સમર્થન આપતા પોતાની ૧૧,૦૦૦ એકર ચાડવા રખાલની જમીન સરકારને સોંપી દીધી છે. જેની દેખરેખ અત્યારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ કરી રહ્યું છે. તેમનો ઉદ્દેશ્ય એ છે કે આ રખાલ હંમેશા જંગલ બની રહે અને પશુ-પક્ષીઓ તથા લુપ્ત થતા પ્રાણીઓને આશરો મળી રહે. રણજિત વિલાસ પેલેસમાં મહારાણી સાહેબ પ્રીતિ દેવીજીનો ૮૯મો જન્મદિવસ છે, તેઓ ૮૯મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે મહારાણી પ્રીતિ દેવી સ્કૂલ અને લિટલ સ્ટેપ્સ મોન્ટેસરી સ્કૂલના બાળકો મહારાણી સાહેબાને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા આવ્યા છે જે નાનપણથી આવે છે. જ્યારે મહારાવ સાહેબ હતા ત્યારે પણ આવતા અને દર વર્ષે આવે છે. સાથે શાળાના શિક્ષકો પણ આવે છે. એક બાળકનો જન્મદિવસ છે, તો મહારાણી સાહેબ દર વર્ષે તેની સાથે સેલિબ્રેટ કરે છે. તો એક બહુ જ ખુશીનો અને આનંદનો માહોલ છે. ભગવાન તેમને આશીર્વાદ આપે અને તેમને સ્વસ્થ રાખે અને આપણે દર વર્ષે આવી રીતે તેમનો જન્મદિવસ ઉજવી શકીએ તેવી લાગણી તેમણે વ્યકત કરી હતી.

આ કાર્યક્રમ વેળા રવિન્દ્ર સંઘવી, જે.જે. રાવલ સહિતના મહાનુભાવોએ મહારાણી સાહેબા દ્વારા કરાતા સેવાકીય કાર્યોની સરાહના કરી હતી. કાર્યક્રમમાં મહાનુભાવોએ અભિનંદન આપ્યા હતા. આ વેળાએ રવિન્દ્ર સંઘવી, રમેશ કારા, જોરાવરસિંહ રાઠોડ, જીતુભાઈ ધારશી, અનવર નોડે, વિપુલ દવે, જીમ્મી કતીરા, જે.જે. રાવલ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આદિપુર અને ભુજમાંથી બાઈક ચોરાઈ

ગાંધીધામ - કચ્છ ઉદય : આદિપુરમાં કપીલમુનિ આશ્રમ પાસે આવેલ ગોસ્વામી સમાજની વાડી પાસેથી બાઈક ચોરાઈ હતી. ૧૦ હજારની સ્પ્લેન્ડર બાઈક નં.જીજે૧૨ - ડીબી - ૦૨૦૮ ચોરાઈ જતા જયેશ હીરાભાઈ આહીરે ફરિયાદ નોંધાવી હતી. આ તરફ ભુજમાં દાદા-દાદી પાર્ક પાસે આવેલ આદર્શ એજન્સીની બાજુમાં રાખેલી ૩૦ હજારની એચએફ ડિલેક્સ બાઈક નં. જીજે૧૨ - સીક્યુ - ૮૦૩૭ ચોરાઈ જતા એ-ડિવિઝનમાં ગુનો દાખલ કરાયો હતો.

## મુન્દ્રામાં પરીણિતાને ત્રાસ અપાયો

મુન્દ્રા - કચ્છ ઉદય : શહેરના ઉમિયાનગરમાં રહેતા પરીણિતાને ત્રાસ અપાતા ફરિયાદ નોંધાવાઈ હતી. સુમૈયાબેને માંડવી પોલીસમાં જણાવ્યું કે, પતિ સાજીદ મામદ શરીફ લુહાર અને સાસુ શેરબાનુ મામદ શરીફ લુહારે લગ્ન જીવન દરમિયાન શક - વહેમ રાખી ત્રાસ આપી ગાળાગાળી કરી, બોલાચાલી કરી, મારકૂટ કરી હતી. આરોપીઓના ત્રાસથી ફરિયાદીએ ટાઈલ્સ ક્લિનર પણ પીધું હતું. માંડવી પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ભૂકંપમાં માતા-પિતા તથા પરિવાર ગુમાવનાર પાંચ વર્ષનો વિક્રમ આજે 30 વર્ષનો થયો



ભુજ - કચ્છઉદય : મને કાંઇ યાદ આવતું નથી... માત્ર પાંચ વર્ષની ઉંમર હતી અને ભૂકંપનાં દિવસે સાંજે ભુજનાં રેલ્વે સ્ટેશન પિટ લાઇનો છે, ત્યાં એકલો-અટુલો દેખાયો. નાનું બાળક કાંઇ સમજ નહીં. ખાસ કાંઇ બોલી ન શકે. બોલે તો કોઇ વાત સમજાય નહીં. આખોમાં દળ-દળ આસું. માતા-પિતા અને પરિવાર ને શોધી રહેલ બાળક ચારેબાજુ વિનાશ જોઇ ખૂબજ ડરી ગયેલો જોવા મળ્યો. ખતુબાઇ કોળી નામની મહિલાએ આ રડતા બાળકને જોઇ તેનાં આંસુ લુંછી તેને હાથમાં ઉંચકી પોતાનાં ઘરે લઇ આવેલ. ખૂબ જ ડરી ગયેલ બાળક કોઇ વાત સાંભળવા તૈયાર નહોતો. તેની આંખો કોઇકને શોધી રહી હતી. તે કોઇ વાત માનવા તૈયાર નહોતો. ત્યાર પછી આ મહિલાએ આ બાળકને ઉછેરવાનું શરૂ કરેલ. બે વર્ષ સુધી તેને ઉછેર્યો. પણ આ મહિલાનાં પરિવારની આર્થિક સ્થિતિ એકદમ નબળી હોતાં તેમણે માનવજ્યોતનાં પ્રબોધ મુનવર તથા રફીક બાવાનો સંપર્ક કર્યો ત્યારે આ બાળકની ઉંમર ૭ વર્ષની થઇ ચૂકી હતી.

માનવજ્યોત કાર્યાલયે આ બાળકને લાવવામાં આવ્યો અને મહિલાએ દરેક બાબત માનવજ્યોતનાં કાર્યકરોને કરી. મારાથી આ બાળક સચવાતો નથી. માનવજ્યોત સંસ્થા દ્વારા આ બાળકને સતત ત્રણ વર્ષ સુધી સંસ્થાની શાળામાં અક્ષરજ્ઞાન, શિક્ષણ માટે મોકલાવામાં આવતો પણ એને ભણવામાં બિલકુલ રસ નોતો. સંસ્થાએ બાળકને સારી સંસ્થામાં મોકલવાનું નક્કી કર્યું. પણ આ બાળક હવે કયાં પણ જવા ઇચ્છતો નહોતો. દરરોજ માનવજ્યોતની પ્રવૃત્તિઓ નજરે જોતો અને એમાં જોડાઇ જવાની ઇચ્છા વ્યક્ત કરી. અક્ષરજ્ઞાન નહતું પણ સમજદારી અને બુદ્ધિપૂર્વક આગળ વધવા લાગ્યો. અહીં તેને જમવા, સૂવા તથા દરેક પ્રકારની વ્યવસ્થાઓ કરી આપવામાં આવી.

માનવજ્યોતનાં કાર્યકરો અને ભીડગેટ વિસ્તારનાં સર્વે લોકો તેનાં મિત્રો બની ગયા. દિવસો પસાર થતા ગયા. આ બાળકનું નામ વિક્રમ પાડવામાં આવ્યું. આજે આ બાળક ૩૦ વર્ષનો થઇ ચૂકયો છે. દરેક કાર્ય ખૂબ જ સૂઝ-બુઝથી કરે છે. રોટી, કપડા ઓર મકાન, અહીં સંસ્થાએ તેને દરેક વ્યવસ્થા કરી આપી છે. સારું પાત્ર મળે લગ્ન કરવાની ઇચ્છા ધરાવે છે. ભાઇબંધોનો વિશાળ ગ્રુપ એની પાસે છે. ભીડગેટ આખા વિસ્તારમાં તે ફરી વળે છે. તેનાં મિત્ર વર્તુળો તેને જોઇતી વસ્તુઓ પૂરી પાડે છે. આજે પચ્ચીસ વર્ષ બાદ પણ તેને કાંઇ યાદ નથી. કોણ હતા તેના માતા-પિતા, કોણ હતો એનો પરિવાર. એ ભુજનો હશે કે કયાંનો હશે કોણ જાણે? પણ ભૂંકપનાં ૨૫ વર્ષ પછી પણ તેનો પરિવાર નથી મળ્યો. ભૂકંપના દિવસે તે પાંચ વર્ષનો હતો. આજે તે ૩૦ વર્ષનો થઇ ચૂકયો છે. આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ પણ એણે બનાવી લીધા છે. માનવજ્યોત એનું ઘર છે અને માનવજ્યોતનાં કાર્યકરો તેનો પરિવાર બની ગયા છે. ભોજન સમારંભોની વધી પડેલી રસોઇ સમાજવાડીઓમાં લેવા જતાં વિક્રમને દરેક સમાજવાડીઓના સંચાલકો સારી રીતે ઓળખી કાઢે છે અને તેને મદદરૂપ બને છે.

## કવિ કલા વૃંદ સંસ્થા દ્વારા સેલ્ફ ડિફેન્સ કેમ્પ



ભુજના અરહિતેશ્વર મહાદેવ મંદિર ખાતે કવિ કલા વૃંદ સંસ્થાઅને શિવ શક્તિ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે સેલ્ફ ડિફેન્સ અને સમર કેમ્પનું ત્રણ દિવસ માટે આયોજન દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ છે, જેમાં જ્યોતિબેન ગોહિલ, દીપિકાબેન ડુડીયા અને અન્નપૂર્ણાબેન તાલીમમાં સેવા આપી રહ્યા છે. જેમાં બાળકો ભાગ લેવા હાજર રહેલ હતા .



# વોર્ડ નં. ૭માં ભાજપ કાર્યાલયનો ભવ્ય શુભારંભ : ઉમેદવારોને સારો પ્રતિસાદ

## સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સહિત આગેવાનોની ઉપસ્થિતિ






ગાંધીધામ : ગાંધીધામ મહાનગરના વોર્ડ નં. ૭માં ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલયનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને મહામંત્રી ધવલભાઈ આચાર્ય સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.વોર્ડ નં. ૭ના ઉમેદવારો ભરત વાઘજીભાઈ પ્રજાપતિ, મનીષાબેન રમેશભાઈ ધુઆ, રાજેશ લાખાભાઈ ભરાડીયા અને વંદના કિશોરભાઈ ધુવા માટે કાર્યાલય શરૂ થતાં જ ચૂંટણી પ્રચારને વેગ મળ્યો છે.વિસ્તારમાં ડોર ટૂ ડોર પ્રચાર દરમિયાન ઉમેદવારોને લોકોથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને મતદારોમાં ભાજપ પ્રત્યે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.આગેવાનો દ્વારા કાર્યકરોને વધુ સક્રિય બની પેનલ ટુ પેનલ મતદાન કરાવવા અપીલ કરવામાં આવી હતી, જેથી આવનારી ચૂંટણીમાં ભવ્ય જીત નોંધાવી શકાય.

આ વેળાએ વિનોદભાઈ ચાવડા, માલતીબેન મહેશ્વરી, ધવલ આચાર્ય, મોમાયા ગઢવી, ભરત પ્રજાપતિ, રાજેશભાઈ ભરાડીયા, સુરેશ મારાજ, મનીષાબેન ધુવા, મહેન્દ્ર જુણેજા, વંદનાબેન ધુવા, પુનીત દુધરેજીયા , હરીશભાઈ રામવાણી, જે.પી.મહેશ્વરી સહિતનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામમાં વોર્ડ ૨ અને ૮માં ભાજપની ભવ્ય બાઈક રેલી, યુવાનોમાં ભારે ઉત્સાહ

વોર્ડ ૨






વોર્ડ ૮




## ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને ચૂંટણી ઇન્ચાર્જ મોમાયાભા ગઢવી સહિત આગેવાનો દ્વારા રેલીને પ્રસ્થાન કરાવાયું

ગાંધીધામ : મહાનગરપાલિકા ચૂંટણી નિમિત્તે ગાંધીધામના વોર્ડ નં. ૨ અને ૮ માં આજરોજ ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું। રેલીમાં ભાજપના કાર્યકરો, સમર્થકો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા।

ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને ચૂંટણી ઇન્ચાર્જ મોમાયાભા ગઢવી સહિતના આગેવાનો દ્વારા બાઈક રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું। રેલી વોર્ડ ૨ અને ૮ના વિવિધ વિસ્તારોમાં ફરી, જ્યાં ભાજપના ઉમેદવારોને જનસમર્થન મળતું જોવા મળ્યું હતું.આ પ્રસંગે મનોજભાઈ મુલચંદાણી સહિત આગેવાનો તેમજ ઉમેદવારો મનીષાબેન પટેલ, લીનાબેન ધારક, બિપીનભાઈ આહીર, વિક્રમભાઈ મુલચંદાણી, એ.કે. સિંઘ, સુરેશભાઈ ધુંવા, મીનુબેન ગોયલ અને પ્રીતિબેન ગોસ્વામી પણ ઉપસ્થિત રહ્યા હતા.ખાસ કરીને યુવા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સાહભેર બની ગયું હતું.રેલી દરમિયાન "સબકા સાથ, સબકા વિકાસ" ના સૂત્ર સાથે વિકાસ અને સુશાસનના સંકલ્પને મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો।

ભાજપ કાર્યકરો દ્વારા આવનારી ચૂંટણીમાં વોર્ડ ૨ અને ૮માં ભવ્ય જીત નોંધાવવા માટે જનતાને કમળના નિશાન પર મતદાન કરવાની અપીલ કરવામાં આવી હતી.

# જનતાએ પરિવર્તનની લહેર પર મહોર લગાવી : બંગાળમાં બોલ્યા પીએમ મોદી



પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાની વિધાનસભાની ચૂંટણી યોજાઇ. જેમાં હિંસા વચ્ચે પણ બંપર વોટિંગ થયુ છે. ૧૫૨ બેઠકો પર પ્રથમ તબક્કામાં જ ૯૨.૩૮ ટકા વોટિંગ થયુ છે. ત્યારે ભાજપ દ્વારા બીજા તબક્કાના મતદાન માટે પ્રચાર તેજ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત પીએમ મોદી આજે દમદમ ખાતેથી સભા સંબોધી રહ્યા છે. તેમણે સભા સંબોધન કરતા કહ્યું કે પ્રથમ તબક્કાના મતદાનમાં પરિવર્તનની લહેર પર મહોર વાગી છે.

# ગુજરાત એસટીનું 'છાનું છપનું' ખાનગીકરણ! મળતિયાઓ પાસેથી ૧૨૦૦ બસો ભાડે લેવાશે

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : એસટીની નવી એસી અને વોલ્વો બસમાં બેસતા જ મુસાફરોને થાય કે ભાડે ગયેલી રાજ્યની પરિવહન સેવા હવે સુધરી રહી છે. પરંતુ જનતાની જાણ બહાર અધિકારીઓની કેબિનોમાં કંઈક બીજું જ રાંધાઈ રહ્યું છે. હાલ રાજ્યના માર્ગો પર દોડતી એસટીની પ્રીમિયમ ગણાતી ૨૫૦ જેટલી બસ નિગમે ખાનગી ટ્રાવેલ્સ કંપનીઓ પાસેથી ભાડે લીધેલી છે. જેના માટે દર મહિને ૧૩ કરોડ જેટલું તોતિંગ ભાડું ચૂકવાય છે.એસટી કર્મચારી સંગઠનના સૂત્રોના જણાવ્યા મુજબ હજુ ૧,૨૦૦ જેટલી નવી બસ ખાનગી ટ્રાવેલ્સ પાસેથી ભાડે લેવા નિર્ણય કરાયો છે. લોકોનું આરોગ્ય અને શિક્ષણ ખાનગી કંપનીઓના હાથમાં સોંપી દીધા બાદ હવે સરકાર PPP(પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ) મોડલના રૂપકડા નામે સિફતતાપૂર્વક જાહેર પરિવહનનું પણ ખાનગીકરણ કરી રહી છે. અત્યાર સુધી બસનું ઉત્પાદન ખાનગી કંપનીઓને સોંપાયું હતું. પરંતુ હવે તો બસ ખરીદવાની જગ્યાએ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ ખાનગી બસ ભાડે લઈ ચલાવવા લાગ્યું છે! હાલ એસી અને વોલ્વો જેવી ૨૫૦ પ્રીમિયમ બસ ભાડે ચાલે છે. જેના માટે પ્રતિ કિમી કંપનીને રૂ. ૨૯થી ૬૩ સુધી ચૂકવાય છે. ત્યારે એસટી કર્મચારી સંગઠનના સૂત્રોના જણાવ્યા અનુસાર ગત શનિવારે નિગમના ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં વધુ ૧,૦૦૦થી ૧,૨૦૦ જેટલી બસ ભાડે ચલાવવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. જેમાં ૫૦૦ એસી, ૫૦૦ મિનિ બસ, ૧૦૦ એસી લક્ઝરી અને ૧૦૦ એસી સ્લીપર બસનો સમાવેશ થાય છે. ટૂંકમાં નિગમ હવે પોતાની જૂની બસ કાઢી નવી લેવાના બદલે વર્ષો સુધી ખાનગી બસના તોતિંગ ભાડા ચૂકવી જાતે દેવાનો ડુંગર ઊભો કરશે.

# ભારતના સોલાર પેનલને ફટકોઃ અમેરિકાએ તોતિંગ ૧૨૭ ટકા એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી ઝીંકી

નવી દિલ્હી :ભારત માટે ખરાબ સમાચાર આવ્યા છે, જે સોલાર સેલ ઉદ્યોગમાં ઝડપથી વિકાસ પામી રહ્યો છે. યુએસ વાણિજ્ય વિભાગે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસથી આયાત થતા સોલાર સેલ અને પેનલ્સ પર પ્રારંભિક એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવાની જાહેરાત કરી છે. છેલ્લા દાયકા (દસ વર્ષ) દરમિયાન એશિયાથી સોલાર આયાત પર લાદવામાં આવેલા ટેરિફની શ્રેણીમાં આ નવીનતમ છે. સ્થાનિક સૌર ફેક્ટરી માલિકોનો પક્ષ લેતા, ફેડરલ વેપાર અધિકારીઓએ શોધી કાઢ્યું કે આ ત્રણ દેશોમાં કાર્યરત કંપનીઓએ યુએસ બજારમાં સસ્તા માલનો ડમ્પિંગ કર્યો છે.

વાણિજ્ય વિભાગની વેબસાઈટ પર પ્રકાશિત એક ફેક્ટ શીટ અનુસાર, એજન્સીના પ્રારંભિક ડ્યુટી દરોમાં ભારતમાંથી આયાત પર અમેરિકાએ ૧૨૩.૦૪ ટકા એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી ઝીંકી છે.

સાથોસાથ ઈન્ડોનેશિયાથી આયાત પર ૩૫.૧૭ ટકા અને લાઓસથી આયાત પર ૨૨.૪૬ ટકા એન્ટિ-ડમ્પિંગ ડ્યુટી લાદવામાં આવી છે. આને ડમ્પિંગ માર્જિન તરીકે પણ ઓળખવામાં આવે છે. સરકારી વેપાર ડેટા અનુસાર, ગયા વર્ષે કુલ સૌર આયાતમાં આ ત્રણ દેશોનો હિસ્સો ૪.૫ બિલિયન ડોલર હતો, જે કુલ આયાતના લગભગ બે તૃતીયાંશ હિસ્સો હતો. આ નિર્ણય આ દેશોના ઉત્પાદકો માટે મોટો ફટકો છે જેઓ ઝડપથી વિકસતા યુએસ બજારમાં તેમના ઉત્પાદનો સપ્લાય કરી રહ્યા હતા.ધ એલાયન્સ ફોર અમેરિકન સોલાર મેન્યુફેક્ચરિંગ એન્ડ ટ્રેડે અરજી દાખલ કરી હતી. એલાયન્સમાં ટેમ્પ, એરિઝોના સ્થિત ફર્સ્ટ સોલાર, કોરિયન કંપની હેનવા ના સોલાર ડિવિઝન ક્યુસેલ્સ અને બે ખાનગી કંપનીઓ, ટેલોન પીવી અને મિશન સોલારનો સમાવેશ થાય છે. એલાયન્સે જણાવ્યું હતું કે, આ પ્રારંભિક તારણો પુષ્ટિ કરે છે કે આ દેશોના ઉત્પાદકો યુએસ બજારમાં નોંધપાત્ર રીતે ઓછા ભાવે સોલાર સેલ અને મોડ્યુલ ડમ્પ કરી રહ્યા છે. આ અમેરિકન ઉત્પાદનોને નુકસાન પહોંચાડી રહ્યું છે અને સ્થાનિક ઉત્પાદન ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ તબક્કે બજાર સ્પર્ધાને અસર કરી રહ્યું છે.

# પશ્ચિમ એશિયાનો તણાવ દેશના અર્થતંત્ર માટે પડકારજનક બની શકેઃ રિઝર્વ બેન્ક

નવી દિલ્હી : પશ્ચિમ એશાયામાં સર્જાયેલો તણાવ દેશના અર્થતંત્ર માટે પડકારજનક બની રહ્યો હોવાનું સ્વીકારતા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, તેનાથી દેશની સપ્લાય ચેઈનમાં અડચણો આવી શકે છે. ઊંચા ઈંધણ ખર્ચ, વધતા ઉત્પાદન ખર્ચ, વેપારમાં ખલેલ અને ફાઈનાન્સિયલ માર્કેટમાં અફરા-તફરીનો માહોલ ઘરેલુ અર્થતંત્રને પડકારજનક સ્થિતિમાં લાવી શકે છે. ગુરુવારે પ્રસિદ્ધ થયેલા આરબીઆઈ બુલેટિનમાં જણાવાયુ હતું કે, પશ્ચિમ એશિયામાં ઘેરુ બની રહેલું સંકટ વૈશ્વિક સપ્લાય ચેઈનાં અંતરાયો લાવે છે. માર્ચ મહિનામાં અને એપ્રિલના શરૂઆતના દિવસોમાં આંશિક રાહતો રહી હતી. ઘરેલુ અર્થતંત્રના કેટલાક ક્ષેત્રોમાં મજબૂતી જળવાયેલી જોવા મળી હતી, જ્યારે કેટલાક ક્ષેત્રો ધીમા પડ્યા હતા. તણાવની તીવ્રતા અને સમયગાળામાં વધ-ઘટ અનુસાર અસરમાં ફેરફાર આવી શકે છે. આ સાથે ફૂગાવાનું જોખમ, ગ્રોથ આઉટલૂક જેવા ૫ રિબળો સાથે એનર્જી-ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રોમાં થતા નુકસાન પણ અર્થતંત્રમાં મહત્ત્વના સાબિત થશે. પશ્ચિમ એશિયામાં તણાવ લાંબો સમય ખેંચાય અને સપ્લાય ચેઈન વહેલી તકે પુનઃસ્થાપિત ન થાય તો અર્થતંત્રમાં દરેક સ્તરે વિપરિત અસરની શક્યતા છે. જેમાં ઈંધણ ખર્ચ, ઉત્પાદન ખર્ચ પર દબાણ, ટ્રેડ ફ્લોમાં વિક્ષેપ અને માર્કેટ સ્પિલ ઓવર્સ જેવા સંજોગો ઊભા થઈ શકે છે. ફુગાવાનું સ્તર હાલ ચિંતાજનક નથી, પરંતુ જોખમમાં વધારો થાય તો સ્થિતિ બદલાઈ શકે છે. ઋતુઓમાં ઓચિંતા પલટા પણ અન્ય કારણ બની શકે છે. સપ્લાયમાં આવી રહેલા આંચકાઓ માગને પ્રભાવિત ન કરે તે બાબતની કાળજી રાખવા પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરવું જરૂરી છે.

# અમદાવાદમાં તટસ્થ ચૂંટણી યોજવા પોલીસ સતર્ક : શ્રી મલિક



૨૬મીએ રવિવારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે મતદાન થવાનુ છે ત્યારે અમદાવાદ મધ્યે ૮ હજાર પોલીસ કર્મીઓ ખડેપગે છે. આજ રોજ મતગણતરી કેન્દ્રોની મુલાકાત અમદાવાદના સીપીશ્રી જ્ઞાનેન્દ્રસંહ મલિક દ્વારા લેવામા આવી હતી




DPA ના ચેરમેન, IRSME, શ્રી સુશીલ કુમાર સિંગે GH2 કોન્ફરન્સ હોલ, ગાંધીધામ ખાતે SCO - મધ્ય એશિયા, લેવન્ટ અને ઈજિપ્તના CEO અને MD શ્રી રિઝવાન સુમરના નેતૃત્વમાં DP વર્લ્ડના પ્રતિનિધિમંડળ સાથે ફળદાયી બેઠક યોજી હતી. ચર્ચાઓ ટુના-ટેકરા ખાતે આગામી કન્ટેનર ટર્મિનલ, કંડલા ખાતે મેગ્રેલ પાઈલટ પ્રોજેક્ટ અને દરિયાઈ વેપાર અને લોજિસ્ટિક્સને વધુ મજબૂત બનાવવા માટે નવા માર્ગો શોધવા પર કેન્દ્રિત હતી.

# પેટ્રોલ પર રૂ.૨૦, ડીઝલમાં ૧૦૦નું નુકસાન, છતાં ભાવ વધશે નહીં

નવી દિલ્હી : સરકારની માલિકીની ઓઈલ કંપનીઓ પેટ્રોલ પર લિટર દીઠ રૂ. ૨૦નું અને ડીઝલ પર લિટર દીઠ રૂ. ૧૦૦નું નુકસાન કરી રહી છે, તે ઉપરાંત પશ્ચિમ એશિયાના યુદ્ધની સ્થિતિના પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવોમાં તોતિંગ વધારો થયો છે તેમછતાં છેલ્લા ચાર વર્ષથી આ બંને ઈંધણના ભાવ સ્થિર રહ્યા છે એમ કહી કેન્દ્ર સરકારે ગુરૂવારે સ્પષ્ટતા કરી હતી કે હાલ સરકાર આ ઈંધણના ભાવોમાં વધારો કરવા સહેજ પણ વિચારતી નથી.હાલમાં ચાલી રહેલી વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થતાંની સાથે જ સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં લિટર દીઠ રૂ. ૨૫થી રૂ. ૨૮નો વધારો પ્રજાના માથે ઝીંકશે એવી અફવાનું ખંડન કરતાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક્સ ઉપર અપલોડ કરેલી એક પોસ્ટમાં કહ્યું હતું કે પેટ્રોલ કે ડીઝલનો ભાવવધારો કરવાની સરકારની કોઇ યોજના નથી.પશ્ચિમ એશિયાની સ્થિતિ વિશે જાણ કરવા માટે યોજાયેલી એક પત્રકાર પરિષદને સંબોધતા પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ખનિજતેલ અને કુદરતી ગેસના ભાવોમાં ભારે અફડાતફડી જોવા મળી રહી છે તેમ છતાં સરકારે કોઇ ભાવવધારો કર્યો નથી.

# પહેલા પાનાથી...

### ગુજરાતમાં ભગવો

વિવિધ વિસ્તારોમાં યોજાયેલા આ રોડ-શોમાં કાર્યકરો અને સ્થાનિક નાગરિકોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. 'કેસરીયા' માહોલ વચ્ચે નીકળેલી આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મુખ્યમંત્રીએ ખુલ્લી જીપમાં સવાર થઈને નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. ઠેર-ઠેર ફૂલહાર અને પુષ્પવર્ષા સાથે મુખ્યમંત્રી અને ભાજપના નેતાઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મક્કમ આત્મવિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "ગુજરાતમાં ફરી એકવાર ભાજપનો ભગવો લહેરાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલી રહેલી વિકાસની રાજનીતિ પર જનતાને અતૂટ ભરોસો છે." તેમણે વધુમાં ઉમેર્યું કેઃસૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના સૂત્રને સાર્થક કરવા માટે જનતા તત્પર છે. ડબલ એન્જિન સરકારના વિકાસ કાર્યોને કારણે છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચી છે. લોકોના ઉત્સાહ પરથી સ્પષ્ટ જણાય છે કે ભાજપ જંગી બહુમતી સાથે વિજય મેળવશે. આજે સાંજે પ્રચારના 'ભુંગળા' શાંત થાય તે પહેલા ભાજપ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું છે. જગદીશ વિશ્વકર્મા અને અન્ય પદાધિકારીઓએ પણ વિવિધ વોર્ડમાં ફરીને મતદારોને ભાજપની વિકાસગાથા સાથે જોડાવવા અપીલ કરી હતી. જાહેર સભાઓ, બાઈક રેલી અને પદયાત્રાઓ દ્વારા ભાજપે અમદાવાદના ખૂણેખૂણામાં ચૂંટણીલક્ષી માહોલ બનાવી દીધો છે.

### બંગાળની આત્મામાં વહે

હુગલી નદીની સેર કરતા જોવા મળ્યા. પીએમ મોદીએ હુગલી નદીમાં નૌકાવિહાર કર્યો.

તેમણે આ મહાન નદીનો ફોટોગ્રાફ લેવાનો પ્રયાસ કર્યો. વિદ્યાસાગર સેતુ અને હાવડા બ્રિજની નજીકથી ઝલક પણ જોઈ. આ અંગે તેમણે એક્સ પર તસવીરો શેર કરી છે. અને કહ્યું કે દરેક બંગાળી માટે ગંગા ખૂબ જ ખાસ સ્થાન ધરાવે છે. કોઈ કહી શકે છે કે ગંગા બંગાળના આત્મામાંથી વહે છે. તેના દિવ્ય પાણી સમગ્ર સભ્યતાની શાશ્વત ભાવનાને વહન કરે છે.

તેમણે આગળ લખ્યું કે આજે સવારે કોલકાતામાં, મેં હુગલી નદીના કિનારે થોડો સમય વિતાવ્યો, જે મા ગંગા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક હતી. નાવિકોને મળવાની પણ તક મળી, જેમનો મહેનતુ સ્વભાવ પ્રશંસનીય છે. પશ્ચિમ બંગાળના વિકાસ અને મહાન બંગાળી લોકોની સમૃદ્ધિ માટે કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૫૨ બેઠકો પર ચૂંટણી લડી રહેલા ૧૪૭૮ ઉમેદવારોનું ભાવિ EVM માં સીલ થઈ ગયું છે. આ પ્રારંભિક તબક્કા દરમિયાન મતદારોનો ઉત્સાહ ખરેખર જોવા જેવો હતો, અને અગાઉના તમામ મતદાન રેકોર્ડ તૂટી ગયા છે.

સ્વતંત્રતા પછી પહેલી વાર, પશ્ચિમ બંગાળમાં ૯૦ ટકાથી વધુ મતદાન થયું છે. પરિણામે, રાજકીય પક્ષો હાલમાં આ પરિણામ તેમના માટે સંભવિત લાભ અને નુકસાનનું મૂલ્યાંકન કરવામાં વ્યસ્ત છે.

### પશ્ચીમ બંગાળમાં

ચિત્ર અત્યારથી જ દેખાઈ રહ્યું છે. અમિત શાહે ઉમેર્યું હતું કે બંગાળમાં ટીએમસીની વિદાય અને ભાજપનું આગમન એ માત્ર રાજ્ય પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર પૂર્વે ભારત માટે એક અત્યંત શુભ અને સકારાત્મક સંકેત છે. રાજ્યમાં ફેલાયેલા અરાજકતાના માહોલ વચ્ચે જનતાએ વિકાસ અને સુરક્ષાના નામે મતદાન કર્યું છે, જે સાબિત કરે છે કે બંગાળ હવે નવી દિશામાં આગળ વધવા તૈયાર છે.

### ગૌતમ અદાણીની

ડોલર ૧૨.૭ બિલિયનનો ઘટાડો થયો છે. ગેટ્સ ડોલર૧૦૪ બિલિયનની કુલ સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૮મા સ્થાને આવી ગયા છે. દરમિયાન, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીની કુલ સંપત્તિમાં ડોલર ૧.૧૧ બિલિયનનો ઘટાડો થયો છે. તેઓ ડોલર ૯૦.૨ બિલિયનની કુલ સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૨૦મા ક્રમે છે. આ વર્ષે તેમની કુલ સંપત્તિમાં ડોલર૧૭.૫ બિલિયનનો ઘટાડો થયો છે. અદાણી લાંબા સમય પછી ડોલર ૧૦૦ બિલિયન ક્લબમાં ફરી જોડાયા છે. તેઓ વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૭મા સ્થાને પહોંચી ગયા છે.આ વર્ષે અદાણીની કુલ સંપત્તિમાં ૨૧.૪ બિલિયનનો વધારો થયો છે.

### રાજકીય ગરમાવા

છતા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં પ્રથમ વખત ત્રિપાંખીયો જંગ જોવા મળી રહ્યો છે ત્યારે મતદારો કોને વિજય વરમાળા પહેરાવે છે તે તરફ સૌની મીટ મંડાયેલી છે. આ ચુંટણીમાં તા.૧૧ એપ્રિલે ફોર્મ ભરવાની મુદત પુરી થયા બાદ તા.૧૫ એપ્રિલે ફોર્મ પાછા ખેંચવાના અંતિમ દિવસે ચુંટણી ચિત્ર સ્પષ્ટ થયું હતું ત્યારબાદ રાજકીય પાર્ટીઓને પ્રચાર માટે તા.૧૬થી આજ તા.૨૪ એટલે કે, માત્ર ૯ દિવસ મળ્યા છે પરિણામે ઉમેદવારોને ચુંટણી પ્રચારના ખુબ ઓછા દિવસો મળ્યા હોવાથી 'રાત ઓછી ને વેહ જાજા' જેવી સ્થિતિ જોવા મળી હતી. આટલું ઓછું હોય તેમ કાર્યકરોની આંતરીક નારાજગી થાળે પાડવામાં પણ નેતાઓ અને ઉમેદવારોનો ઘણો સમય બગડયો છે જેના કારણે પ્રચાર માટે પુરતો સમય મળ્યો નથી. હવે આવતીકાલથી ઉમેદવારો તથા નેતાઓ મતદાન મથકો ઉપર એજન્ટો ગોઠવવા સહીતની વ્યવસ્થામાં વ્યસ્ત થઈ જશે જેના કારણે હવે મતદારો ઉપર જ બધો મદાર છે.

### સંકટની ઘડીમાં

સ્વાપ ફ્રેમવર્ક હેઠળ આપવામાં આવી છે. નોંધનીય છે કે, ઓક્ટોબર ૨૦૨૪માં માલદીવ્સના પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝૂની ભારત મુલાકાત દરમિયાન આ અંગે સમજૂતી થઈ હતી. માલદીવ્સ અત્યારે વિદેશી મુદ્રા ભંડારની અછત અને વધતા દેવાના બોજ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતની આ સમયસરની મદદ મુઈઝ્ઝૂ સરકાર માટે સંકટ સમયની સાંકળ સમાન બની છે.

### માયથોસ સામે ભારતમાં

રહી છે અને હાલ એ.આઈ. ટુલ માયથોસ કોઈ વ્યક્તિગત કે ઓપન યુઝ ટુલના બદલે ગુગલ મેટા એમેઝોન જેવી મર્યાદીત કંપનીઓને જ આપવા ફરમાન કર્યુ છે. તે વચ્ચે નાણામંત્રી નિર્મલા સીતારામને તમામ બેંક્રો નાણાકીય સંસ્થાઓ તથા સરકારી એકમોને આ એઆઈ ટુલ સામે 'હાઈ' ડીગ્રી વિજીલન્સ- સર્વોચ્ચ તકેદારી રાખવા ખાસ તાકીદ કરી છે અને બીજી તરફ અમેરિકન કંપની એન્થ્રોપીક સાથે પણ આ અંગે વાતચીત કરી રહી છે. જો કે એન્થ્રોપીક જેના કલોડ એઆઈએ ભારતમાં આઈટી કંપનીઓને હચમચાવી દીધી હતી. તેણે આ નવા લેટેસ્ટ માયથોસનું પ્રીવ્યુ મોડેલ લોન્ચ કર્યુ છે અને તેને એઆઈના અત્યાર સુધીના સૌથી શક્તિશાળી ટુલ તરીકે પણ ગણવામાં આવે છે અને તેથી આ ટેકનોલોજીને સામાન્ય ઉપયોગથી અલગ રાખવામાં આવી રહ્યું છે.

### નવી મુસીબત...

દક્ષિણપૂર્વ એશિયામાં મોટી સંખ્યામાં પામ વૃક્ષો છે. પામ તેલ બનાવવા માટે આ વૃક્ષોમાંથી તેલ કાઢવામાં આવે છે. પછી તે વિશ્વભરમાં નિકાસ કરવામાં આવે છે. ભારત ત્યાંથી પણ પામ તેલની આયાત કરે છે, મોટે ભાગે ઈન્ડોનેશિયા અને મલેશિયાથી. અમે ત્યાંથી લગભગ ૯ મિલિયન ટન પામ તેલ આયાત કરીએ છીએ.

ભારતના કુલ ખાદ્ય તેલના વપરાશમાં પામ તેલનો હિસ્સો ૪૦% છે. તે અન્ય ખાદ્ય તેલ કરતાં સસ્તું છે અને લાંબા સમય સુધી બગડતું નથી. તેથી, ઘણા પરિવારો રસોઈ માટે સસ્તા પામ તેલનો ઉપયોગ કરે છે.

# ઇરાન યુધ્ધના પગલે યુરિયા ખાતરનો આયાત ખર્ચ વધશે : ભાવ વધારાનો તોળાતો ભય

નવી દિલ્હી : ઈરાન યુધ્ધના પગલે ભારતમાં કૃષિ ખાતરનું સંકટ ઉભું થઇ શકે છે પ્રાપ્ત માહિતી અનુસાર ભારત ૨૫ લાખ મેટ્રિક ટન યુરિયાની આયાત કરી રહયું છે. જો કે આના માટે પહેલાની સરખામણીમાં બમણો ભાવ ચુકવવો પડશે આથી ખાતરોની કિંમતમાં વધારો તોળાઇ રહયો છે. ન્યૂઝ એજન્સી રોયટર્સે નામ નહી આપવાની શરતે એક સરકારી સૂત્રને ટાંકીને જણાવ્યું હતું કે ઇન્ડિયન પોટાશ લિમિટેડ ૯૩૫ ડોલર પ્રતિ ટનની કિંમતે ૧૫ લાખ ટન અને ૯૫૯ યૂરો પ્રતિ ટનના દરથી ૧૦ લાખ મેટ્રિક ટન યૂરિયા ખરીદવા પર સંમતિ મળી છે.આ સંભવિત યૂરિયા ખરીદીમાંથી ૧૫ લાખ ટન યૂરિયા ડિલીવરી પશ્ચિમ તટ અને ૧૦ લાખ ટન યૂરિયાની ડિલીવરી પૂર્વી કાંઠે થશે. ભારત વિશ્વમાં યુરિયાનો સૌથી મોટો આયાતકાર દેશ છે. એપ્રિલ મહિનામાં જ ૨૫ લાખ ટન યુરિયા ખરીદવા માટેનું ટેન્ડર બહાર પાડયું હતું જેમાં નીચેની બોલી ૯૩૫ ડોલર પ્રતિ ટન અને ઉંચી ૧૧૩૬ ડોલર પ્રતિ ટન હતી. આ પહેલા રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ યૂરિયા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું જેમાં ૫૦૮ ડોલર પ્રતિ ટન અને પૂર્વી તટ માટે ૫૧૨ ડોલર પ્રતિ ટન બોલી પ્રાપ્ત થઇ હતી.આ ટેન્ડર વર્તમાન ટેન્ડરનો ભાવ અડધો ઓછો હતો. આનો મતલબ કે ભારતે હવે યૂરિયા ખરીદવા માટે પહેલાની સરખામણીમાં બમણા ભાવ ચુકવવા પડશે. નિષ્ણાતોનું માનવું છે કે ભારતની આ યૂરિયા ખાતર ખરીદીથી વૈશ્વિક આપૂર્તિ પર અસર થશે. કિંમતમાં પણ વધારો થઇ શકે છે. ભારતે તો પોતાની યૂરિયા ખાતર જરુરિયાતો પુરી કરી લીધી પરંતુ બીજા ખાતર ખરીદારો પર ભય તોળાઇ રહયો છે કારણ કે ઉત્પાદક પહેલાથી જ ભારતને ખાતરનું શિપમેન્ટ મોકલવાનું કમિટમેન્ટ આપી ચૂકયા છે.

# આરટીઈ હેઠળ એડમિશન માટે અઢી લાખ જેટલા ફોર્મ ભરાયા : આ વખતે બેઠક ઘટી અને અરજીઓ વધી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ખાનગી સ્કૂલોમાં ધોરણ ૧માં પ્રવેશ માટેની રાજ્ય સરકારની કોમન પ્રક્રિયામાં ફોર્મ ભરવાની મુદત આજે પૂર્ણ થઈ ગઈ છે. ફોર્મ ભરવાની મુદતમાં ૬ દિવસ વધુ અપાયા બાદ ભરાયેલા કુલ ફોર્મ વધીને ૨,૪૯,૯૪૬ થયા છે.

ગુજરાત સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષ માટે આર.ટી.ઈ.માં પ્રવેશ માટે ગત ૪ એપ્રિલથી ૧૭ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત આપવામાં આવી હતી. પરંતુ હાલ ચૂંટણીને પગલે અધિકારીઓ ચૂંટણી કામગીરીમાં હોવાથી આવકના દાખલા સહિતના ડોક્યુમેન્ટમાં વાલીઓને મુશ્કેલી ઉભી થતા ફોર્મ ભરવાની મુદત લંબાવવા માંગ કરાઈ હતી.

જેને પગલે સરકારે ફોર્મ ભરવાની મુદત ૬ દિવસ વધારીને ૨૩ એપ્રિલ સુધી કરી હતી, જે આજે પૂર્ણ થઈ ગઈ છે. આજે સાંજ સુધીમાં કુલ મળીને ૨,૪૯,૯૪૬ વાલીના ઓનલાઈન ફોર્મ સબમીટ થયા છે. આ વર્ષે રાજ્યમાં ૯૭૦૯ ખાનગી સ્કૂલોમાં ૨૫ ટકા બેઠકો મુજબ ઉપલબ્ધ અંદાજિત બેઠકોની સંખ્યા ૮૪,૨૨૮ છે. જેમાં ગુજરાતી માધ્યમમાં ૪૧,૪૧૧, અંગ્રેજી માધ્યમમાં ૪૦,૨૬૨ અને હિન્દી માધ્યમમાં ૨,૨૩૫ તથા અન્ય માધ્યમમાં ૩૨૦ બેઠકો છે. બે પાળીમાં ચાલતી ૫૬ સ્કૂલો છે.

અમદાવાદમાં આરટીઈ હેઠળ ખાનગી સ્કૂલોમાં ૧૪,૨૦૦ બેઠકો છે, જેના માટે ૩૭,૭૦૦ વાલીના ફોર્મ ભરાયા છે. ગત વર્ષે ૯૩ હજારથી વધુ બેઠકો રાજ્યભરમાં હતી અને જેની સામે ૨.૩૯ લાખ જેટલા ફોર્મ ભરાયા હતા. આમ બેઠકો ઘટવા સામે ૧૧ હજાર વધુ ફોર્મ ભરાયા છે.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે**

# કચ્છનું વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ : આનંદ પટેલ




### જિલ્લા સમાહર્તાએ પત્રકાર પરિષદમાં આપી વિસ્તૃત માહિતી : જિલ્લામાં ૧૫.૪૯ લાખથી વધુ મતદારો રવિવારે મતાધિકારનો કરશે ઉપયોગ

**નગરપાલિકા વિસ્તારના ૨૭૦, ગાંધીધામ મહાનગરપાલિકાના ૨૩૪ અને તાલુકા - જિલ્લા પંચાયતના ૧૩૬૨ મતદાન મથકો સજ્જ : ૧૪૫૪૯ કર્મચારીઓ મતદાન મથકો પર બજાવશે ફરજ : ૪૦૪૨ બીયુ, ૩૮૧૧ સીયુની કરાઈ ફાળવણી**

**સેવા મતદાર તથા ચૂંટણી ફરજ પરના સ્ટાફને ૫૭૩૩ ટપાલ મતપત્રો કરાયા ઈસ્યુ : હીટવેવની આગાહીને પગલે તમામ મતદાન મથકો પર મેડીકલની સુવિધા રહેશે ઉપલબ્ધ**

ભુજ - કચ્છઉદય : કચ્છની સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી માટે રવિવારે એટલે કે ૨૬ એપ્રિલે મતદાન યોજાવાનું છે ત્યારે આજરોજ કચ્છ કલેકટર અને મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં શ્રી પટેલે જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને કચ્છનું વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ છે.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં અધ્યક્ષ સ્થાનેથી કલેકટર આનંદ પટેલે જણાવેલ કે, ગાંધીધામ મહાનગરપાલિકા, ભુજ, માંડવી, મુંદરા, અંજાર અને નખત્રાણા નગરપાલિકા, તેમજ જિલ્લા પંચાયત અને નવ તાલુકા પંચાયતોની ૪૨૨ બેઠકો માટે ૨૬મીએ મતદાન યોજાવાનું છે. આ માટે રાજ્ય ચુંટણી આયોગ ગાંધીનગર દ્વારા ૩૭ ચુંટણી અધિકારી અને ૪૪ મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. તો જિલ્લા કક્ષાના ૧૫ નોડલ અધિકારીઓની પણ નિમણૂંક કરાઈ છે. આ ચૂંટણી માટે ૮૯૫૪ પોલીંગ સ્ટાફ, ૫૩૬૧ પોલીસ જયારે ઝોનલ અધિકારી, મદદનીશ ઝોનલ અધિકારી ૨૩૪ મળી કુલ્લ ૧૪૫૪૯ અધિકારી - કર્મચારીઓ ચૂંટણી ફરજમાં જોડાશે. જિલ્લા - તાલુકા પંચાયત માટે સીંગલ ચોઈસ ઈવીએમ તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકાના વોર્ડ માટે મલ્ટી ચોઈસ ઈવીએમનો ઉપયોગ થનાર છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે, તાલુકા પંચાયત માટે ૧૬૫૩ બેલેટ યુનીટ અને ૧૬૪૯ કંટ્રોલ યુનિટ, જિલ્લા પંચાયત માટે બીયુ ૧૫૨૮, સીયુ ૧૫૨૮, ગાંધીધામ મહાનગરપાલિકા માટે બીયુ ૩૫૨ અને સીયુ ૨૭૩, જયારે નગરપાલિકાઓ માટે ૫૦૯ બીયુ અને ૩૬૧ સીયુનું ઉપયોગ થશે. સેવા મતદારો અને ચૂંટણી ફરજ પરના સ્ટાફને ૫૭૩૩ ટપાલ મતપત્રો ઈસ્યુ કરવામાં આવ્યા છે. વધુમાં શ્રી પટેલે જણાવ્યું કે, ગાંધીધામ મહાનગરપાલિકા માટે ૧,૧૨,૨૫૦ પુરૂષ, ૧,૦૩,૦૫૯ સ્ત્રી અને અન્ય ૪ મળી કુલ્લ ૨,૧૫,૩૧૩, નગરપાલિકા માટે ૧,૨૪,૧૪૦ પુરૂષ અને ૧,૨૧,૯૬૩ સ્ત્રી અને અન્ય ૩ મળી કુલ્લ ૨,૪૬,૧૦૬, તાલુકા પંચાયત માટે ૫૦૮૯૪ પુરૂષ, ૪૫૮૭૨ સ્ત્રી મળી કુલ્લ ૯૬૭૬૬ અને જિલ્લા પંચાયત માટે ૫૧૩૩૭૩ પુરૂષ, ૪૭૮૨૭૬ સ્ત્રી અને અન્ય ૧ મળી કુલ્લ ૯,૯૧,૬૫૦ મતદારો નોંધાયેલા છે. મતદાન મથકે ઉપયોગમાં લેવામાં આવનાર ઈવીએમ મશીનના સુરક્ષીત સંગ્રહ માટે કુલ્લ ૨૬ સ્ટ્રોંગ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. ૨૮મીએ સવારે નવ વાગ્યાથી મત ગણતરી શરૂ થશે. જે માટે તાલુકા પંચાયત માટે ૯, જિલ્લા પંચાયત માટે ૧૦, ગાંધીધામ મહાનગરપાલિકા માટે ૧, અને નગરપાલિકાઓ માટે પાંચ મત ગણતરી કેન્દ્રો નિશ્ચિત કરવામાં આવ્યા છે. મતદાન માટેની ટુકડીને ડીસ્પેચીંગ સેન્ટરથી મતદાન મથક સુધી પહોંચવા તેમજ મતદાન પૂર્ણ થયેથી મતદાન મથકના સ્થળેથી રીસીવીંગ સેન્ટર સુધી પહોચવા માટે કુલ્લ ૨૫૦ વાહનોની વ્યવસ્થાન કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પાસા હેઠળ ૨, તડીપાર ૨, કલમ ૧૨૬ હેઠળ ૯૬૮, કલમ ૧૨૮ હેઠળ ૪૩, કલમ ૧૨૯ હેઠળ ૨૭૦, પ્રોહી. ના ૩૩૩ મળી કુલ્લ ૧૬૬૮ કેસ કરાયા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું કે, નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ૨૭૦, ગાંધીધામ મહાનગરપાલીકા માટે ૨૩૪ અને જિલ્લા - તાલુકા પંચાયત માટે ૧૩૬૨ મતદાન મથકો પર મતદાન યોજાશે.

**ભાજપ માટે કપરા ચઢાણ : કોંગ્રેસ માટે બહુમત સાથે વિપક્ષમાં બેસવાનો માર્ગ મોકળો**

# સત્તાના મદમાં ચૂર અમુક શાસકો અને સમસ્યાઓની ગુંગળામણમાં માંડવી? શું પરીવર્તનનો પવન ફુંકાશે?

**વિકાસના નામે ભ્રષ્ટાચારનું બ્યુટીફીકેશન, સુવિધાના નામે શૂન્યની સ્થિતી : રઝળતો બાયપાસ અને સ્મશની અવદશા, ૪૦ લાખના ખર્ચે લગાવાયેલ ત્રીજી આંખ પર પાટ્ટા, ખોદકામ અને ધુળની ડમરીથી શહેરમાં ખાડા રાજ સ્થપાઈ જવુ, દુષિત પાણી વિતરણ, કાચબા ગતિએ ચાલતા બાયપાસનું કામ, હિંદુ સ્મશાનની ગરીમા જાળવામાં પણ ઉણું ઉતરેલ તંત્ર સહિતના મુદાઓથી માંડવીની જનતા મતાધિકાર મારફતે સત્તાપક્ષને આંચકો આપી દે તો નવી નવાઈ નહી કહેવાય..!**

ગાંધીધામ : જે નગરપોતાની ભવ્યતા અને સ્વચ્છતા માટે કચ્છનું ઘરેણું ગણાતું હતુ તે આજે સ્થાનીક સત્તાધીશોની અકર્મણ્યતા અને કથિત ભ્રષ્ટાચારના કારણે સમસ્યાઓનું સંગ્રહાલય બની ગયુ હોવાનો બળાપો અંતરંગ વર્તુળોમાથી સામે આવવા પામી રહ્યો છે. ભાજપનો ગઢ ગણાતો માંડવીમાં હાલમાં જનતામા ઉકળતો ચરૂ જોવા મળી રહ્યો છે. વરસો સુધી સત્તા ભોગવનારા નેતાઓએ લોકસેવાના નામે માત્ર રાજકિય વેપાર કર્યો હોવાના આક્ષેપો હવે ગલીએ ગલીએ સંભળાવવા પામી રહ્યા છે.

ચૂંટણીના સમયે જ લોકો ઠેર ઠેર કહેતા સંભળાઈ રહ્યા છે કે, ઐતિહાસીક ટોપણસર તળાવએ માંડવીની જીવાદોરી છે પરંતુ સત્તાધીઓએ તેના બ્યુટીફીકશેનના નામે જે ખેલ ખેલ્યો છે તે જોઈને પ્રબુદ્ધનાગરીકો આઘાતમાં છે. તળાવના વીકાસના નામે માત્ર માટીની ભરતી કરી અને તેને ખાબોચીયામાં ફેરવી નાખવામા આવગ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે જે કરોડોના ખર્ચે રંગીન ફુંવારા નાખવામ આવ્યાહ તા તે લોકાર્પણ ગણતરીના દિસામાં જ દમ તોડી ગયા.! શું આ જ છે શાસકોનો પારદર્શક વિકાસ.? સુવીધાઓના નામે શહેર શુન્ય હોય તેવો રોષ પણ જાગૃત વર્ગમાથી બહાર આવી રહ્યો છે.

શહેરીજનો રોષ સાથે કહી રહ્યા છે કે સુવિધાઓના નામે શુખ્યની જ સ્થિતી સર્જાયેલી છે. શહેરની સુરક્ષા માટે ૪૦ લાખના ખર્ચે લગાવાયેલ સીસીટીવી કમેરાઓ આજે શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે. મોટાભાગના કેમેરા બંધ હાલતમાં છે. જે તંત્રની ગંભીર બેદરકારી સુચવે છે. ખોદકામ અને ધુળની ડમરીઓ તોબા કરી દીધી છે. કેબલ કે પાઈપલાઈન નામે રસ્તાઓને વારંવારખોદીને જાણે શહેરને ખાડા નગરી બનાવી દેવામા આવ્યુ હોય તેવો ચિત્તાર દશાય છે. વેપારીઓ અને પ્રવાસીઓ ઉબડખાબડ રસ્તાઓ અનેધુળની ડમરીથી ત્રસ્ત છે. આરોગ્ય સાથે પણ લોકોના ચેડા થવા પામી રહ્યા છે. શુદ્ધ પીવાનુ પાણી આપવાને બદલે નગરપાલિકા દુષિત પાણી પીરસી રહી છે. જેના કારણે શહેરમા રોગચાળો ફાટી નીકળવાની ભીતી સેવાઈ રહી છે. રઝળતો બાયપાસ અને સ્મશાનની અવદશા તો કોઈને દેખાતી જ ન હોય તેવુ લાગી રહ્યું છે. છેલ્લા આઠ વર્ષથી કાચબાની ગતિએ ચાલતું બાયપાસ રોડનું કામ શાસકોની નિષ્ફળતાનું જીવતું જાગતું ઉદાહરણ છે. ટ્રાફિક અને અકસ્માતોમાં સામાન્ય જનતા પીસાઈ રહી છે. એટલું જ નહી હિન્દુ સ્મશાનની ગરિમા જાળવવામાં પણ તંત્ર ઉણું ઉતર્યં હોય તેવો કચવાટ પણ ઉભો થઈ રહ્યો છે.જેના લીધે વિવિધ સમાજમા ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ છેડાયેલ છે, મતદાનને આડે ગણતરીનો સમય બાકી રહ્યો છે ત્યારે આ પ્રકારે શહેરને વિવીધ સમસ્યાઓના હવાલો રાખી દેનારા સત્તાપક્ષને માટે કદાચ કપરા ચઢાણની સ્થિતીનોઅંડર કરંટ જોવાઈ રહ્યો. માંડવીમાં વિપક્ષની ગેરહાજરીએ સત્તા પક્ષને બેફામ બનાવ્યો હતો પરંતુ આ વખતે જનતા પો જ વિપષની ભુમિકામાં આવી ગઈ હોય તેવુ સિનારીયો જોવાઈ રહ્યો છે.આ વખતની ચૂંટણીમં જનતા ભ્રષ્ટાચાર અને ગંદીકના ગંજ તથા શહેરમાં માળખાગત સુવિધાઓના અભાવની સામે મતાધિકારથી જવાબ આપવા તત્પર હોવાનુ પણ જાણકારો કહી રહ્યા છે. માંડવી નગરપાલિકાનાશાસકોએ યાદ રાખવુ જોઈએ કે લોકશાહીમાં જનતા જ અંતિમ ન્યાયધીશ હોય છે. જો સમસ્યાઓથી હકીકતમાં માંડવીની જનતા આટલી ત્રસ્ત રહી હશે તો સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપના ગઢમાં કાંગરા ખરવા પામે તો નવી નવાઈ નહી કહેવાય.

## સામખિયાળી જિલ્લા પંચાયત બેઠક પર ભાજપના ઉમેદવારને ભવ્ય આવકાર

**પ્રચાર ઝુંબેશ દરમિયાન મળતું સ્વયંભૂ લોકસમર્થન**





ભચાઉ - કચ્છઉદય : તાલુકાની સામખિયાળી જિલ્લા પંચાયત બેઠક તેમજ તાલુકા પંચાયત બેઠકો પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવારોને પ્રચાર ઝુંબેશ દરમિયાન સ્વયંભૂ લોકસમર્થન મળવાની સાથોસાથ ભવ્ય આવકાર સાપડી રહ્યો છે.

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત સામખિયાળી જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર જયશ્રીબેન ચાવડા (રબારી) તેમજ તાલુકા પંચાયત બેઠકોના ઉમેદવાર હિરાભાઈ કોલી, રણછોડભાઈ આહિર સહિતનાઓને બહોળો આવકાર મળી રહ્યો છે. કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જનકસિંહ જાડેજા પણ આ જ વિસ્તારમાંથી ચૂંટાઈને આવ્યા હતા, ત્યારે તેમના દ્વારા કરેલ વિકાસકાર્યોને આગળ ધપાવવાની નેમ પણ આ ઉમેદવારો દ્વારા કરવામાં આવી હતી. ઘરાણા, જંગી, લલિયાણા, વોંધ, છાડવારા, આંબલિયા સહિતના વિસ્તારોમાં પ્રચાર ઝુંબેશમાં લોકો તરફથી અભૂતપુર્વ સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા ચૂંટણી પ્રચાર ઝુંબેશમાં કુલદીપસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ રબારી, જનકસિંહ જાડેજા, રૂપલબેન દેસાઈ, પેથાભાઈ રાઠોડ, દયારામ મારાજ, રણછોડ આહિર, ચાંદનીબેન છેડા, સુશીલાબેન ઠક્કર, લીલાબેન પ્રજાપતિ, લક્ષ્મીબેન ગોસ્વામી, જયશ્રીબેન ઠક્કર, કિરણબેન જોશી, વર્ષાબેન ઠક્કર, જસીબેન રબારી, વનિતાબેન દાફડા, ધનુબા, નાગજીભાઈ રબારી, ગણેશભાઈ રબારી, મસહરૂભાઈ, વાઘુભા જાડેજા, રણછોડ પટેલ, પ્રભુ ભુવાજી, કૃષ્ણદેવસિંહ જાડેજા, દેવશી રબારી, વાઘજીભાઈ છાંગા, ચંદ્રેશભાઈ, રાજેન્દ્રસિંહ જાડેજા સહિતનાઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

## લોરિયા પાસે ટ્રક હડફેટે ૧૦૮ના કર્મચારીને ઈજા

ભુજ - કચ્છ ઉદય : ભુજ - ખાવડા હાઈવે રોડ પર બેફામ દોડતા વાહનોના કારણે અવાર-નવાર અકસ્માત થાય છે. હવે તો ૧૦૮ ને પણ અકસ્માત નડી રહ્યા છે. લોરિયા નજીક એચપી પેટ્રોલ પંપ નજીક વાઘેશ્વરી હોટલ આગળ અકસ્માત થયો હતો. ૧૦૮ ના ડ્રાઈવર અશ્વિનભાઈ નાનજીભાઈ વાઘેલાએ માધાપર પોલીસમાં જણાવ્યું કે, આરોપી ટ્રક નં.જીજે૩૯ - ટીએ - ૮૪૯૬ ના ચાલકે પૂર ઝડપે ગાડી ચલાવી ૧૦૮ ની પાછળ ટ્રક ભટકાવતા ગાડીમાં નુકસાન થવા સાથે પાછળ બેઠેલા ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન મનુભાઈને માથાના ભાગે સામાન્ય ઈજાઓ થઈ હતી.

## અંજાર તાલુકામાંથી બે સગીરાના અપહરણ

અંજાર - કચ્છ ઉદય : તાલુકાના નવાગામ વિસ્તારમાંથી ૧૭ વર્ષિય સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું, જ્યારે શહેરમાં ૧૪ વર્ષિય સગીરાનું રાહુલ દેવજી આહીર અપહરણ કરી ગયો હતો. બન્ને બનાવમાં દુધઈ અને અંજાર પોલીસે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

## નાના વરનોરાનો શખ્સ બંદૂક સાથે પકડાયો

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના નાના વરનોરા ગામે બંદૂક સાથે શખ્સને ઝડપી લેવાયો હતો. માધાપર પોલીસ સલીમ ઉમર મમણની અટક કરી તેની પાસેથી લાયસન્સ વગરની ૨ હજારની બંદૂક કબજે કરી ગુનો દાખલ કરાવ્યો હતો.

**CHANGE OF NAME**

I JOSHI UMESHKUMAR JERAMBHAI RES. NAGALPAR, TA.NAKHATRANA-KUTCH PREVIOUSLY KNOWN AND CALLED AS JOSHI UMESHKUMAR JERAM NOW I WILL BE KNOWN AND CALLED AS JOSHI UMESHKUMAR JERAMBHAI

## સામખિયાળીમાં છ વર્ષ પૂર્વે થયેલા ખૂની હુમલાના કેસમાં આરોપીને સાત વર્ષની સખત કેદની સજા

**ઈરાદાપૂર્વક હત્યાનો પ્રયાસ કરવા બદલ ભચાઉની કોર્ટે લતીફ કક્કલને દોષિત ઠેરવી ૨૫ હજારનો દંડ ફટકાર્યો**

ભચાઉ - કચ્છઉદય : ભચાઉ ખાતેની બીજી એડિશનલ સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૧૬માં સામખિયાળી પોલીસ મથકે નોંધાયેલા ખૂની હુમલાના એક મહત્વપૂર્ણ કેસમાં ચુકાદો આપતા આરોપીને સાત વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો છે. આ કેસની વિગત મુજબ, નવેમ્બર ૨૦૧૬માં ફરિયાદી ભાવેશ બાબુભાઈ મહારાજ જ્યારે મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા ત્યારે આરોપી લતીફ ઉર્ફે લતિયો નૂરમામદ કક્કલ રહે. મદીનાનગર, ભચાઉએ અન્ય એક વ્યક્તિ સાથે મળીને તેમને આંતર્યા હતા. પૂર્વ દુશ્મનાવટના કારણે આરોપીએ કોઈપણ ઉશ્કેરણી વગર ફરિયાદી પર છરી વડે ઉપરાછાપરી હુમલો કરી માથા, છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટના બાદ લોહીલુહાણ હાલતમાં ફરિયાદીને સારવાર અર્થે ભચાવની વાગડ વેલફેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને સામખિયાળી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આ કેસની સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશન તરફથી સરકારી વકીલ ડી. એસ. જાડેજાએ રજૂઆત કરી હતી કે આરોપીએ જીવલેણ હથિયાર વડે હુમલો કર્યો હોવાનું મેડિકલ પુરાવાઓથી સાબિત થાય છે અને સાક્ષીઓની જુબાની પણ તેને સમર્થન આપે છે. બીજી તરફ બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે મોટાભાગના સાક્ષીઓ પોલીસ કર્મીઓ અને હિત ધરાવતા લોકો છે અને સ્વતંત્ર સાક્ષીઓની તપાસ કરવામાં આવી નથી.

જોકે, અદાલતે તમામ પુરાવાઓ અને સાક્ષીઓની તપાસ બાદ નોંધ્યું હતું કે આરોપીએ જે રીતે શરીરના નાજુક ભાગો પર હુમલો કર્યો હતો તે સ્પષ્ટપણે હત્યા કરવાના ઈરાદાને દર્શાવે છે.

નામદાર કોર્ટે આરોપી લતીફ કક્કલને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭ (હત્યાનો પ્રયાસ) હેઠળ દોષિત ઠેરવી સાત વર્ષની સખત કેદ અને ૨૫,૦૦૦ રૂપિયાના દંડની સજા સંભળાવી છે. દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ મહિનાની સાદી કેદની જોગવાઈ પણ આદેશમાં કરવામાં આવી છે. અદાલતે આ દંડની રકમ ભોગ બનનાર ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

## છેલ્લા પાનાનું ચાલુ..

**કચ્છનું ચૂંટણી પંચાંગ**

વખત મહાપાલિકાની યોજાઈ રહેલી ચૂંટણીમાં મતદારોનો મીજાજ કેવો રહે છે તે જોવું રહેશે. જિલ્લા મથક ભુજમાં પણ સ્થિતિ ગાંધીધામ જેવી જ છે. ૨૦૧૦માં ૪૯.૬૧% અને ૨૦૨૧માં ૪૯.૪૪% મતદાન થયું હતું. ૨૦૧૫માં અહીં ૫૫.૭૪% સુધી આંકડો પહોંચ્યો હતો, પરંતુ ૨૦૨૧માં ફરી લોકોમાં ઉદાસીનતા જોવા મળી હતી. આ બધાની વચ્ચે મુંદરા-બારોઈ નગરપાલિકા એક 'સિલ્વર લાઈનિંગ' સમાન સાબિત થઈ છે. વર્ષ ૨૦૨૧માં અહીં પ્રથમ વખત નગરપાલિકાની ચૂંટણી યોજાઈ (પાલિકા બન્યા બાદ) અને પ્રથમ પ્રયાસે જ અહીં ૭૦.૦૪% જેટલું જંગી મતદાન નોંધાયું હતું. આ આંકડાએ સાબિત કર્યું છે કે જો લોકોમાં જોમ હોય તો શહેરી વિસ્તારોમાં પણ ગ્રામીણ સ્તરનું મતદાન થઈ શકે છે. બીજીતરફ આ વખતે નખત્રાણા નગરપાલિકાની પણ ચૂંટણી પ્રથમ વખત યોજાઈ રહી હોઈ આ વિસ્તારના મતદારોનો રૂખ કેવો રહે છે, તે રાજકીય પક્ષો માટે પણ મહત્વનું બની રહેશે.

આ આંકડાકીય વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે કચ્છમાં 'શહેરી મતદાન' અને 'ગ્રામીણ મતદાન' વચ્ચે મોટી ખાઈ છે. લખપત અને મુંદરા જેવા વિસ્તારોમાં લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા તત્પર છે, જ્યારે ભુજ અને ગાંધીધામ જેવા મોટા શહેરોમાં ૫૦% મતો મેળવવા પણ મુશ્કેલ બની રહ્યા છે. રાજકીય વિશ્લેષકોના મતે, ૨૦૧૫માં થયેલું ઊંચું મતદાન એ સમયના સ્થાનિક મુદ્દાઓને આભારી હોઈ શકે છે. પરંતુ ૨૦૨૧માં જોવા મળેલો ઘટાડો એ સૂચવે છે કે મતદારો ક્યાંક ને ક્યાંક પ્રણાલીગત રાજકારણથી અલિપ્ત થઈ રહ્યા છે અથવા તો ઉમેદવારોની પસંદગીમાં તેમને રસ રહ્યો નથી. આગામી ચૂંટણીઓમાં જો મતદાનની ટકાવારી વધારવી હોય, તો રાજકીય પક્ષોએ સોશિયલ મીડિયાની સાથે સાથે જમીની સ્તરે જઈને મતદારોનો વિશ્વાસ જીતવો પડશે, ખાસ કરીને ગાંધીધામ અને ભુજ જેવા શહેરોમાં જ્યાં અડધી વસ્તી ઘરે બેસી રહેવાનું પસંદ કરે છે.

સમગ્ર રીતે જોતા, કચ્છની આ લોકશાહી સફર ચડાવ-ઉતારવાળી રહી છે. હવે જોવાનું એ રહેશે કે આગામી સમયમાં આ આંકડાઓ કઈ દિશામાં વળે છે અને શું લખપત જેવી જાગૃતિ કચ્છના અન્ય ભાગોમાં પણ જોવા મળે છે કે કેમ.

## લાકડિયા તાલુકા પંચાયત બેઠક પર અપક્ષ ઉમેદવાર ભાજપ-કોંગ્રેસ પર ભારી

**પ્રચાર ઝુંબેશમાં શૈલેષ નિસરને મળતો અભૂતપુર્વ આવકાર**



ભચાઉ - કચ્છઉદય : લાકડિયા તાલુકા પંચાયત બેઠક પર અપક્ષ ઉમેદવાર તરીકે ઝંપલાવનાર જૈન યુવા આગેવાન શૈલેષભાઈ કરશનભાઈ નિસરને પ્રચાર ઝુંબેશ દરમિયાન અભૂતપુર્વ આવકાર મળવાની સાથોસાથ લોકો તરફથી સ્વયંભૂ જનસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું હોઈ હાલે આ અપક્ષ ઉમેદવાર આ બેઠક પર ભાજપ - કોંગ્રેસ પર ભારી પડી રહ્યા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

વાગડ વિસ્તારના જૈન યુવાન અને પ્રથમ વખત ચૂંટણી લડી રહેલા શૈલેષભાઈ નિસરે ગામના વિકાસ માટે સહયોગ આપવાની ખાત્રી ઉચ્ચારી હતી.

ગુજરાત રાજ્યના પૂર્વ નાણામંત્રી બાબુભાઈ મેઘજી શાહનો આ વિસ્તાર છે અને જૈન સમાજનું આ બેઠક પર વર્ષોથી પ્રભુત્વ છે, ત્યારે અપક્ષ ઉમેદવાર શૈલેષભાઈ કોના પર ભારે પડે છે તે તો સમય જ બતાવશે. હાલે તેમને મળી રહેલા સમર્થનથી અન્ય પક્ષો અને ઉમેદવારો ચિંતામાં છે.

## આધોઈ જિ. પં. બેઠક પર કોંગી ઉમેદવાર રાજેશભાઈ પટેલને મળતું લોકસમર્થન



રાજેશભાઇ ૧ આધોઇ જિલ્લા પંચાયત | શારદાબહેન આધોઈ -૧ તાલુકા પંચાયત સીટ | પાર્વતીબેન આધોઈ -૨ તાલુકા પંચાયત સીટ | સવજીભાઇ લાકડીયા-૧ તાલુકા પંચાયત સીટ | રતનબેન લાકડીયા -૨ તાલુકા પંચાયત સીટ | મનજીભાઈ શીકારપુર તાલુકા પંચાયત સીટ

**આ બેઠકમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતની પાંચ બેઠકો પર પણ કોંગ્રેસ તરફી માહોલ**

ભચાઉ - કચ્છઉદય : વાગડ પંથક આધોઈ જિલ્લા પંચાયત બેઠક તેમજ તેમાં સમાવિષ્ટ તાલુકા પંચાયતની પાંચ બેઠકો પર કોંગ્રેસ તરફી માહોલ જોવા મળી રહ્યો છે. આધોઈ જિલ્લા પંચાયત બેઠક પરથી વાંઢિયાના ઉપસરપંચ રાજેશભાઈ દેવડા (પટેલ) ચૂંટણી લડી રહ્યા છે. તો તાલુકા પંચાયતની આધોઈ એક બેઠક પરથી શારદાબેન, આધોઈ -૨ પરથી પાર્વતીબેન, લાકડિયા-૧ પરથી સવજીભાઈ, લાકડિયા -૨ પરથી રતનબેન અને શિકારપુર બેઠક પરથી મનજીભાઈ ચૂંટણી લડી રહ્યા છે. છેલ્લી બે ટર્મથી આધોઈ જિલ્લા પંચાયત બેઠક પર ભાજપનો કબ્જો છે.

જો કે, આ વખતે કોંગ્રેસ આ બેઠક પરથી પટેલ સમાજના આગેવાન અને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા રાજેશભાઈને મેદાને ઉતાર્યા હોઈ પટેલ સમાજમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રચાર ઝુંબેશ દરમિયાન પણ તેઓને લોકો તરફથી ભવ્ય આવકાર મળી રહ્યો છે.

Sterling® Ram Krishna Speciality Hospital Gandhidham



સ્ટર્લિંગ રામકૃષ્ણ સ્પેશ્યાલિટી હોસ્પિટલ, ગાંધીધામ અને સુશીલા વોરા ચેરિટેબલ એન્ડ મેડિકલ ટ્રસ્ટ દ્વારા આયોજિત

નિઃશુલ્ક નિદાન કેમ્પ

મલ્ટીસ્પેશિયાલિટી વિશેષજ્ઞ ડોકટર દ્વારા સલાહ

25 એપ્રિલ, 2026, શનિવાર | સવારે 10:00 થી બપોરે 1:00 સુધી

સુશીલા વોરા ચેરિટેબલ એન્ડ મેડિકલ ટ્રસ્ટ, મોટી ખાખર ગામ, મુંદ્રા

ડોકટર કન્સલ્ટેશન

ડો. આકાશ પટેલ
કન્સલ્ટન્ટ - ફિઝિશિયન
ડાયાબિટીસ, થાયરોઇડ, બ્લડ પ્રેશર અને હૃદયની સમસ્યાઓ, લીવર, કિડની અને પેટ-આંતરડાના રોગો, દમ, ન્યુમોનિયા, TB અને અન્ય વાયરસ/બેક્ટેરિયાથી થતા રોગો, સેપ્સિસ અને શોક જેવા કટોકટીના કેસોની સારવાર, હેલ્થ સ્ક્રીનિંગ અને રૂટીન એડલ્ટ ચેક-અપ.

ડો. અવિનાશ ચૌધરી
કન્સલ્ટન્ટ, ઓર્થોપેડિક સર્જન
ફ્રેક્ચર અથવા મચકોડાઈ જવું, જટિલ ટ્રોમા, ઘૂંટણ તથા થાપા નો દુઃખાવો, કમર અને ગરદનનો દુઃખાવો, સ્નાયુનો ખેંચાણ, રમત-ગમત દરમ્યાન થતી ઈજાઓ, બાળકોમાં થતા હાડકાનાં ફ્રેક્ચર, સાંધામાં દુઃખાવો અને સોજો આવાની સમસ્યા

નિઃશુલ્ક સેવાઓ • ઇસીજી • સુગર (આરબીએસ)

અપોઈન્ટમેન્ટ માટે : +91 87581 21645

સ્ટર્લિંગ રામ ક્રિષ્ના સ્પેશ્યાલીટી હોસ્પિટલ
પ્લોટ હેલ્થ સેન્ટર, વાય.એમ.સી.એ. પાસે, ઈફ્કો કોલોની સામે, ગાંધીધામ - 370 201 ગુજરાત
ફોન નં. 02836-619600, +91 9574000618

NEWS PAPER

## સૌનો સાથ-સૌનો વિકાસના સુત્રને સાર્થક કરવાનો વ્યક્ત થતો વિશ્વાસ

# વોર્ડ નં.૧૨મા ભાજપના ઉમેદવારોને ડોર-ટુ ડોર પ્રચારમાં મળતો ઉમળકાભેર આવકાર





**વિધાનસભાના પૂર્વ અધ્યક્ષા, પૂર્વ ધારાસભ્યશ્રી, કચ્છના દિગ્ગજ રાજકીય આગેવાન અને લોકસેવીકાની અનેરી છબી ધરાવતા ડો. નિમાબેન આચાર્ય તથા ડો. ભાવેશ આચાર્યએ મતદારોને કહ્યુ કે, વોર્ડ ૧૨ના ભાજપના ઉમેદવારોને મત એટલે સમગ્ર વિસ્તારના વિકાસને આવકાર : મોદીજી-ભુપેન્દ્રભાઈની વિકાસનીતીઓ અને જગદિશ વિશ્વકર્માજીની સમગ્ર ટીમની સંગઠન શકિત-પ્રજાસેવાને ધ્યાને લઈ ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા ડો. નીમાબેને વોર્ડવાસીઓને કરી અપીલ : સમગ્ર વિસ્તારમાં ઠેર-ઠેર લોકોએ ભાજપના ઉમેદવારોની તરફેણમાં દેખાડયો વર્તારો**

ગાંધીધામ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થવા પામી ગયુ છે. આગામી ૨૬મીએ કચ્છમાં પણ સ્થાનિક સ્વરાજયના જંગ માટે મતદાન યોજાવવાનુ છે ત્યારે વહીવટીતંત્રની સાથે જ ઉમેદવારો પણ ડોર-ટુ-ડોર લોકો સમક્ષ પ્રજાસેવાની કટિબદ્ધતા સાથે પહોચી અને મતની અપીલ કરી રહ્યા છે. દરમ્યાન જ ગાંધીધામના વોર્ડ ૧૨માં અનીતાબેન શંકરભાઈ દક્ષીણી, મહેશભાઈ માણસીભાઈ ગઢવી, કમલેશભાઈ નારાયણ પરીયાની તથા સપનાબેન જયંતીભાઈ બજાણીયાને ભાજપ દ્વારા મેદાનમાં ઉતારાયા છે.

સ્વચ્છ પ્રતિભા, કર્મનિષ્ઠ પ્રજાસેવક, લોકહિતને વરેલા ઉમેદવારોને સમગ્ર વોર્ડ વિસ્તારમાથી ઉમળકાભેર આવકાર પ્રાપ્ત થવા પામી રહ્યો છે. વોર્ડ ૧૨માં ભાજપના ચારેય ઉમેદવારોને ધીંગા મતદાન-જંગી લીડથી વિજય બનાવવા માટે વિધાનસભાના પૂર્વ અધ્યક્ષા ડો. નિમાબેન આચાર્ય, ડો.ભાવેશ આચાર્ય સહીતના મોભીઓ દ્વારા ડોર-ટુ-ડોર પ્રચાર અભિયાનમાં જોડાઈ અને ભાજપના ઉમેદવારોને મત એટલે સમગ્ર સંકુલના સર્વાંગી વિકાસને વધુ એક તક. ડો. નીમાબેન દ્વારા મતદારોને અપીલ કરાઈ છે કે, નરેન્દ્રભાઈ-ભુપેન્દ્રભાઈની વિકાસનીતી અને જગદીશ વિશ્વકર્માજીની સંગઠન શકિત તથા પ્રબળ લોકસેવાની સૌનો સાથ સૌનો વીકાસ સાંધવા અને તે સુત્રને વોર્ડ ૮માં વધુને વધુ મજબુતાથી અમલી બનાવવા માટે ભાજપના ચારેય ઉમદવારોને ભવ્ય જીતથી વિજયી બનાવો. સમગ્ર વોર્ડમાં ડો. નિમાબેન, રામકરણ તીવારી, સહિતના આગેવાનો દ્વારા ડોર ટુ ડોર ઝંઝાવાતી પ્રચરા બાદ સમગ્ર વિસ્તારમાં ચારેય ઉમેદવારોને ભરપુર આવકાર પ્રાપ્ત થવા પામી રહ્યો છે.

## શ્રીરામ ગ્રુપ ગાંધીધામ દ્વારા 'ધ ફાલ્કન' નામના અત્યાધુનિક લક્ઝરી રહેણાંક પ્રોજેક્ટ લોંચ






શ્રીરામ ગ્રુપ ગાંધીધામ દ્વારા ગુરુગ્રામમાં ગોલ્ફ કોર્સ રોડ પર 'ધ ફાલ્કન' નામના અત્યાધુનિક લક્ઝરી રહેણાંક પ્રોજેક્ટની લોંચ કરતા અમે હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.રિયલ એસ્ટેટ ડેવલપર 'ડેલકોર' આ ઉત્તર ભારતનો પ્રથમ 'YOO' બ્રાન્ડેડ પ્રોજેક્ટ છે, જેના ઈન્ટિરિયર પ્રખ્યાત ડિઝાઈનર ફિલિપ સ્ટાર્ક દ્વારા અને આર્કિટેક્ચર UHA દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ સિંગલ આઈકોનિક ટાવરમાં આશરે ૯૬ અલ્ટ્રા-લક્ઝરી ૩મ્ૐદ્ધ અને ૪મ્ૐદ્ધ ઘરો હશે. કુલ ૩ લાખ ૬૦ હજાર સ્કવેર ફૂટ બાંધકામ સાથેનો આ પ્રોજેક્ટ છે. અદ્યતન સુવિધાઓ સાથે નો આ ભવ્ય અને અત્યાધુનિક લક્ઝરી રહેણાંક પ્રોજેક્ટ છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | | 8 | 6 | | | |
| | 5 | 9 | | | 7 | | | 8 |
| | | | | | | | | 7 |
| | 6 | | | 4 | | 8 | | |
| | 4 | 3 | 2 | | 8 | 5 | 9 | |
| | | 5 | | 6 | | | 3 | |
| 1 | | | | | | | | |
| 2 | | | 4 | | | 7 | 1 | |
| | | | 8 | 9 | | 2 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 9 | 3 | 8 | 4 | 2 | 5 | 7 |
| 2 | 5 | 7 | 9 | 1 | 6 | 4 | 8 | 3 |
| 8 | 3 | 4 | 2 | 5 | 7 | 6 | 9 | 1 |
| 9 | 7 | 8 | 4 | 6 | 3 | 1 | 2 | 5 |
| 5 | 4 | 6 | 7 | 2 | 1 | 8 | 3 | 9 |
| 3 | 2 | 1 | 5 | 9 | 8 | 7 | 6 | 4 |
| 4 | 8 | 5 | 1 | 3 | 2 | 9 | 7 | 6 |
| 6 | 1 | 3 | 8 | 7 | 9 | 5 | 4 | 2 |
| 7 | 9 | 2 | 6 | 4 | 5 | 3 | 1 | 8 |

# અવસાન નોંધ

**અંજાર** : પ્રજાપતિ રામુબેન (પૂર્વ અંજાર નગરપાલિકા કાઉન્સિલર) તે ધીરજલાલ વેલજીભાઈ આડીસરાના પત્ની, સ્વ. ડાયાબેન અને સ્વ. વેલજીભાઈ જેમલભાઈના પુત્રવધૂ, ભચીબેન, રમેશભાઈના ભાભી, સ્વ. વીરીબેનના જેઠાણી, નિમુબેન, મીનાબેન, નવીનચંદ્ર, વિનોદચંદ્રના માતા, અલ્પાબેન, અમરસીભાઈ, અશોકભાઈના સાસુ, જસમીતાના દાદીસાસુ, હિતેષ, પૂજા, પ્રકાશ, રાહુલ, જિજ્ઞા, ભારતીના મોટીમા, રવીન્દ્ર, ધર્મિષ્ટા, કિશનના દાદી, મિહિર, ધ્રુમી, કૌશિકના મોટા નાની, સ્વ. લક્ષ્મીબેન અને સ્વ. ધરમશીભાઈ જશાભાઈ હમીપરા (ગાગોદર, તા. રાપર)ના પુત્રી તા. ૨૧-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦ પ્રજાપતિ સમાજ ભવન (પ્રજાપતિ છાત્રાલય), નયા અંજાર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**અંજાર** : ઓઝા નાનાલાલભાઈ (જીએસએફસી રિટાયર્ડ) (ઉ.વ. ૭૪) તે સ્વ. લખમીબેન અને ખીમજીભાઈ બેચરભાઈ ઝંઝવાડિયા (દાળિયાવાળા)ના પુત્ર, ગં.સ્વ. અનસૂયાબેનના પતિ, દીપક, રવીન્દ્ર, ભાવનાના પિતા, નિતાબેન, આશાબેન, મનીષભાઈ (લંડન)ના સસરા, સ્વ. અમરશીભાઈ (દાળિયાવાળા-અંજાર), સ્વ. વાલજીભાઈ, સ્વ. રામજીભાઈ, સ્વ. તારાબેન, સ્વ. ગંગાબેનના ભાઈ, ગં.સ્વ. શાન્તિબેન, ગં.સ્વ. પ્રેમિલાબેન, ગં.સ્વ. જયાબેનના દિયર, સ્વ. ધનીબેન અને સ્વ. દામજીભાઈ મેરામણભાઈ ભટ્ટી (અંજાર)ના જમાઈ, નિર્મળા, દક્ષા, તરલા, સ્વ. ધીરજ, સુરેશ, વસંત, સ્વ. સુનીલ, પુષ્પા, કલ્પેશ, જયેશ, સ્વ. સાગર, સ્વ. રમીલાના કાકા, વર્ષાબેન, મિત્તલબેનના કાકાજી સસરા, જાનવી, હેતવી, સાક્ષી, ધ્રુવી, યશસ્વીના દાદા, મોક્ષા, રુદ્રાક્ષના નાના, હંસાબેન અને મોહનભાઈ પરબતભાઈ વારૈયા (માધાપર), ગં.સ્વ. વિજયાબેન અને સ્વ. મેઘજીભાઈ કારાભાઈ વારૈયા (લંડન), ગં.સ્વ. હંસાબેન અને સ્વ. વિશનજીભાઈ ગાભાભાઈ નાથાણી (અંજાર)ના વેવાઈ તા. ૨૦-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦ પ્રજાપતિ સમાજ ભવન (છાત્રાલય), નયા અંજાર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**અંજાર** : મૂળ હાજાપરના ક.ગુ.ક્ષ. મિસ્ત્રી વરૂ દીપેશ જેન્તીભાઈ (ઉ.વ. ૩૩) તે વરૂ રીટાબેન અને જેન્તીભાઈના પુત્ર, ખ્યાતિ, ગુડ્ડી, નીલેશ, પ્રજ્ઞેશ, અશ્વિન, દિલીપના ભાઈ, બલરામભાઈ રઘુભાઈ વરૂના ભત્રીજા, રિયા, મોક્ષિતના મામા તા. ૨૨-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ભાઈઓ અને બહેનોની પ્રાર્થનાસભા તા. તા. ૨૪-૪-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦ કચ્છ ગુર્જર ક્ષત્રિય મિસ્ત્રી સમાજવાડી, અંજાર ખાતે.

**રાપર** : મૂળ મૌવાણાના વાઘેલા હુલાસબા (ઉ.વ. ૮૫) તે સ્વ. મદારસંગ દોલુભા વાઘેલાના પત્ની, મહેન્દ્રસિંહ તથા કુંદનસિંહના માતા, સ્વ. કુલદીપસિંહ, સ્વ. રાજવીરસિંહ, હરદીપસિંહ, પ્રિયરાજસિંહ, જયવીરસિંહના દાદી, સ્વ. હેમુભા રૂપસંગજી જાડેજા (કોઠારા)ના પુત્રી તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૨૪-૪-૨૦૨૬ના શુક્રવારે નિવાસસ્થાન અયોધ્યાપુરી, રાપર ખાતે.

**ભુજ** : બલોચ અલીખાન (માજી નગરસેવક ભુજ નગરપાલિકા) (ઉ.વ. ૬૦) તે મ. જૂસબખાન પીરૂખાનના પુત્ર, મ. મામદખાન પીરૂખાન (નિરોણા)ના જમાઈ, મ. બાબુખાન (પીજીવીસીએલ), મ. કરીમખાન (કમ્પાઉન્ડર), આમદખાન, અનવરખાનના ભાઈ, અકબરખાન (નિરોણા), અજિતખાન (નિરોણા), મ. ફિરોજખાન (નિરોણા)ના બનેવી, મોઈનખાનના પિતા, ઈમરાનખાન (પીજીવીસીએલ)ના સસરા, મોગલ ગુલબેગ (નિરોણા)ના ભાણેજ તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૫-૪ના શનિવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન, ખારીનદી રોડ, અમન નગર, ભુજ ખાતે.

**ભુજ** : રાજગોર ભાઈલાલ જીવરામ મોતા (ઉ.વ. ૭૬) તે સ્વ. જશોદાબેન જીવરામ મોતાના પુત્ર, ગં.સ્વ. મુક્તાબેનના પતિ, સ્વ. જમનાબેન મેઘજી માકાણી (મંદિરવાળા) (આદિપુર)ના જમાઈ, જિજ્ઞાબેન, વૈશાલીબેન, અવનીશભાઈ (મ.શિ. ભીમરાવ નગર શાળા નં. ૧૫-ભુજ)ના પિતા, હર્ષદભાઈ નાકર (એસ. ટી. વર્કશોપ), વૈભવભાઈ ભાવસાર (અમદાવાદ), કાજલબેનના સસરા, પદ્મ, ધાત્રીના દાદા, વૈભવ, દેવના નાના, સ્વ. ચંદ્રકાન્તભાઈ, કાન્તિલાલ, નરેન્દ્રભાઈ, ગં.સ્વ. ગોદાવરીબેન વિશનજી, ગં.સ્વ. હીરાગૌરીબેન જેન્તીલાલ, સ્વ. ચંપાબેન ઘનશ્યામભાઈ, ગં.સ્વ. સાવિત્રીબેન નગિનભાઈ, પ્રતિમાબેન હરીશભાઈના ભાઈ, ગં.સ્વ. પ્રવીણાબેનના દિયર, અમૃતબેન, નિર્મળાબેનના જેઠ, દિગંત, સ્વ. દેવાંગ, રાજન, જિતેન, વિરેન, સ્મિતાબેન દિનેશભાઈ, શર્મિલાબેન વિપુલભાઈ, હેમાલીબેન નયનભાઈના કાકા, પલ્લવીબેન, સ્વાતિબેન, શિલ્પાબેન, શીતલબેનના કાકાજી સસરા, અમૃતબેન રવિલાલ મોતા, હરીશભાઈ (જય ગિરનારી), અશોકભાઈ (આદિપુર)ના બનેવી, વિમળાબેન, ભારતીબેનના નણદોઈ તા. ૨૨-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૦૨૬ના સાંજે ૫.૩૦થી ૬.૩૦ ત્ર્યંબકેશ્વર રાજગોર સમાજવાડી, સરપટ નાકા બહાર, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : સવિતાબેન પ્રવીણભાઈ પરમાર (લુહાર) (ઉ.વ. ૬૫) તે સ્વ. પ્રવીણભાઈ શિવજીભાઈ પરમારના પત્ની, સ્વ. નર્મદાબેન શિવજીભાઈના પુત્રવધૂ, અજય, મૌસમીના માતા, અલ્પાબેન, પ્રદીપ મહેશભાઈ પિત્રોડાના સાસુ, હર્ષવી, કુશના દાદી, આદિત્યના નાની, મંજુલાબેન કિશોરભાઈ ઉમરાણિયા (કેરા), અનસૂયાબેન નવીનભાઈ પિત્રોડા (આદિપુર), ઘનશ્યામભાઈ શિવજીભાઈ (અંજાર)ના ભાભી, હેમલતાબેનના જેઠાણી, દેવ, જાગૃતિ, ખુશાલી, રેખા, જાનકીના મોટીમા, સ્વ. ખીમજીભાઈ પ્રાગજીભાઈ (અંજાર)ના પુત્રી, સ્વ. બાબુલાલ ખીમજીભાઈ પિત્રોડાના બહેન તા. ૨૨-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૫થી ૬ સોની સમાજવાડી, જૂનાવાસ, માધાપર ખાતે.

**ઝુરા (તા. ભુજ)** : કાન્તાબેન જોગેલ (ઉ.વ. ૭૨) તે સ્વ. રામજી ખેતાભાઈના પત્ની, અમરતબેન ખીમજીભાઈ (વાલ્કા), મંજુબેન, કાનજીભાઈ જોગેલના માતા, જશોદાબેન, રસીલાબેન, રવિનાબેન, ભાઈલાલ દેવજી જોગેલ (અંગિયા નાના)ના મોટીમા, સ્વ. વેલજીભાઈ, રમુભાઈ સેખાણી (દેવપર)ના પુત્રી, મનજીભાઈ, સ્વ. રામજીભાઈ, દેવજીભાઈ, વીરજીભાઈ, મોહનભાઈના બહેન, ઉમરાબેન (રાજપર), હાસબાઈ (દેવપર), મુરીબેન (માધાપર)ના બહેન, મેઘબાઈ (માનકૂવા), નાનુબેન મનજીભાઈ (સિયોત)ના ભાભી તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. બારસ તા ૨૫-૪ના.

**રાયધણપર (તા. ભુજ)** : ખેંગારભાઈ જીવાભાઈ બરાડિયા (ઉ.વ. ૭૫) તે મ્યાજરભાઈ, ધનીબેન, હરિભાઈ, પુંજીબેનના પિતા, ધનાભાઈ, મેગરભાઈ, સામતભાઈ, ડાઈબેન, લખીબેનના ભાઈ, રીનાબેન (પી.એસ.આઈ. - રાજકોટ), વિષ્ણુ (પી.એસ.આઈ. - રાજકોટ), મિત્તલ, ભાવના, પાર્થ, જિજ્ઞેશના દાદા તા. ૨૩-૪ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાન રાયધણપર ખાતે.

**માંડવી** : પુરીબેન (ઉ.વ. ૮૫) તે સ્વ. કાનજીભાઈના પત્ની, મણિલાલ, મણિબેન, સામખુરબેન, અમરતબેનના બહેન, નર્મદાબેનના નણંદ, પ્રવીણભાઈ, ચંદ્રિકાબેન, જ્યોતિબેનના માતા, રીનાબેન, કિશોરભાઈ, જયેશભાઈના સાસુ, શિવાંશ, સૃષ્ટિના દાદી, મીના, વિમલ, રાધિકા, ભક્તિ, બંસીના નાની તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૪ના સાંજે ૫થી ૬ સલાટ સમાજવાડી, માંડવી ખાતે.

**માંડવી** : હનુબેન વેગડા (વાલ્મીકિ) (ઉ.વ. ૮૦) તે સ્વ. કાકુ વેગડાના પત્ની, સ્વ. શિવજી નાથા મકવાણાના પુત્રી, શાંતિ મકવાણા, સ્વ. માવજી મકવાણા, સ્વ. પ્રભુ મકવાણાના બહેન, અશોક, રાકેશના માતા, તારુબેન, તેજલબેનના સાસુ, ભાવિક, જેમિની, હાર્દિક, કાવ્ય, શિવમના દાદી તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. ઉઠમણું તા. ૨૪-૪ના શુક્રવારે સાંજે ૪થી ૫ વાલ્મીકિ સમાજવાડી, વાલ્મીકિવાસ, માંડવી ખાતે.

**મસ્કા (તા. માંડવી)** : મંજુલાબેન માકાણી (ઉ.વ. ૬૫) તે સ્વ. ચંદ્રકાંત જેઠાલાલ માકાણીના પત્ની, સ્વ. પુરબાઈ દયારામ નાનજી મોતા (મસ્કા)ના પુત્રી, ગં.સ્વ. સરસ્વતીબેન, રામજીભાઈ, સ્વ. નવીનભાઈ, જિતેન્દ્રભાઈના બહેન, લીલાવંતીબેન, સરોજબેન, પ્રીતિબેનના નણંદ, ભાવેશ, અંકિત, ભાવેશ, ભાવિકા, રિદ્ધિ, સાલીની, ઈશા, નેહા, ભક્તિના ફઈ, નવીનભાઈના નાના ભાઈના વહુ, રમેશભાઈ, સુરેશભાઈ, રાજુભાઈના ભાભી, હેમલતાબેનના દેરાણી, પ્રતિમાબેન, પ્રજ્ઞાબેનના જેઠાણી, કમળાબેન, ભારતીબેનના ભાભી, હિતેષ, મિતા, પાર્થવી, વિનય, પ્રિયેન, આશિષના કાકી, રાજન, ભાવિક, બીના, રૂપેશ, કૌશિક, મહેન્દ્રના મામી તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૪ના શનિવારે સાંજે ૪થી ૫ મંગલાજ માતાજી મંદિરનો વંડો, નવાવાસ, મસ્કા ખાતે.

**નખત્રાણા** : મૂળ કોટડા-જ.ના અનિલ માવજી પિત્રોડા (લુહાર) (ઉ.વ. ૪૯) તે હંસાબેનના પતિ, મીત, વૈદેહીના પિતા, સ્વ. કાંતાબેન માવજી પિત્રોડાના પુત્ર, સ્વ. ઉમરશીભાઈ (હકુભાઈ), સ્વ. જલારામભાઈ, પરષોત્તમભાઈ, નરેન્દ્રભાઈ, દેવમણીબેન માણિલાલ રાઠોડ (માધાપર), સ્વ. ઊર્મિલાબેન કેશવજી વાઘેલા (સુખપર), ભગવતીબેન રાજેશભાઈ રાઠોડ (માધાપર), કમળાબેન કાંતિલાલ વાઘેલાના નાનાભાઈ, નર્મદાબેન, મીનાબેન, વિજયાબેન, નિશાબેનના દિયર, ગં.સ્વ. મંજુલાબેન વેલજીભાઈ પરમારના જમાઈ, સરલાબેન ઉમેશભાઈ પિત્રોડા (અહમદવાદ), હેતલબેન કલ્પેશભાઈ પઢારિયા (સુખપર), હિરેન વેલજીભાઈ પરમાર (મૂળ નખત્રાણા હાલે દેવપર યક્ષ)ના બનેવી તા. ૨૨-૦૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પાર્થનાસભા તા. ૨૪-૪-૨૦૨૬ના સાંજે ૪થી ૫ લુહાર સમાજવાડી, ઉમિયાનગર, નખત્રાણા ખાતે.

**આશાપર (તા. લખપત)** : રામબા કાનજી સોઢા (ઉ.વ. ૬૨) તે સોઢા કાનજી હંસરાજજીના પત્ની, સોઢા થાપસિંહ વિરમજીના નાના ભાઈના પત્ની, જીતુભા, રણજિતસિંહ, કિરીટસિંહ, ખેતુભાના માતા, રૂપસિંહ, સરદારસિંહ, બહાદુરસિંહ, ચંદનસિંહ, મંગલસિંહ, ભચુભા, શિવુભા, જીવુભાના કાકી, સહદેવ, રાજવીર, કુલદીપ, સુરપાલ, રાજદીપ, દિવ્યરાજ, દશરથના દાદી, જાડેજા ગાભુભા દાનસંગજી (ઝુરા)ના બહેન, નવલસિંહ તથા સમરથસિંહના ફઈબા તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા દશાવો તા. ૨૪-૪ના, ઘડાઢોળ બારસવિધિ તા. ૨૬-૪ના નિવાસસ્થાન આશાપર ખાતે.

**માતાના મઢ (તા. લખપત)** : જાગરિયા (ભુવા) કરમશીભાઈ શિવજી (ઉ.વ. ૮૫) તે દયારામ, રમેશભાઈ, મુરજીભાઈના પિતા, દેવજીભાઈ, માવજીભાઈ, ભીખાલાલના કાકા, હરિલાલભાઈ (સોઢા) (વિરાણી), કરશનભાઈ (લાડક) (સિયોત)ના સસરા, રમેશ, નારણ, સંજય, વિજય, જયેશ, અલ્પેશ, ગિરિના દાદા તા. ૧૪-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ઘડાઢોળ (પાણી) તા. ૨૫-૪-૨૦૨૬ના.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન બિદડાના લક્ષ્મીચંદ લાલજી ફુરીયા (ઉ.વ. ૮૬) ૨૨-૪ના અવસાન પામેલ છે. લાડબાઈ લાલજીના પુત્ર. કસ્તુરબેનના પતિ. સમીર, ભારતી, દિવ્યા (નેહા)ના પિતા. નેમચંદના ભાઈ. નાના ભાડિયા પાનબાઈ શીવજી ધનજી ગડાના જમાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રી. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪થી ૫:૩૦.

## કચ્છનોંધ

**રામકૃષ્ણ શારદા સેવા આશ્રમ -અંજાર**

● ડો. ખ્યાતિ બેન પઢીયાર દર મંગળવાર તથા શુક્રવાર ના સવારે ૯-૧૦ મા શારદા દવાખાના મા નિશુલ્ક (ફ્રી) હોમપેથીક નિદાન તથા દવા પણ આપવામાં આવશે રામકૃષ્ણ શારદા સેવા આશ્રમ બીલેશ્વરનગર અંજાર સંપર્ક ૯૪૨૯૦૪૧૧૩૬

**વૃક્ષ મિત્ર સંગીત સભા**

● વૃક્ષ મિત્ર સંગીત સભા તા.૨૫/૪ને શનિવારના સાંજે ૬.૩૦ થી ૯.૩૦ તથા વૃક્ષ મિત્ર નિઃશુલ્ક સંગીત ક્લાસ તા.૨૬/૪ને રવિવારના સાંજે ૬ થી ૮ ડો. શ્યામા પ્રસાદ મુખર્જી વૃક્ષ મિત્ર ગાર્ડન, પ્રમુખ સ્વામી મહારાજ સર્કલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય પાસે, મુન્દ્રા રીલોકેશન, ભુજ ખાતે.

**કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા**

● કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે તા.૨૫-૪ના સાંજે ૫ વાગે સાહિત્ય ગોષ્ટી સાથે કાવ્ય પઠન બેઠક નરસિંહ ભગવાન મંદિર ખાતે યોજવામાં આવશે.

## ભારત વિકાસ પરિષદ અંજાર દ્વારા

# એસ.ટી. બસ સ્ટેશન પરિસરમાં મુસાફરો માટે નિઃશુલ્ક છાશ વિતરણ સેવા શરૂ




અંજાર : ભારત વિકાસ પરિષદ, અંજાર શાખા ગત વર્ષોની જેમ આ વર્ષે પણ ભારત વિકાસ પરિષદ, અંજાર શાખા દ્વારા તા. ૨૧ એપ્રિલથી અંજાર એસ.ટી. બસ સ્ટેશન પરિસરમાં મુસાફરો માટે નિઃશુલ્ક છાશ વિતરણ કેન્દ્રની સેવા શરૂ કરવામાં આવી છે. ઉનાળાની તીવ્ર ગરમીને ધ્યાનમાં રાખીને મુસાફરોને તાજગી અને રાહત મળે તે હેતુથી આ સેવા શરૂ કરવામાં આવી છે. આ છાશ કેન્દ્રનું શુભારંભ અંજાર સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય સંત શ્રી વેદાંત સ્વરૂપ સ્વામી તથા શ્યામ સુજાણ દાસજી સ્વામીના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે સંસ્થાના પદાધિકારીઓ, જેમાં શાખા પ્રમુખ પરેશભાઈ સોની, સચિવ મનોજભાઈ અબોટી, તેમજ પ્રકલ્પ સંયોજક શ્રી હિતેષભાઈ પ્રજાપતિ તેમજ શાખાના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત એસ.ટી. વિભાગના અધિકારીઓ અને અંજાર બસ ડેપોના મેનેજર શ્રી હીરાભાઈ શામળા તથા સ્ટાફના સભ્યો પણ ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો. આ આયોજનમાં એસ.ટી. તંત્રનો ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થયો છે, જેના માટે પરિષદ તેમની આભારી છે. આ છાશ વિતરણ કેન્દ્ર લગભગ એક મહિના સુધી સતત કાર્યરત રહેશે અને દરરોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા થી સેવા આપવામાં આવશે, જેથી મુસાફરોને ઉનાળામાં ઠંડક અને આરામ મળી રહે. ભારત વિકાસ પરિષદ અંજાર શાખા દ્વારા કરવામાં આવેલ આ સેવાકીય કાર્યને મુસાફરો તરફથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સેવા જ પરમો ધર્મ

# ગાંધીધામમાં શરીર સંતુલન શિબિર યોજાશે

ગાંધીધામ : ગાંધીધામમાં મારવાડી યુવા મંચ તથા એન આર ગુપ્તા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી શરીર સંતુલન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ શિબિરમાં શ્રી ધર્મેન્દ્રભાઈ કનોજીયા તેમની આ થેરાપી દ્વારા અનેક સાધ્ય રોગો જેવા કે સાંધાના દુખાવા, વા, સાઈટીકા, કમરની તકલીફ, ડાયાબિટીસ, સ્ત્રી- પુરુષની ગુપ્ત સમસ્યાઓ, બાળકોની તકલીફો, ચામડીના દર્દો, સર્વાઈકલની તકલીફ વગેરે જેવી બીમારીઓ નો કોઈ પણ જાતની દવા વગર માત્ર આસન દ્વારા રોગોમાંથી મુક્તિ મળે છે. આ શિબિર કંડલા ટિમ્બર એસોસિયેશન હોલ પ્લોટ નંબર- ૪૭, સેક્ટર- ૮, ગાંધીધામ ખાતે યોજવામાં આવે છે આ શિબિરમાં ત્રણ દિવસ આવવું જરૂરી છે. સમય ૧૦.૦૦ થી ૪:૩૦ તારીખ : ૭ -૮- ૯ જુલાઈ ૨૦૨૫.

## રત્નકણિકા

**કાર્ય માટેની સફળતાનું રહસ્ય કાર્ય કરનારની નિષ્ઠામાં છુપાયેલું હોય છે.- ડિજરાયલી**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૮ દૂર્ગાષ્ટમી તા.૨૪ એપ્રિલ ૨૦૨૬, શુક્રવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૬, પુષ્ય નક્ષત્ર, શૂળ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૫, સૂ.અ.૭:૧૪

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : ભાઈ-બહેનનો સહકાર મળે. પર્યટન-પ્રવાસનું આયોજન થાય.

**વૃષભ** : કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.

**મિથુન** : સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.

**કર્ક** : સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.

**સિંહ** : ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.

**કન્યા** : ભાગીદારીથી આર્થિક લાભ, પડવા-વાગવાથી સંભાળવું.

**તુલા** : ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

**વૃશ્ચિક** : માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર આવે.

**ધન** : રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.

**મકર** : લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગત્તિ થાય.

**કુંભ** : વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. જીવનસાથીનો સહકાર મળે.

**મીન** : પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.

# કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ દ્વારા છેલ્લા ૧૨ દિવસ દરમિયાન કચ્છની છ એ છ વિધાનસભા બેઠકો પર ઝંઝાવાતી પ્રચાર





**જિલ્લા અધ્યક્ષના વિવિધ બેઠકો પૈકી શહેરી, ગ્રામ્ય, અંતરિયાળ, દુર્ગમ વિસ્તારોના અવિરત પ્રવાસ દરમિયાન મળેલ અભૂતપૂર્વ જનસમર્થનથી એક ઐતિહાસિક જીત નિશ્ચિત : જિલ્લા ભાજપ અધ્યક્ષે જિલ્લાભરના પ્રવાસ બાદ કચ્છના લોકોની મોદીજીની સેવા અને રાષ્ટ્રવાદની રાજનૈતિક વિચારધારામાં ભારોબાર વિશ્વાસ હોવાની ખુશી વ્યક્ત કરી**

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના પ્રચાર પ્રસાર જોરશોરથી ચાલુ છે ત્યારે કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જિલ્લાભરની વિવિધ સીટોના પ્રવાસમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને મળી રહેલા જનસમર્થનને જોઈ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ભારે બહુમતી મળશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

જિલ્લા અધ્યક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ થવાની સાથે જ સમગ્ર કચ્છના ખૂણાખૂણાનો પ્રવાસ શરૂ કરી દેવાયો હતો અને અત્યાર સુધી જિલ્લાની વિવિધ જિલ્લા પંચાયતોની સીટો તેમજ નગરપાલિકાઓમાં પ્રવાસ કરી સભાઓ, સંમેલનો, બેઠકો, પોકેટ મિટિંગ, ખાટલા પરિષદો, કાર્યાલયોના ઉદ્ઘાટનો, સામૂહિક લોકસંપર્ક, વ્યક્તિગત મુલાકાતો તેમજ અલગ અલગ સામાજીક આગેવાનો સાથે બેઠકો યોજીને એક જોશીલા, વેગવંતા અને અવિરામ પ્રચાર પ્રસાર દ્વારા ભારતીય જનતા પાર્ટીને ભવ્યાતિભવ્ય વિજય અપાવવા લોકોને અપીલ કરી હતી.

જિલ્લા અધ્યક્ષે કરેલા પ્રવાસમાં લખપત તાલુકાના દયાપર અને ગાંધીધામ મહાનગર ખાતે મુખ્યમંત્રી સાથે વિકાસ સંકલ્પ સભા, અંજાર શહેર અને તાલુકા મંડળ સાથે બેઠકો તેમજ અંજાર ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન, રતનાલ ખાતે જિલ્લા અને તાલુકા પંચાયત બેઠકોના કાર્યાલયનું ઉદ્ઘાટન, મુન્દ્રા તાલુકાના ભદ્રેશ્વર જિલ્લા પંચાયત સીટના કાર્યાલયનું ઉદ્ઘાટન અને લોકસંપર્ક, મુન્દ્રા શહેર મંડળ સાથે બેઠક, ભુજ તાલુકાની માધાપર અને સુમરાસર જિલ્લા પંચાયત બેઠકોના કાર્યાલયોના ઉદ્ઘાટન, નિરોણા જિલ્લા પંચાયતના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન, રાપર જિલ્લા અને તાલુકા પંચાયત બેઠકોના મધ્યસ્થ કાર્યાલયોને ખુલ્લા મુકવા સાથે લોકસંપર્ક, માંડવી તાલુકાના મોમાયમોરા ખાતે તલવાણા બેઠકના ઉમેદવારના સમર્થનમાં વિજય વિશ્વાસ સંમેલન ઉપરાંત ભુજ નગરપાલિકા અને ગાંધીધામ મહાનગરપાલિકાના વિવિધ વોર્ડના કાર્યાલયોના ઉદ્ઘાટન અને લોકસપર્કમાં જોડાયા હતા. નખત્રાણા ખાતે જિલ્લા અધ્યક્ષના પ્રવાસમાં આમ આદમી પાર્ટીના અધ્યક્ષ ભાજપ માં જોડાયા હતા.

શ્રી વરચંદે પ્રવાસ દરમિયાન લોકો દ્વારા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને મળી રહેલા જનસમર્થનને જોઈ જણાવ્યું હતું કે, લોકોનો ભાજપ માટેનો પ્રેમ અને કાર્યકરોનો બુલંદીએ પહોંચેલો ઉત્સાહ જોઈને આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ વિરોધીઓના ગઢને સંપૂર્ણ ધરાશાયી કરીને સફળતા પૂર્વક ભારે બહુમતીથી તમામ જિલ્લા પંચાયત બેઠકો, તમામ તાલુકા પંચાયતો અને બધી જ નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીનું કમળ સોળે કળાએ ખીલશેજ વિશેષમાં શ્રી વરચંદે જણાવ્યું હતું કે, જ્યારે સમગ્ર દેશ અને ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે કચ્છ પણ બાકાત નથી. કચ્છમાં પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અગણિત વિકાસકામો થયાં છે ત્યારે લોકોને આ કામોથી રાજીપો છે અને સાથે સાથે વિકાસની નિરંતર પ્રક્રિયાના ભાગરૂપે બાકી રહેલા કામો પણ આગામી સમયગાળા ભાજપ દ્વારા સવેળા પૂર્ણ થશે એવો કચ્છના લોકોને સંપૂર્ણ વિશ્વાસ અને ભરોસો છે. જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી વરચંદે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જાહેર થયા બાદ વિવિધ વિધાનસભા વિસ્તારોમાં કરેલા પ્રવાસમાં તેમની સાથે પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, અજયભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા ભાજપ પ્રભારી ફલજીભાઈ ચૌધરી, રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, પ્રદ્યુમનસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, પ્રદેશ કારોબારી સદસ્ય અરજણભાઈ રબારી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ ધવલભાઈ આચાર્ય, હિતેષભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી સહિત જીલ્લા ભાજપના હોદ્દેદારો, વિવિધ મંડલ અને મોરચાના પ્રમુખ અને મહામંત્રીઓ, પાર્ટીના આગેવાનો, કાર્યકરો, સામાજીક સંસ્થા, વ્યાપારી મંડળોના આગેવાનો સાથે જોડાયા હતા તેમજ અનેક ધર્મગુરુઓના આશીર્વાદ મેળવ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી તેમજ સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની યાદીમાં જણાવાયું હતું.

# ભુજમાં વોર્ડ નં.૪ ભાજપ દ્વારા ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને જાહેર સભા યોજાઈ



ભુજ - કચ્છઉદય :ભુજ શહેરના વોર્ડ નંબર ૪ ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા આગામી ચૂંટણીના અનુસંધાને ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહ અને વિશાળ જાહેર સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પ પોલીસ ચોકી પાસે આવેલા કેમ્પ એરિયામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભાજપના દિગ્ગજ નેતાઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. મંગળવારની સાંજે આયોજિત આ કાર્યક્રમમાં સંગઠનની શક્તિ અને આગામી ચૂંટણી માટેનો ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. ચૂંટણી પ્રચાર કાર્યાલયના પ્રારંભ બાદ ઉમેદવારો દ્વારા લોક સંપર્ક અને ડોર ટુ ડોર પ્રચાર જોશભેર ચાલી રહ્યું છે. આ વિસ્તારમાં ભાજપના ઉમેદવારોને સ્વયંભુ બહોળો આવકાર મળી રહ્યો છે.

આ ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અતિથિ વિશેષ તરીકે કચ્છ જિલ્લા ભાજપના હોદેદારોએ હાજરી આપી કાર્યકર્તાઓનું મનોબળ વધાર્યું હતું. ભુજ શહેર ભાજપ પ્રમુખ મીત ભાઈ ઠક્કર તથા મહામંત્રીઓ રીતેનભાઈ ગોર અને જીગરભાઈ શાહ પણ આ તકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વોર્ડ નંબર ૪ ના ઉમેદવારો જાવેદ કાસમ માંજોઠી, ડોલીબેન ભાવેશભાઈ શાહ, બીનાબેન મહેન્દ્રભાઈ ભાનુશાલી અને એડવોકેટ હરેશભાઈ મગનભાઈ મહેશ્વરીનો પરિચય કરાવવામાં આવ્યો હતો.નોંધનીય છે કે ભાજપના જાવેદ માંજોઠી અગાઉ જ બિનહરીફ વિજેતા જાહેર થઇ ગયા છે. મંડળ ઈન્ચાર્જ દેવરાજભાઈ ગઢવી, કિરીટભાઈ સોમપુરા, બાલકૃષ્ણભાઈ ગોર અને મહીદીપસિંહ જાડેજા સહિત વોર્ડ ઈન્ચાર્જ રાજેશભાઈ ગોર, ઈસ્માઈલભાઈ માંજોઠી, હનીફભાઈ માંજોઠી અને જયદીપસિંહ જાડેજાએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી. અંતમાં વોર્ડ નંબર ૪ ના ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા તમામ કાર્યકર્તાઓ અને જનતાનો આભાર માનવામાં આવ્યો હતો. હાલે ઉમેદવારો અને કાર્યકર્તાઓ દ્વારા અંતિમ તબક્કાનો પ્રચાર ચાલી રહ્યો છે.




## ખાવડાના આરઈ પાર્કમાં ૩.૧૦ લાખનો સામાન ચોરાયો

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના ખાવડા ખાતે આવેલા આરઈ પાર્કમાં કેપીઆઈ કંપનીમાંથી ચોરી થઈ હતી. ફરિયાદી વિવેક મધુસુદન પંચાલના જણાવ્યા પ્રમાણે આરોપીઓએ પાંચ બસબાર, કોપર વાયર, અર્થિંગ પટી, નટબોલ્ટ, ટ્રાન્સફોર્મર ઓઈલ વગેરે મળી ૩.૧૦ લાખની ચોરી કરી હતી. જે મામલે અજાણ્યા ઈસમો સામે ખાવડા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## ગાંધીધામમાં થયેલા અકસ્માતમાં અંતે એ-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરમાં ચુંગીનાકા પુલ ઉતરતા હનુમાન મંદિર પાસે કંડલા હાઈવે પર અકસ્માત થયો હતો. જેમાં ટ્રેઈલર નં.જીજે૧૨ - બીટી - ૧૦૨૮ ના ચાલક લુંબારામ તુલસારામ જાટે પોતાનું ટ્રેઈલર પૂર ઝડપે ચલાવી હનુમાન મંદિરમાં ભટકાવતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. આ બનાવ અંગે એ અને બી - ડિવિઝન પોલીસ વચ્ચે હદની વિસંગતતા હતી. બન્ને થાણાઓએ એક બીજા પર ખો ખોની રમત રમી હતી. જોકે અંતે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસની હદ હોવાનું સ્પષ્ટ થતા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે રાજસ્થાનના ભોમારામ તુલસારામ જાટે ફરિયાદ નોંધાવી હતી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત કચ્છ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાએ કચ્છમાં ખાટલા બેઠકો યોજી

**ઝોન પ્રભારીની સાથે જિલ્લાની ટીમે જિલ્લા પંચાયત સીટોનો પ્રવાસ કર્યો**



ભુજ - કચ્છઉદય : લોકશાહીના પર્વ ચૂંટણીની ગણતરીના કલાકો બાકી છે ત્યારે ખૂબ જ જોરથી પ્રચાર પસાર ચાલી રહ્યો છે. કચ્છ જીલ્લા ભાજપના અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના માર્ગદર્શન અનુસાર કચ્છ જિલ્લા બક્ષીપંચ મોરચા દ્વારા કેટલાક દિવસથી સમગ્ર કચ્છની તમામ સીટો પર પ્રવાસ થઇ રહ્યો છે

ચૂંટણી અંતર્ગત કચ્છ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ હિતેશભાઈ ગોસ્વામીની આગેવાની અને માર્ગદર્શન હેઠળ સમગ્ર કચ્છમાં ૪૦૦ જેટલા શક્તી કેન્દ્ર ઉપર ખાટલા બેઠકો યોજવામાં આવી હતી અને કેટલાક વિસ્તારોમાં બુથ સમિતિની મીટીંગો, સભાઓ વગેરેનું આયોજન તમામ મંડળો દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રદેશ ભાજપ દ્વારા ઝોન પ્રભારી તરીકે કચ્છના પ્રવાસે પધારેલા વીરસિંગ ચૌધરી સાથે કચ્છ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ હિતેશભાઈ ગોસ્વામી, ઉપપ્રમુખ દિપક ડાંગર, મહામંત્રી ખેંગારભાઈ રબારી વગેરે સુમરાસર, દયાપર, પાન્ધ્રો, કેરા, માધાપર કુકમા, સુખપર વગેરે જિલ્લા પંચાયતનો પ્રવાસ કરી લોકોને ભારતીય જનતા પાર્ટી તરફ વધારેમાં વધારે મતદાન કરવા અપીલ કરી હતી. પ્રદેશના રાજુભાઈ બારો, ભુજ તાલુકા વિજયભાઈ રાજપુત, શહેર પ્રમુખ નિલય ગોસ્વામી વગેરે પ્રવાસમાં જોડાયા હતા

કચ્છના તમામ બક્ષીપંચ મોરચાના શહેર અને તાલુકા મંડળ દ્વારા તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા માં સતત લોકો વચ્ચે રહી સરકારની યોજનાઓની માહિતી આપી તમામ લોકોને ભાજપ તરફી વિકાસના પડખે રહી મતદાન કરવા અપીલ કરી હતી.

# કચ્છમાં આભમાંથી વરસી રહી છે અગનજ્વાળા

**ભુજ અને કંડલામાં પારો ૪૧ ડિગ્રીને પાર : વિકેન્ડ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં હીટવેવની આગાહી**

ભુજ - કચ્છઉદય : કચ્છના રણપ્રદેશમાં ઉનાળાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરવાનું શરૂ કરી દીધું છે. વૈશાખ મહિનાના પ્રારંભિક દિવસોમાં જ સૂર્યનારાયણ આકરા મિજાજમાં જોવા મળી રહ્યા છે, જેના કારણે સમગ્ર રણકાંધી અગનભટ્ટીમાં ફેરવાઈ ગઈ છે. ગઈકાલનો દિવસ મોસમનો સૌથી ગરમ દિવસ સાબિત થયો હતો, જેમાં કંડલા એરપોર્ટ અને આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે જિલ્લા મથક ભુજમાં પારો ૪૧.૨ ડિગ્રી સુધી પહોંચી જતાં નાગરિકો તોબા પોકારી ઉઠ્યા હતા. બપોરના સમયે માર્ગો પર અઘોષિત કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો અને લોકોએ ગરમીથી બચવા માટે ઘરમાં જ રહેવાનું મુનાસિબ માન્યું હતું.

હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી તાજેતરની વિગતો અનુસાર, આગામી શનિવાર અને રવિવાર દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ પવનો ફૂંકાવાની શક્યતા છે, જેને પગલે હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. માત્ર શહેરી વિસ્તારો જ નહીં, પરંતુ નખત્રાણા સહિતના ગ્રામીણ પંથકોમાં પણ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહેતા ખેડૂતો અને શ્રમિકો લૂના શિકાર બન્યા હતા. આકરી ગરમીના કારણે બજારમાં ઠંડા પીણાં, આઈસ્ક્રીમ તેમજ તરબૂચ અને સક્કરટેટી જેવા જલીય ફળોની માંગમાં જબરદસ્ત ઉછાળો જોવા મળી રહ્યો છે. લોકોએ ગરમી સામે રક્ષણ મેળવવા માટે ટોપી, ચશ્મા અને સુતરાઉ વસ્ત્રોનો સહારો લીધો છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા પણ બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી રહી છે.


## શતમ્ જીવઃ શરદઃ



**મહારાણી પ્રીતિદેવી ઓફ કચ્છ**

કચ્છની શાન અને આન - બાન - શાનના પ્રતીક એવા આદરણીય મહારાણી શ્રી પ્રીતિદેવીજીને તેમના જન્મદિવસ પર કોટી કોટી વંદન...
કચ્છી સંસ્કૃતિના જતન માટે આપનો સમર્પિત ભાવ આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે. ઈશ્વર આપને દિર્ઘાયુ બક્ષે અને આપનું માર્ગદર્શન સદૈવ અમને મળતું રહે એવી જ અભ્યર્થના...

શુભેચ્છાસહ
- રુદ્રાણીબેન વિપુલભાઈ દવે
- દેવરાજભાઈ વિપુલભાઈ દવે


## જાહેર નોટીસ

**રાજકોટ વિભાગના સંયુકત ચેરીટી કમિશનરશ્રીની કચેરી, રાજકોટ.**

જામનગર રોડ, જામટાવર પાસે, રાજકોટ.

(સને ૧૯૫૦ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ, અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦-અ(૩) અન્વયે સ્કીમ સુધારા અરજી)

બાબતઃ- શ્રી ભુજ લોહાણા જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ,
નો.નં. એ/૪૬/કચ્છ.
સ્કીમ સુધારા અરજી નંબર -૦૯/૨૦૨૫
સુનાવણીઃ- તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે.
અરજદારો : (૧) શ્રી હિતેશભાઈ ચત્રભુજભાઈ ઠકકર તથા અન્ય(૧)

ઉપર જણાવેલ અરજદારોએ સંયુકત ચેરીટી કમિશ્નરશ્રી, રાજકોટ સમક્ષ ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ ની કલમ-૫૦(અ)(૩) મુજબની અરજી કરી ઉપર જણાવેલ ટ્રસ્ટનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે, લેખીત બંધારણ ઘડવા અંગે ટ્રસ્ટની સ્કીમ ઘડવા અરજી રજુ કરેલ છે.

આથી સદરહુ ટ્રસ્ટમાં હિત ધરાવનાર તમામને આથી ખબર આપવામાં આવે છે કે, સદર ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે નવી સ્કીમ એટલે કે નવી યોજના ઘડવી કે કેમ? અને ઘડવી તો કેવી? તે અંગે ટ્રસ્ટમાં હિત ધરાવનારાઓએ જો કોઈ સુચનો / રજુઆતો કરવી હોય, તો તેવા સુચનો /રજુઆતો બે નકલમાં જરૂરી આધાર પુરાવાઓ અને તેના સમર્થનમાં સોગંદનામા સાથે મોડામાં મોડા તા.૨૬/૦૫/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે આ કચેરીને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

સ્કીમ અરજીની હવે પછીની સુનાવણીની કાર્યવાહી અત્રેની કચેરી ખાતે તા.૦૩/૦૬/૨૦૨૬ ના રોજ ૧૨-૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. સુચનો/રજુઆતો કરનાર ઈસમોએ સુનાવણી માટે હાજર રહેવાનું રહેશે. સદરહુ મુદતના રોજ સુચનો/રજુઆત કરનાર ગેરહાજર રહેશે તો તેઓની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ ચલાવવામાં આવશે ત્યારબાદ કોઈ સુચનો /રજુઆતો ધ્યાન પર લેવામાં આવશે નહી. ટપાલ /ટેલીફોનથી મુદ્દત આપવામાં આવશે નહિ જેની નોંધ લેશો.

આજરોજ તા.૨૨/૦૪/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તા.૨૨/૦૪/૨૦૨૬
રાજકોટ.
તૈયાર કરનારઃ
મોહિત એમ. સોલંકી,
હિસાબનીશ.

(સી.કે.જોષી)
સંયુકત ચેરીટી કમિશ્નર,
રાજકોટ.


**જન્મદિવસની હાર્દિક શુભેચ્છા**



**શ્રી વાલજીભાઈ ગઢવી**
એડવોકેટ

આત્મીય મિત્ર, નિષ્ણાંત ધારાશાસ્ત્રી અને સોસાયટીના નિષ્ઠાવાન પ્રમુખ શ્રી વાલજીભાઈ ગઢવીને તેમના જન્મદિવસના અવસરે ખૂબ ખૂબ શુભેચ્છાઓ... પરમ કૃપાળુ મા સોનલ આપને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને અખુટ સુખ-સમૃદ્ધિ આપે તેમજ આપની તમામ મનોકામના પૂર્ણ કરે તેવી શુભકામના...

-:: શુભેચ્છક ::-
વિજયભાઈ એચ.પંપાણીયા
તેમજ મિત્રવર્તુળ


## ગાંધીધામ ⇌ માલદા શહેર વચ્ચે પશ્ચિમ રેલ્વે દ્વારા ખાસ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રથાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૪૬૩ | ગાંધીધામ - માલદા ટાઉન | ૨૫-૦૪-૨૦૨૬ | ૧૨:૩૦ કલાક (શનિવાર) | ૦૯:૧૦ કલાક (સોમવાર) |
| ૦૯૦૬૪ | માલદા ટાઉન - ગાંધીધામ | ૨૭-૦૪-૨૦૨૬ | ૧૭:૩૫ કલાક (સોમવાર) | ૧૫:૩૦ કલાક (બુધવાર) |

હોલ્ટ્સઃ સામખિયાલી, રાધનપુર, ભીલડી, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, બાંડીકુઈ, ભરતપુર, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, પ્રયાગરાજ જં., મિર્ઝાપુર, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, કીલ, અભયપુર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા અને ન્યુ ફરક્કા સ્ટેશન બંને દિશામાં.

રચનાઃ એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેનો માટે બુકિંગ નંબર. ૦૯૪૬૩ ૨૪.૦૪.૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : અનુસરો :
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષિત ટિકિટો સાથે અસલ આઈડી પ્રૂફ સાથે રાખવા વિનંતી

## NOTICE

Shree Gandhidham Cooperative Housing Society Ltd. is registered society under Bombay State Co-oprative Society Act No.7/1925 (Regn.No.B 281 of 1960). Society is in receipt of request letter from one of member for issue of Duplicate Documents as original documents are lost/misplaced of which detail is as under:

| Name of Member | Bungalow No. | Share Certificate No. | Share Quantity | Value of Share Certificate |
|---|---|---|---|---|
| Ms. J.B. Boda Surveyors Pvt. Ltd. | 14 | 29 | 13 | 1300/- |

If any person/institution is having objection against issue of duplicate documents to applicant by the society, he may communicate his objection in writing within 30 days from publishing of this advertisement to Secretary, Shree Gandhidham Cooperative Housing Society Ltd., Sector-4, Opp. Hanuman Mandir, Gandhidham (Kutch), No.Claim/Objection shall be entertained after stipulated period.

sid.
Secretary,
**Shree Gandhidham Cooperative Housing Society Ltd.**


## જોઈએ છે

**SALES - EXECUTIVE**

અમે, ૨૦ માઈક્રોન્સ કન્સ્ટ્રક્શન કેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, આદિપુર/ગાંધીધામ લોકેશન માટે એક્ઝિક્યુટિવ સેલ્સ જોઈએ છીએ. ઈચ્છનીય ઉમેદવાર હાર્ડ-કોર સેલ્સ પ્રોફાઈલ ધરાવતા હોવા જોઈએ અને તેઓ પ્રાઈવેટ સાઈટ્સ, ડીલર્સ, ડેવલપર્સ, એપ્લિકેટર્સ અને કોન્ટ્રાક્ટર્સને વોટરપ્રૂફિંગ પ્રોડક્ટ્સ વેચી શકે તેવી ક્ષમતા ધરાવતા હોવા જોઈએ. યોગ્ય ઉમેદવાર માટે સેલેરી કોઈ બંધનકારક નથી. બે અથવા ચાર પૈડાવાળું વાહન ફરજિયાત છે. રસ ધરાવતા ઉમેદવાર vipulchawda@20microns.com પર Email કરી શકે અથવા ૭૫૭૪૦૦૮૭૧૩ પર વોટ્સએપ દ્વારા પોતાનો Resume મોકલી શકે છે.

**20MCC PVT Limited**
Website: www.20mcc.in







**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

## ભૌતિક કબજા અંગેની નોટિસ

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી વિજયકુમાર રામજીભાઈ ગરવા<br>શ્રીમતી ભાણબાઈ રામજીભાઈ ગરોડા<br>૨૦૦૦૨૦૪૦૦૦૫૨૦૭ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે આશરે ૪૮.૭૩ ચો.મી. સર્વે નં. ૩૫/૩ પૈકી, પ્લોટ નં. ૨૨/બી–૧, શ્રી સહજાનંદ નગર, કુકમા ભુજ કચ્છ ૩૭૦૧૦૫ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ સબ પ્લોટ નં. ૨૨/બી–૨, પૂર્વઃ આંતરમાર્ગ, પશ્ચિમઃ સંલગ્ન મહેસૂલ સર્વે નં. ૩૫/૪, દક્ષિણઃ આંતરમાર્ગ | મે ૨૧, ૨૦૨૪ | એપ્રિલ ૧૯, ૨૦૨૬ | ૩,૭,૫૩,૭૬૧.૩૮<br>(મે ૨૧, ૨૦૨૪ ના રોજ) |

સ્થળઃ ભુજ
તારીખઃ એપ્રિલ ૨૪, ૨૦૨૬

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ગાંધીધામ
તા.૨૪-૦૪-૨૦૨૬

# 'ઈરાન ઉપર પરમાણુ હુમલો નહીં કરું...', મિડલ ઈસ્ટમાં ટેન્શન વચ્ચે ટ્રમ્પની મોટી જાહેરાત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં પરમાણુ હથિયારોના ઉપયોગને લઈને ચાલી રહેલી અટકળો પર વિરામ મુકતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે, 'અમેરિકા ઈરાન સામે પરમાણુ હથિયારોનો ઉપયોગ નહીં કરે, કારણ કે હુમલાઓ દ્વારા ઈરાનની સૈન્ય તાકાતને પહેલાથી જ ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.'

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે, 'હું પરમાણુ હથિયારોનો ઉપયોગ શા માટે કરીશ? અમે પરંપરાગત શસ્ત્રો દ્વારા જ ઈરાનના સૈન્ય માળખાને સંપૂર્ણપણે તોડી પાડ્યું છે. કોઈએ પણ ક્યારેય પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. અમેરિકાએ આ ઘાતક હથિયાર વિના જ ઈરાનની લશ્કરી કમર તોડી નાખી છે, તેની નૌકાદળ ડૂબી ગઈ છે અને વાયુસેના તેમજ રડાર સિસ્ટમનો નાશ કરવામાં આવ્યો છે.'સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રૂથ સોશિયલ' પર પોસ્ટ કરતા ટ્રમ્પે ફેક ન્યૂઝના અહેવાલોને ફગાવતા લખ્યું હતું કે, 'જેઓ એમ માને છે કે હું ઈરાન સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ દબાણ હેઠળ કે ઉતાવળમાં છું, તે ખોટા છે. મારી પાસે દુનિયાનો બધો જ સમય છે, પરંતુ ઈરાન પાસે સમય નથી. તેમની ઘડિયાળ ટિક ટિક કરી રહી છે!' એક તરફ શાંતિ અને કરારની વાતો થઈ રહી છે, તો બીજી તરફ અમેરિકાએ પોતાની વ્યૂહાત્મક તૈયારીઓ તેજ કરી દીધી છે. યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ હિંદ મહાસાગરમાં પહોંચતા હવે આ ક્ષેત્રમાં અમેરિકાના ત્રણ એરક્રાફ્ટ કેરિયર્સ તહેનાત થયા છે.જેમાં યુએસએસ અબ્રાહમ લિંકન અરબી સમુદ્રમાં તહેનાત, યુએસએસ ગેરાલ્ડ આર. ફોર્ડ રાતા સમુદ્રમાં તહેનાત અને યુએસએસ જ્યોર્જ એચ.ડબલ્યુ. બુશ હિંદ મહાસાગરમાં પહોંચ્યું છે. નોંધનીય છે કે, ટ્રમ્પે પુનરોચ્ચાર કર્યો હતો કે ઈરાન સાથે કરાર ત્યારે જ થશે જો તે અમેરિકા અને તેના સાથી દેશો માટે ન્યાયી અને ફાયદાકારક હશે.

# ભારત ચીન વિરૂદ્ધ ટ્રમ્પે ઝેર ઓક્યું : તેમને નર્કનાં દ્વાર કહ્યું : ટ્રમ્પને આટલું ઝેર શા માટે છે ?

(એજન્સી દ્વારા)

વૉશિંગ્ટન : પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે ભારત વિરૂદ્ધ આપત્તિજનક ટીકા કરી છે. તે અંગેનો એક પોસ્ટ શેર કરાયો છે. જે રેડીયો હોસ્ટ માઈકલ સેવેજે કર્યો છે. તેમાં તેઓએ એક પત્ર શેર કર્યો છે, જેમાં ભારત એ ચીન વિરૂદ્ધ ટ્રમ્પે કરેલી ટીકા શેર કરાઈ છે. તેમાં પ્રમુખ ટ્રમ્પને એવું કહેતા જાણવા મળે છે કે ભારત અને ચીનના લોકો અમેરિકા આવે છે અને ૯ મહિનામાં બાળકને જન્મ આપે છે.

આ રીતે તે બાળક અમેરિકાનું નાગરિક બની જાય છે તે અમેરિકામાં જ મોટું થઈ ભારત કે ચીન પાછાં ફરેલાં તેમનાં માતા પિતાને કે બ્લડ રીલેશનવાળી વ્યક્તિઓને અમેરિકામાં બોલાવી લે છે. સેવેજે પણ આ પ્રવાસી વસાહતીઓને લેપ ટોપવાળા ગેંગસ્ટર્સ કહ્યા હતા, અને કહ્યું હતું કે તે વિદેશીઓએ અમેરિકાને માફીયાઓ કરતાં પણ વધુ નુકસાન કર્યું છે. તેમણે વધુમાં કહ્યું કે કેલિફોર્નિયામાં હવે શ્વેત પુરૂષો માટે નોકરીઓ જ રહી નથી. કારણ કે તેની ઉપર ભારતીયો અને ચીનીઓએ જ કબ્જો જમાવી દીધો છે.

# 'અમુક લોકો એમની સાથે જોડાઈ રહ્યા છે...' મંત્રી કૌશિક વેકરિયાની ભાજપ કાર્યકરોને ગર્ભિત ધમકી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે રાજકીય ગલિયારાઓમાં 'સેવા'ના બદલે 'સત્તાના પાવર'ની ભાષા સંભળાઈ રહી છે. અમરેલી જિલ્લાના વડિયામાં યોજાયેલી એક જનસભામાં રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ પોતાની જ પાર્ટીના કાર્યકરો અને આગેવાનોને ગર્ભિત ધમકી આપતા રાજકારણ ગરમાયું છે. મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે વિરોધીઓ સાથે સંપર્ક રાખનારા તમામ લોકો પર સરકારની નજર છે.

વડિયાના શિવાજી ચોક ખાતે ભાજપની એક વિરાટ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં સંબોધન કરતા મંત્રી કૌશિક વેકરિયાએ વિપક્ષ પર પ્રહાર કરવાને બદલે પક્ષની અંદર રહીને વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ પર નિશાન સાધ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'સ્થાનિક સ્તરે અમુક લોકો એમની (વિપક્ષ) સાથે જોડાઈ રહ્યા છે અને છૂપી રીતે મદદ કરી રહ્યા છે, પરંતુ તેઓ એ ન ભૂલે કે બધું જ સરકાર અને સંગઠનની નજરમાં છે. કોઈ ભૂલ ન કરતા, નહિતર પરિણામ ભોગવવા તૈયાર રહેજો.'

મંત્રીના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ભાજપમાં સ્થાનિક સ્તરે આંતરિક જૂથવાદ અને ટિકિટ ન મળવાને કારણે ઊભો થયેલો રોષ પક્ષ માટે ચિંતાનો વિષય બન્યો છે. ચૂંટણીના પ્રચારમાં જ્યારે કાર્યકરોની એકતા જરૂરી હોય છે, ત્યારે મંત્રીએ શિસ્તના નામે આપેલી આ ધમકીએ કાર્યકરોમાં સોપો પાડી દીધો છે.

# પદ્મશ્રી સુરેશભાઈ સોનીનું ૮૨ વર્ષની વયે નિધન, કુષ્ઠરોગીઓની સેવામાં સમર્પિત કર્યું હતું જીવન

(પ્રતિનિધિ દ્વારા)

સાબરકાંઠા : સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સ્થિત રાજેન્દ્રનગરના સહયોગ કુષ્ઠરોગ યજ્ઞ ટ્રસ્ટના સ્થાપક અને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત સુરેશભાઈ સોનીનું ૮૨ વર્ષની વયે નિધન થયું છે. હૃદય રોગના હુમલા બાદ હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

સુરેશભાઈ સોનીએ પોતાનું સંપૂર્ણ જીવન સમાજ દ્વારા તરછોડાયેલા કુષ્ઠરોગીઓની નિસ્વાર્થ સેવા માટે અર્પણ કરી દીધું હતું. તેમણે રાજેન્દ્રનગર ખાતે 'સહયોગ કુષ્ઠરોગ યજ્ઞ' સંસ્થાની સ્થાપના કરી હતી. આ આશ્રમમાં હજારો કુષ્ઠરોગીઓને માત્ર સારવાર જ નહીં, પરંતુ રહેવા-જમવા અને સન્માનજનક જીવન જીવવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હતી. તેમની આ અપ્રતિમ સેવા બદલ ભારત સરકાર દ્વારા તેમને પ્રતિષ્ઠિત 'પદ્મશ્રી' એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

પદ્મશ્રી સુરેશભાઈ સોનીના પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે સહયોગ કુષ્ઠ યજ્ઞ સંસ્થા ખાતે રાખવામાં આવ્યો હતો. શુક્રવારે સવારે સામાજિક અને રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સેવકોની ઉપસ્થિતિમાં તેમની અંતિમક્રિયા કરવામાં આવી હતી. લોકોએ અશ્રુભીની આંખે સેવાના આ મહામાનવને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે સીઝફાયર 3 અઠવાડિયા લંબાયું

નવી દિલ્હી : પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા સંઘર્ષને અટકાવવા માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટી સફળતા મેળવી છે. વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના સીઝફાયરને વધુ ૩ અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યું છે. આ શાંતિ મંત્રણાનો મુખ્ય ઉદ્દેશ્ય મિડલ ઈસ્ટમાં સ્થિરતા લાવવાનો અને લેબેનોનને હિઝબુલ્લાહના ખતરાથી સુરક્ષિત રાખવાનો છે.ઓવલ ઓફિસમાં યોજાયેલી આ બેઠકમાં અમેરિકા વતી ટ્રમ્પ ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને ઈઝરાયલ તથા લેબેનોનમાં રહેલા અમેરિકન રાજદૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રમ્પે આ મંત્રણાને 'અત્યંત સફળ' ગણાવતા તેને અમેરિકા માટે એક મોટી રાજદ્વારી જીત ગણાવી છે. આ બેઠક એવા સમયે થઈ છે જ્યારે એક દિવસ પહેલા જ થયેલા હવાઈ હુમલામાં અમલ ખલીલ નામના પત્રકાર સહિત પાંચ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ શાંતિ મંત્રણાના ભાગરૂપે ટ્રમ્પે હવે ભવિષ્યમાં વધુ મોટા પગલાના સંકેત આપ્યા છે. ટૂંક સમયમાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન વ્હાઈટ હાઉસમાં રૂબરૂ મુલાકાત કરશે. આ મુલાકાત મધ્ય-પૂર્વના ઈતિહાસમાં અત્યંત મહત્વની સાબિત થઈ શકે છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જો આ વિસ્તારમાં સ્થાયી શાંતિ જોઈતી હોય, તો ઈરાને હિઝબુલ્લાહને મળતી આર્થિક મદદ (ફંડિંગ) બંધ કરવી જ પડશે.

# કચ્છમાં મતદાન માટે ૫ હજારથી વધુ પોલીસ જવાનોનો બંદોબસ્ત

**પશ્ચિમ કચ્છમાં એસપી સહિત ૪ ડીવાયએસપી, ૨૫ પીઆઇ, ૪૫ પીએસઆઇ સહિતના ફરજ પર રહેશે**

**પૂર્વ કચ્છમાં એસપી તેમજ ૫ ડીવાયએસપી, ૨૬ પીઆઇ, ૪૨ પીએસઆઇ અને એસઆરપીની પ્લાટુન ફાળવાઈ**



ભુજ : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે રવિવારે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ગાંધીધામ મહાનગરપાલિકા સહિત ભુજ, અંજાર, માંડવી, મુન્દ્રા અને નખત્રાણા નગરપાલિકા તેમજ જિલ્લા પંચાયત અને ૯ તાલુકા પંચાયતોના ભાવિનો ફેંસલો કરવા માટે મતદારો મતદાન કરશે. વહીવટી તંત્ર દ્વારા રવિવારે મતદાન અને મંગળવારે મતગણતરી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.





સમગ્ર જિલ્લામાં લોકશાહીના આ પર્વને નિર્વિઘ્ને પાર પાડવા માટે કુલ ૧૫,૦૦૦ જેટલા સરકારી કર્મચારીઓને ચૂંટણી ફરજમાં જોતરવામાં આવ્યા છે. જેમાં મતદાન મથકોના સંચાલનથી લઈને દેખરેખ સુધીની કામગીરી સોંપાઈ છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પોલીસ વડાઓના માર્ગદર્શન હેઠળ ૫,૦૦૦થી વધુ પોલીસ કર્મીઓ તૈનાત રહેશે. જેમાં પશ્ચિમ કચ્છમાં ૧ એસપી, ૪ ડીવાયએસપી, ૨૫ પીઆઈ, ૪૫ પીએસઆઈ અને ૧૨૧૭ પોલીસ કર્મીઓ સાથે ૧૨૭૯ હોમગાર્ડ/જીઆરડી જવાનો સુરક્ષા સંભાળશે. જ્યારે પૂર્વ કચ્છમાં ૧ એસપી, ૫ ડીવાયએસપી, ૨૬ પીઆઈ, ૪૨ પીએસઆઈ અને ૭૯૩ પોલીસ કર્મીઓ ઉપરાંત ૮૯૨ હોમગાર્ડ, જીઆરડી અને એસઆરડી જવાનોની નિમણૂક કરવામાં આવી છે. પૂર્વ કચ્છમાં સુરક્ષા વધારવા માટે એસઆરપીની પ્લાટૂન પણ ફાળવાઈ છે. જિલ્લા ચૂંટણી તંત્રના સત્તાવાર આંકડા મુજબ, સમગ્ર કચ્છમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કુલ ૫,૩૬૧ પોલીસ સ્ટાફ ખડેપગે રહી ફરજ બજાવશે.

# કચ્છમાં હવે પરિવર્તનનો વાયરો : વી.કે. હુંબલ

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે જિલ્લા કોંગ્રેસ પ્રમુખનો પ્રચંડ હુંકાર : ભાજપના કુશાસન, ભ્રષ્ટાચાર અને ખેડૂત વિરોધી નીતિઓથી જનતા ત્રસ્ત : આગામી ચૂંટણીમાં કોંગ્રેસ ભવ્ય વિજય સાથે સત્તાના સૂત્રો સંભાળશે તેવો દ્રઢ વિશ્વાસ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આ મહત્વપૂર્ણ ચૂંટણી જંગ પૂર્વે કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વી.કે. હુંબલે કચ્છઉદય સાથે એક વિશેષ મુલાકાતમાં ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, હાલ સમગ્ર કચ્છ જિલ્લામાં ભાજપના કુશાસન અને વહીવટી નિષ્ફળતાથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. તેમણે અત્યંત આત્મવિશ્વાસ સાથે દાવો કર્યો હતો કે, અઢી દાયકા બાદ ફરી એકવાર કચ્છની જનતા પરિવર્તન લાવવા મક્કમ બની છે અને સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓમાં કોંગ્રેસ પક્ષ જંગી બહુમતી સાથે વિજેતા બનીને સત્તા પર આવશે.



વી.કે. હુંબલે વહીવટી તંત્રની નિષ્પક્ષતા પર સવાલો ઉઠાવતા ગંભીર આક્ષેપ કર્યો હતો કે, આજે કચ્છમાં સરકારી કચેરીઓ ભાજપના નેતાઓના કાર્યાલય જેવી બની ગઈ છે. સરકારી અધિકારીઓ જનતાના કામ કરવાને બદલે સત્તાધારી પક્ષના નેતાઓના ઈશારે નાચી રહ્યા છે, જેના કારણે સામાન્ય નાગરિકોના વાજબી કામો પણ કચેરીઓમાં અટકી પડ્યા છે. ભ્રષ્ટાચારની મર્યાદા ઓળંગી ગઈ હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, વિકાસના બણગા ફૂંકતી ભાજપ સરકારમાં છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચવાને બદલે માત્ર ભ્રષ્ટાચાર જ ફેલાયો છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, આ ચૂંટણીમાં જનતા ભાજપના આ અહંકારી શાસનનો અંત લાવવા માટે આતુરતાથી રાહ જોઈ રહી છે.

ખેડૂતોની વેદનાને વાચા આપતા પ્રમુખે જણાવ્યું હતું કે, કચ્છનો ધરતીપુત્ર આજે સૌથી વધુ પાયમાલ થયો છે. ખેડૂતોની ફળદ્રુપ જમીનોમાંથી મોટા ઉદ્યોગપતિઓના હિત માટે વીજ રેસાઓ પસાર કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોની સંમતિ વિના જબરદસ્તીથી થાંભલા ખોડવામાં આવી રહ્યા છે. જ્યારે ખેડૂતો પોતાની માલિકીની જમીન બચાવવા માટે અહિંસક લડત ચલાવે છે, ત્યારે આ સરકાર પોલીસના બળનો દુરુપયોગ કરી ખેડૂતોના અવાજને દબાવી દે છે. ઉદ્યોગ જગતના દબાણ હેઠળ ખેડૂતોને તેમની જમીનનું વ્યાજબી વળતર પણ આપવામાં આવતું નથી. તેમણે ભૂતકાળમાં ખેડૂત આંદોલન દરમિયાન પોલીસ દ્વારા મહિલાઓ અને વૃદ્ધો પર કરવામાં આવેલા અત્યાચારની યાદ અપાવતા કહ્યું હતું કે, કિસાન ક્યારેય આ અપમાન ભૂલશે નહીં અને આ વખતે ચૂંટણીમાં ભાજપને પાઠ ભણાવવાનું નક્કી કરી ચૂક્યા છે. કુદરતી આફતો વખતે પણ સરકારે માત્ર કાગળ પર સર્વે કરીને સંતોષ માની લીધો હતો અને વાસ્તવિક નુકસાની સામે ખેડૂતોને કોઈ આર્થિક સહાય મળી નથી.

માત્ર ખેડૂતો જ નહીં પરંતુ કચ્છનો યુવા વર્ગ પણ વર્તમાન સરકારથી અત્યંત નારાજ છે. સરકારે યુવાનોને સરકારી નોકરીના સોનેરી સપના તો બતાવ્યા પરંતુ વાસ્તવિકતામાં રોજગારીની કોઈ તક આપી નથી. જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની વ્યાપક ઘટ હોવા છતાં સ્થાનિક લાયકાત ધરાવતા બેરોજગાર યુવાનોની ભરતી કરવામાં આવતી નથી. શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સેવાઓની હાલત કચ્છમાં દયનીય છે. અનેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફની અછત છે, જેના કારણે ગ્રામીણ જનતાને ભારે હાલાકી ભોગવવી પડે છે. અનેક રજૂઆતો છતાં તંત્ર બહેરા કાને અથડાઈ રહ્યું છે, જેનો જવાબ જનતા આ વખતે ચોક્કસ આપશે.

ચૂંટણી પ્રક્રિયામાં લોકશાહીના મૂલ્યોના લીરેલીરા ઉડતા હોવાનો આક્ષેપ કરતા વી.કે. હુંબલે જણાવ્યું હતું કે, હારના ડરથી ભાજપ હવે ઓછાયાના સહારે છેલ્લા પાટલે બેસી ગઈ છે. કોંગ્રેસના સક્ષમ ઉમેદવારોને ડરાવવા માટે પોલીસ દ્વારા ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. ઉમેદવારી ફોર્મ ભરનારા લોકોને પોલીસ દ્વારા દબાણ કરીને ફોર્મ ખેંચી લેવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. આટલું જ નહીં, ફોર્મ ભરતા અટકાવવા માટે અગાઉથી જ ગેરકાયદેસર અટકાયતો કરવામાં આવી હતી, જે લોકશાહી માટે ખતરા સમાન છે. પરંતુ કોંગ્રેસનો એક પણ કાર્યકર કે ઉમેદવાર આ પ્રકારના દબાણથી ઝૂકશે નહીં અને મક્કમતાથી ચૂંટણી લડશે.

આગામી ચૂંટણીની વ્યૂહરચના અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ હાઈકમાન્ડે આ વખતે ખૂબ જ વિચારણાના અંતે જનતાના પ્રિય, શિક્ષિત અને લડાયક મિજાજ ધરાવતા ઉમેદવારોની પસંદગી કરી છે. કચ્છની ૯ તાલુકા પંચાયતો, ગાંધીધામ મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને પાંચ નગરપાલિકાઓમાં કોંગ્રેસનું શાસન આવશે તેવો વિશ્વાસ છે. ખાસ કરીને જિલ્લા પંચાયતના પ્રમુખ પદના રોટેશન અંગે વાત કરતા તેમણે કહ્યું કે, આ વખતે આ બેઠક આદિજાતિ મહિલા માટે અનામત છે, પરંતુ ભાજપ પાસે આ વિસ્તારમાં કોઈ મજબૂત ઉમેદવાર નથી. ભીમાસર બેઠક કે જે કોંગ્રેસનો ગઢ માનવામાં આવે છે, ત્યાં ભાજપે આયાતી ઉમેદવારને મેદાને ઉતારવા પડ્યા છે. હારના ભયને કારણે ભાજપે ભચાઉ તાલુકામાં અન્ય જાતિના મહિલાને ઉમેદવાર બનાવીને પોતાની નબળાઈ સ્વીકારી લીધી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારમાં પ્રદેશ કોંગ્રેસના દિગ્ગજ આગેવાનો ભરતભાઈ સોલંકી, ગેનીબેન ઠાકોર જેવા અનેક સ્ટાર પ્રચારકો કચ્છ જિલ્લામાં ચૂંટણી પ્રચાર માટે આવશે તેવું તેમણે જણાવ્યું હતું.

અંતમાં, ભુજ સહિતના શહેરી વિસ્તારોની દુર્દશા વિશે વાત કરતા હુંબલે કહ્યું હતું કે, શહેરોમાં રોડ - રસ્તાના નામે માત્ર ખાડાઓ જ છે. ગટર અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ પણ લોકોને નિયમિત મળતી નથી. ભાજપે માત્ર વિકાસની વાતો કરી છે પરંતુ વાસ્તવિકતામાં લોકો પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે. આ વખતે કચ્છમાં પક્ષ કે જાતિ નહીં પરંતુ લોકહિત અને વિકાસના મુદ્દે મતદાન થશે. જનતાના આક્રોશ અને ભાજપ વિરોધી લહેરને જોતા આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કોંગ્રેસનો ભવ્ય વિજય નિશ્ચિત છે.

# કચ્છના કેન્દ્રોમાં 3 મેના નીટની પરીક્ષા યોજાશે

ભુજ - કચ્છઉદય : રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી નવી દિલ્હી દ્વારા આગામી તા.૩/૫ના રોજ નીટની પરીક્ષા યોજાનાર છે. જિલ્લામાં ઉમેદવારો અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના પરીક્ષા આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકઓ અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી. ચૌહાણ દ્વારા જિલ્લાની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ - ભુજ, આલ્ફ્રેડ હાઈસ્કૂલ - ભુજ, સરકારી હાઈસ્કૂલ, ગણેશનગર - ગાંધીધામ અને માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ - ગાંધીધામ પરીક્ષા કેન્દ્રોની બિલ્ડીંગના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા.૩/૫ના સવારના ૬ કલાકથી સાંજના ૬ કલાક સુધી વિવિધ પ્રતિબંધ ફરમાવેલ છે. આ પ્રતિબંધ મુજબ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા નહી.


પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ - કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં. પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર, ચોકમાં કે ગલીમાં કોઈ પણ વ્યક્તિએ સ્માર્ટવોચ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુટૂથ, પેન ઈયરફોન, લેપટોપ, કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેક્ટેડ ઉપકરણો કે અન્ય કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવા નહીં તથા મ્યૂઝિક, સંગીત ઈત્યાદી જોરથી વગાડવું નહીં. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**ચુંટણીના પડઘમ દરમ્યાન જ....**

# ભુજના વોકવેની અડધાથી વધારે લાઈટો બંધ

ભુજ - કચ્છઉદય : નગરપાલિકાનું તંત્ર ચૂંટણીની કાર્યવાહીમાં વ્યસ્ત છે, ત્યારે થોડા દિવસ વહીવટ ભગવાન ભરોસે ચાલી રહ્યો છે એવું લાગે છે. વોકવેની અડધાથી વધારે લાઈટો બંધ થઈ ગઈ છે પરંતુ તેને ચાલુ કરવા માટે હાલ કોઈની પાસે ચૂંટણીના ભારે કાર્ય બોજ વચ્ચે સમય નથી. એવી જ રીતે કેટલાક વિસ્તારોમાં સફાઈ વગેરેની પણ બૂમ ઉઠી છે. ભુજમાં વોકવેની લાઈટો ઉમેદવારોના પ્રચાર કરવા માટે રજામાં ઉતરી અને ચાલી તો નથી જઈને એવું નાગરિકો રમુજમાં કહી રહ્યા છે.

ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે વોક-વે ની જગ્યાએ "વોટ-વે" એટલે કે પ્રચાર ઉપર બધાનું ધ્યાન કેન્દ્રિત હોય તે સ્વાભાવિક છે, પરંતુ ભુજ નગરપાલિકાના અધિકારીઓએ અને રોડ લાઈટ શાખાએ ધ્યાન કેન્દ્રિત કરી અને રોડ લાઈટ અને વોકવેની લાઈટ તાત્કાલિક ચાલુ કરાવે તેવી લોકોની માગણી છે. બીજી બાજુ વોકવેની કલ્પના અને તેને સાકાર કરવાના વિચાર માટે લોકોની ખૂબ જ પસંદગી મળી છે અને દરરોજ સાંજે અનેક લોકો આ વોક વે ઉપર નિયમિત રીતે ચાલે છે. નવી બોડી આવ્યા પછી ગુજરાત સરકારની મદદથી રાજેન્દ્ર બાગની બાજુના મુખ્ય હમીરસર તળાવને ફરતે મોટો વોકવે બનશે અથવા તો અત્યારે તળાવની બાજુમાંથી



જ્યાં રસ્તો જાય છે તેને અડધો તળાવની બાજુ વોકવે બનાવી અને હાલનો રસ્તો ખસેડી જ પહોળો કરી અને રસ્તો પહોળો કરી વોકવેનો એક ભાગ રાજેન્દ્ર બાગના દરવાજાથી ખેંગાર બાગ સુધી તળાવની સાઈડ પણ કરવા લોકો સુચન કરી રહ્યા છે. હાલ તો બંધ થઈ ગયેલી લાઈટ ચાલુ થઈ જાય તો પણ લોકોને સંતોષ થઈ જશે.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬**



# લખપત-અબડાસામાં પરિવર્તનના એંધાણ : વિકાસ મુદ્દે જનતામાં આક્રોશ

**ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કે પહોંચતા રાજકીય માહોલ તેજ : લખપત - અબડાસા પંથકના મતદારોનો આક્રોશ ૨૬મીએ મતપેટીમાં ઠલવાશે : મહેશોજી સોઢા**

નલિયા - કચ્છઉદય: કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ હવે તેના અંતિમ અને નિર્ણાયક તબક્કામાં પ્રવેશ્યો છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકશાહીના આ મહાપર્વને લઈને મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કચ્છના સરહદી લખપત-અબડાસા પંથકમાં દર વખતની જેમ આ વર્ષે પણ ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે, પરંતુ આ વખતે અહીંની રાજકીય સ્થિતિમાં પરિવર્તનના પવનો ફૂંકાઈ રહ્યા હોય તેવું વાતાવરણ સર્જાયું છે.

આ વિસ્તારના પીઢ રાજકીય અગ્રણી મહેસોજી સોઢાએ આ અંગે જણાવ્યું હતું કે, ચૂંટણીની જાહેરાત બાદથી જ તેઓ સતત લખપત અને અબડાસાના ગ્રામીણ વિસ્તારોના પ્રવાસે છે અને જનતાનો મિજાજ સ્પષ્ટપણે પરિવર્તન તરફી જણાઈ રહ્યો છે. પૂર્વ કચ્છ અને જિલ્લાના શહેરી વિસ્તારોમાં જે ગતિએ વિકાસના કાર્યો થયા છે, તેની સરખામણીએ લખપત - અબડાસા પંથક હજુ પણ પાયાની સુવિધાઓ અને સાચા વિકાસથી વંચિત રહ્યો છે. આ વિકાસની અસમાનતાને કારણે સ્થાનિક લોકોમાં વર્તમાન સત્તાધિશો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, લખપત - અબડાસાની જનતા હવે ભ્રામક પ્રચાર અને પોકળ વાયદાઓથી ભોળવાય તેવી નથી. લોકો હવે જમીની સ્તર પર પ્રજાના પ્રશ્નો ઉકેલી શકે તેવા સક્ષમ જનપ્રતિનિધિઓને ચૂંટવા માટે મન બનાવી ચૂક્યા છે. આગામી ૨૬ એપ્રિલના રોજ જ્યારે મતદાન પ્રક્રિયા હાથ ધરાશે, ત્યારે જનતા પોતાનો આક્રોશ મતાધિકાર દ્વારા વ્યક્ત કરશે. ૨૮ એપ્રિલના રોજ જાહેર થનારા પરિણામોમાં પ્રજાને મૂર્ખ સમજીને સત્તાના સપના જોનારા નેતાઓને કારમી હારનો સામનો કરવો પડશે તેવો દાવો પણ સોઢાએ કર્યો હતો. હાલમાં સમગ્ર લખપત - અબડાસા પંથકમાં પરિવર્તનની આંધી ફૂંકાઈ રહી છે, જેની સીધી અસર ચૂંટણી પરિણામોમાં જોવા મળી શકે છે.

# નેત્રા જિ.પં. ભાજપ જંગી લીડ સાથે જીતશે : પી.એમ.જાડેજા





નેત્રા - કચ્છઉદય : તાલુકાના નેત્રા-૨૫ જિ.પં. બેઠકના મહિલા ઉમેદવાર સરોજબા બહાદુરસિંહ જાડેજા સહિત પાંચ - પાંચ તા.પં. ની તમામ સીટો ભાજપના ઉમેદવાર જંગી લીડ સાથે વિજયી બનશે તેમ આજે તા.પં.ની તમામ સીટો પર યોજાયેલી જાહેરસભા, લોકસંપર્ક અને રવાપર - નેત્રા ચૂંટણી કાર્યાલય ઓપનીંગમાં બોલતા ધારાસભ્ય પી.એમ. જાડેજાએ કહ્યું હતું કે, વિકાસને નજર સામે રાખી લોકો ભાજપના કમળને મતદાન આપવા થનગની રહ્યા છે. લોકોને ભ્રામક પ્રચારથી દુર રહેવા અને કમળને જીતાડવા અપીલ કરી હતી. પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ પણ વિકાસ ગાથા વર્ણવી હતી.

આ ટાંકણે નેત્રા તા.પં. ઉમેદવાર રબારી પ્રવીણભાઈ મંગલભાઈ, ઘડાની - પુજાબેન ભરતભાઈ વાઘેલા, રસલીયા - કલ્પેશભાઈ સચદે, રવાપર - રાજુ પટેલ, મથલ - ઈલીયાસ આધમ પીંજારા આ પાંચે ઉમેદવારો પણ ભાજપને જબરૂ સમર્થન મળી રહ્યો છે તેમ કહ્યું હતું. જિ.પં. ઉમેદવાર ખાનાય, અલખ આશ્રમ શ્લોકનાથ તથા ચેતનદાદાના આશીર્વાદ મેળવ્યા હતા. લોક પ્રવાસ અને ચૂંટણી સભામાં અઢારે આલમના લોકો જોડાયા હતા. રાજુભા જાડેજા, કરશનજી જાડેજા, ધર્મેશ કેશરાણી, હરીસિંહ રાઠોડ, ફકીરમામદ કુંભાર, ચેતન કતીરા, ગુલામ બારાચ, દેવજીભાઈ ગોરડીયા, શંકરભાઈ કુંવર, બહાદુરસિંહ જાડેજા, રસીકભાઈ પટેલ, શંકરભાઈ માકાણી, મુરજી સંજોટ, ભરતભાઈ વાઘેલા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



**નેત્રા - રવાપર ખાતે કાર્યાલય ખુલ્યા : મથલ, ઘડાણી, રવાપર, નેત્રા, રસલીયા, તા.પં. સીટ પર જંગી જાહેરસભા યોજાઈ : તમામ તા.પં. સીટ હાંસલ કરવા હાકલ કરાઈ**

**નેત્રા જિ.પં. ખાનાય જાગીરના મહંતના આશિર્વાદ લીધા**

## નેત્રા ખાતે ચૂંટણી કાર્યાલય ખુલ્લું મુકાયું

નેત્રા - કચ્છઉદય : નેત્રા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર સરોજબા બહાદુરસિંહ જાડેજાએ બીજના ખાનાય જાગીરના મહંત ચેતન દાદા તુંવરના આશિર્વાદ લીધા હતા. ત્યારબાદ જાગેશ્વર મહાદેવ મંદિરના મહંત દિનેશગિરિના હસ્તે નેત્રા જિલ્લા પંચાયત કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યારે મોટા પ્રમાણમાં ભાજપના સમર્થકો હાજર રહ્યા હતા.

**નારી શક્તિ ઝીંદાબાદ**

# કોટડા (જ) જિ.પં. - તા.પં.ની તમામ સીટો પર મહિલાઓ મેદાનમાં







**અગાઉ નખત્રાણા તાલુકામાં મંગવાણા, જીયાપર, વેરસલપર, મોરઝર ગ્રામ પંચાયતમાં મહિલાઓ સૂકાન સંભાળી ચૂકી છે : હવે જિ.પં. - તા.પં.ની તમામ બેઠકો પર મહિલાઓના હાથમાં સત્તા**

નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા નગરપાલિકા બનતા તેમાંથી રદ થયેલ નખત્રાણા જિ.પં. બેઠક ના સીમાંકનમાં કોટડા (જ) જિ.પં. બેઠક બનતા તે સહિત તેના નીચે આવતી ૪ તા.પં. બેઠકો પર મહિલાઓ મેદાન-એ-જંગ ખેલશે.

જિ.પં.૧૭ કોટડા (જ) અ.જા. સ્ત્રી અનામત બેઠક છે. ભાજપના મંજુલાબેન મોહનલાલ ચાવડા તથા કોંગ્રેસના મહેશ્વરી ભાવનાબેન મંગલભાઈ કટુઆ ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે તેમના નીચે ૭ કોટડા (રોહા) બક્ષીપંચ સ.ક.પ. સ્ત્રી અનામત બેઠક પર કોંગ્રેસના હરખુબેન દેવરાભાઈ રબારી તેમની સામે ભાજપના ગોસ્વામી ભારતીબેન નીતિનગિરિ ચૂંટણી લડી રહ્યા છે. કોટડા (જ) ૬ તા.પં. બેઠક પર ભાજપના રાજુબેન સુરાભાઈ રબારી તેમની સામે કોંગ્રેસના કાજલબેન રાણીદાન ગઢવી ચૂંટણી લડી રહ્યા છે. ૧૪ સુખપર (રોહા) કોંગ્રેસના જેપાર દમયંતિબેન ચંદુલાલ ચૂંટણી લડી રહ્યા છે. તેમની સામે ભાજપના બળિયા ભાનુબેન ગોવિંદભાઈ અ.જા. સ્ત્રી અનામત બેઠક પર લડી રહ્યા છે. વડવાકાંયા ૧૬ મહિલા સામાન્ય અનામત બેઠક પર ભાજપના સ્મિતાબેન મયુરભાઈ ભીમાણી તેમની સામે કોંગ્રેસના ગીતાબા મહિપતસિંહ જાડેજા ચૂંટણી લડી રહ્યા છે. અન્ય મહિલા ઉમેદવારો કોટડા (જ) સીટ પર સાવિત્રીબેન સંતોષપુરી ગોસ્વામી તથા સીતાબેન કાનાભાઈ રબારી ૪ અપક્ષો મેદાનમાં હોતા ત્યાં ચોપાંખિયો જંગ જામશે. બાકીની ૩ સીટો પર ભાજપ કોંગ્રેસ વચ્ચે મુકાબલો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ તાલુકામાં અગાઉ મોરઝર, વેશલપર, કાદિયા નાના, મંગવાણા, જીયાપર, સાંગનારા ગામોમાં મહિલા સરપંચો તથા સદસ્યો તરીકે સત્તાના સુકાન સંભાળી ચૂક્યા હતા. હવે કોટડા (જ) જિ.પં. સહિત ૪ તા.પં. ની બેઠકોમાં સ્ત્રી નારી શક્તિનો દબદબો રહેશે.

**ગઢશીશામાં ભાજપ ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મૂકાયું**

# ભાજપ કિસાન મોરચા દ્વારા કિસાન સંવાદ યોજાયો







ગઢશીશા - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષી પ્રચાર - પ્રસાર સાથે ભાજપની વિવિધ પાંખોના પદાધિકારીઓ, પ્રભારીઓની આગેવાનીમાં ચૂંટણી પ્રવાસ કાર્યક્રમનો દોર શરૂ થવાની સાથે ચૂંટણી કાર્યાલયો ખુલ્લા મૂકવામાં આવી રહ્યા છે. ગઢશીશામાં જિલ્લા પંચાયત બેઠક અને તાલુકા પંચાયત બેઠકોના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજય અપાવવા સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરાયા છે.

ગઢશીશા વથાણ ચોકમાં પ્રદેશ - જિલ્લા અને તાલુકાના ભારતીય જનતા પાર્ટીના વિવિધ પદાધિકારીઓ, ઉમેદવારો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં ચૂંટણી મધ્યસ્થ



કાર્યાલયને સંગઠનના પ્રમુખ સામંતભાઈ ગઢવી અને જુના જનસંઘી વલ્લભજીભાઈ છાભૈયા, હરીલાલ જોષીના હસ્તે દિપપ્રાગટ્ય દ્વારા કાર્યાલયને ખુલ્લું મુકાયું હતું. પાર્ટીના વિવિધ અગ્રણીઓએ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા કામે લાગી જવા અપીલ કરી હતી.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ કિસાન મોરચાના ઉપાધ્યક્ષ રાણશીભાઈ ગઢવી, જિલ્લા ભાજપ કિસાન મોરચાના અશોકભાઈ જોષી, જિલ્લા ભાજપ કિસાન મોરચાના હિતેશભાઈ પટેલ, તાલુકા કિસાન મોરચાના પ્રભુભાઈ નાગુ, સંગઠનના પ્રમુખ સામંતભાઈ ગઢવી, જિ.પં. સા.ન્યા. સમિતિના પૂર્વ ચેરમેન કેશવજીભાઈ રોશિયા સહિતનાઓ સરકારની વિવિધ યોજનાઓ પર પ્રકાશ પાડી કચ્છના છેવાડાના વિસ્તાર સુધી થયેલ વિકાસ અંગેની રૂપરેખા આપી કચ્છના વિકાસ અંગે કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.

**પ્રદેશ ભાજપ કિસાન મોરચો, જિલ્લા કિસાન મોરચો અને તાલુકા કિસાન મોરચાના વિવિધ પદાધિકારીઓએ હાજરી આપી માર્ગદર્શન આપ્યું : ગઢશીશામાં જિ.પં. બેઠક અને તાલુકા પંચાયત બેઠકોના ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા કાર્યકરોને કરાઈ અપીલ : જુના જનસંઘી પથુભા જાડેજાને અપાઈ શ્રદ્ધાંજલિ**

ગુજરાત એગ્રોનિગમના પૂર્વ ડાયરેક્ટર બટુકસિંહ જાડેજા, તાલુકા ભાજપ પૂર્વ ઉપપ્રમુખ સુનિલભાઈ ચોથાણી, જિ.ભા. સુરેશભાઈ સંઘાર, એપીએમસી ડાયરેક્ટર ભાઈલાલ છાભૈયા, પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય કાનજીભાઈ સંઘાર, બક્ષીપંચ મોરચાના રાજેન્દ્રગિરિ ગોસ્વામી, જિ.પં. બેઠકના ઉમેદવાર મેઘબાઈ જીવરાજ ગઢવી, તા.પં. પૂર્વ સદસ્ય હરેશભાઈ, તા.પં. ગઢશીશા બેઠકના ઉમેદવાર અંકિતભાઈ ગોસ્વામી, પાબાભાઈ રબારી (રાજાભાઈ), મઉં બેઠકના બડુભા જાડેજા, યુવા અગ્રણી જીતુભાઈ ભગત, શક્તિ કેન્દ્રના રાજુભાઈ છાભૈયા, કમલેશ પટેલ, લઘુમતી મોરચાના જાકબભાઈ માંજોઠી, ગોસ્વામી સમાજના સંજયભાઈ ગોસ્વામી, શંભુભાઈ ગોસ્વામી, રબારી સમાજના વિરમભાઈ રબારી, ગાભાભાઈ ડોરૂ સહિતના વિવિધ સમાજોના અગ્રણીઓએ હાજરી આપી હતી. સંચાલન મહામંત્રી નરેન્દ્રભાઈ રામાણી અને આભારવિધિ મંત્રી ખૂશીબેન ચોથાણીએ કરી હતી.

# રાધનપુરમાં આહીર સમાજને મળ્યું આધુનિક શૈક્ષણિક સંકુલ

**રૂા. ૪ કરોડના પ્રોજેક્ટનું વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના હસ્તે ઉદ્દઘાટન : શિક્ષણ દ્વારા સમાજના સર્વાંગી વિકાસ પર ભાર**

પાટણ - કચ્છઉદય : રાધનપુર ખાતે વઢિયાર આહીર કેળવણી મંડળ દ્વારા આશરે રૂા. ૪ કરોડના ખર્ચે નિર્મિત ભવ્ય શૈક્ષણિક સંકુલનું લોકાર્પણ સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. આ સંકુલ સમાજને અર્પણ થતાં શિક્ષણ ક્ષેત્રે નવી દિશા પ્રાપ્ત થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ લોકાર્પણ સમારોહમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા તથા પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

વઢિયાર, ચોરાડ અને વાગડ આહીર સમાજના સહયોગથી આ શૈક્ષણિક સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં સમાજના દાતાઓએ ઉદાર હાથે યોગદાન આપ્યું હતું. ખાસ કરીને પૂર્વ મંત્રી જવાહરભાઈ ચાવડાએ રૂા. ૫૧ લાખનું દાન આપી મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે શિક્ષણ કોઈપણ સમાજના વિકાસનો મજબૂત આધારસ્તંભ છે. શિક્ષિત સમાજ જ પ્રગતિના માર્ગે આગળ વધી શકે છે.

રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે શિક્ષણ એ સર્વાંગી વિકાસ માટેનું સૌથી શક્તિશાળી સાધન છે. આ પ્રકારના શૈક્ષણિક સંકુલો દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ સાથે આગળ વધવાની પ્રેરણા મળશે અને સમાજ વધુ મજબૂત બનશે. સંકુલના નિર્માણથી વિસ્તારમાં વિદ્યાર્થીઓને આધુનિક સુવિધાઓ સાથે શિક્ષણ મેળવવાની તક મળશે, જે ભવિષ્યમાં સમાજને નવી ઊંચાઈઓએ પહોંચાડવામાં મદદરૂપ બનશે. સમગ્ર કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ, દાતાઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

# કચ્છના આકાશી વિજ્ઞાન માટે ઐતિહાસિક પગલું : પ્રથમ પ્લેનેટોરિયમના ભૂમિપૂજનથી નવી દિશાનો આરંભ

ભુજ-કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં વિજ્ઞાન શિક્ષણ અને અવકાશીય અભ્યાસને નવી દિશા આપનાર મહત્વપૂર્ણ ઘટનાના ભાગરૂપે આગામી રવિવાર તા. ૨૬ એપ્રિલના રોજ કચ્છના પ્રથમ પ્લેનેટોરિયમના ભૂમિપૂજન અને શિલાન્યાસનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. આ ઐતિહાસિક પહેલ કચ્છને વૈજ્ઞાનિક વિકાસના નકશા પર વધુ મજબૂત સ્થાન આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમમાં કચ્છના રાજવી પરિવારની મહારાણી પ્રીતિદેવીના પાવન હસ્તે ભૂમિપૂજન અને શિલાન્યાસ વિધિ સંપન્ન થશે. ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી, મુંબઈના સંચાલન હેઠળ તેમજ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજરાત સરકાર)ની માન્યતા સાથે કચ્છમિત્ર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર, ભુજ દ્વારા આ સંકુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ વૈજ્ઞાનિક સંકુલમાં "મહારાવ પ્રાગમલજી ત્રીજા પ્લેનેટોરિયમ", "કાંતિસેન-ચંદાબહેન શ્રોફ ઓડિટોરિયમ" તેમજ આધુનિક સૂર્ય અને તારા વેધશાળાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ત્રણેય વિભાગો એકસાથે કચ્છમાં વિજ્ઞાન, સંશોધન અને શિક્ષણ માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે.

**અદિતી નગર, પાલારા ખાતે વૈજ્ઞાનિક સંકુલનું નિર્માણ- વિદ્યાર્થીઓ માટે બ્રહ્માંડને નજીકથી સમજવાનો અનોખો અવસર**

ભૂમિપૂજન કાર્યક્રમ સવારે ૧૦ વાગ્યે અદિતી નગર, પાલારા (ખાવડા રોડ નજીક, પ્લોટ નં. ૨૬-૩૪) ખાતે યોજાશે. સમગ્ર કાર્યક્રમને લઈ વૈજ્ઞાનિકો, શિક્ષણવિદો અને સ્થાનિક નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સંકુલના સ્વપ્નદ્રષ્ટા જાણીતા વૈજ્ઞાનિક ડો. જે. જે. રાવલે જણાવ્યું કે કચ્છનું નિર્મળ આકાશ, પ્રવાસન ક્ષમતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિ આ પ્રોજેક્ટ માટે આદર્શ પરિસ્થિતિ પૂરું પાડે છે. તેમણે કહ્યું કે ભારત અવકાશ ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે ત્યારે કચ્છને પણ "કોસ્મિક નકશા" પર મહત્વનું સ્થાન મળવું જોઈએ. ડો. રાવલે વધુમાં જણાવ્યું કે, આ પ્લેનેટોરિયમ નવી પેઢી માટે વિજ્ઞાન પ્રત્યે રસ અને જિજ્ઞાસા વધારનારું કેન્દ્ર બનશે. ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે બ્રહ્માંડના રહસ્યોને નજીકથી સમજવાની અનોખી તક અહીં ઉપલબ્ધ થશે. તેમણે કચ્છની જનતાને આ ઐતિહાસિક ભૂમિપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આ વૈજ્ઞાનિક યાત્રાનો સાક્ષી બનવા અનુરોધ કર્યો છે. આ સંકુલ ભવિષ્યમાં કચ્છને વૈજ્ઞાનિક શિક્ષણ અને ખગોળીય પર્યટનના ક્ષેત્રમાં નવી ઓળખ અપાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ચૂંટણી પ્રચારમાં અવરોધ કરવા પોલીસ દ્વારા હેરાનગતિ કરાતી હોવાનો લોરિયાના અગ્રણીનો આક્ષેપ

**રાજકીય દબાણ હેઠળ પોલીસ દ્વારા ખોટા કેસોમાં ફસાવવા અને જીવલેણ હુમલો કરવાની ધમકી અપાતી હોવાની હાઈકોર્ટ અને માનવ અધિકાર પંચને લેખિત રજૂઆત**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના લોરીયા ગામના રહીશ અને સામાજિક અગ્રણી રાણુભા શિવુભા જાડેજાએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા પોલીસ તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે ગુજરાત હાઈકોર્ટના રજીસ્ટ્રાર, રાજ્ય પોલીસ વડા અને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને પત્ર લખીને જણાવ્યું છે કે તેમની પત્ની વિમળાબા જાડેજા લખપત તાલુકાની પાંધ્રો બેઠક પરથી કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે જિલ્લા પંચાયતની ચૂંટણી લડી રહ્યા હોવાથી તેમને રાજકીય કિન્નાખોરીનો ભોગ બનાવવામાં આવી રહ્યો છે.

રાણુભાનો આક્ષેપ છે કે બોર્ડર રેન્જ આઈજી, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તેમને ચૂંટણી મેદાનમાંથી હટી જવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. તેમણે પત્રમાં વધુમાં જણાવ્યું છે કે, પોલીસ અધિકારીઓ દ્વારા દશ વર્ષથી જૂના જમીન સંબંધી કેસોનો હવાલો આપીને તેમને અને તેમના પરિવારને હેરાન કરવામાં આવી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર જ્યારે તેઓ અને પરિવારના અન્ય પુરુષ સભ્યો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોય છે ત્યારે પોલીસની ટીમ તેમના નિવાસસ્થાને જઈને મહિલા સભ્યોને ધાકધમકી આપે છે. રાણુભાએ આશંકા વ્યક્ત કરી છે કે પોલીસ તંત્ર દ્વારા તેમની ધરપકડ કરી ખોટા કેસોમાં ફસાવવામાં આવી શકે છે અથવા તો તેમનું એક્કાઉન્ટર પણ કરવામાં આવી શકે છે. તેમણે આ મામલે પોતાના અને પોતાના પરિવારના જીવનું જોખમ હોવાનું જણાવી તાત્કાલિક સુરક્ષા અને રક્ષણ આપવા માટે ઉચ્ચ સ્તરે માંગ કરી છે.

# ભાજપના ગુજરાત પ્રદેશ મંત્રીના અધ્યક્ષ સ્થાને વિરાણીમાં ભાજપની સમીક્ષા બેઠક



નખત્રાણા તાલુકાના વિરાણી ગામે દરબારગઢ ખાતે કચ્છ જીલ્લા, તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા પ્રદેશ ભાજપના મંત્રી ડો. સંજયભાઈ દેસાઈ, માંડણભાઈ રબારી, જેમલભાઈ રબારી, કાનજી દાદા કાપડી, કરણભાઈ રબારી, રમેશ રબારી, અબડાસા વિધાનસભાના પ્રવાસ દરમ્યાન ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાના સાથે ચુંટણી લક્ષી બેઠક યોજી સમીક્ષા કરી હતી. તે વેળાએ અર્જુનસિંહજી જાડેજા પણ જોડાયા હતા.

# વાયોર જિલ્લા-તાલુકા પંચાયત બેઠકો માટે ધારાસભ્ય પી.એમ.જાડેજાનો વેગવંતો ચૂંટણી પ્રચાર


બિટ્ટા




ઐડા


બુટ્ટા


ધુફી નાની


ગોલાય


કેરવાંઢ


રામપર અબડા


તેરા


થુંબડી


વાયોર



નલિયા : વાયોર જીલ્લા પંચાયત બેઠક અને તેની અંદર સમાવિષ્ટ તાલુકા પંચાયતની બેઠકો પર અબડાસના ધારાસભ્ય પી.એમ.જાડેજાએ વેગવંતો ચુંટણી પ્રચાર ઉમેદવારો તથા અગ્રણીઓને સાથે રાખી કર્યો હતો.

વાયોર જીલ્લા પંચાયત ઉમેદવાર સુરજબા દેવુભા સોઢા, બાંડીયા તા.પં.ઉમેદવાર જયેન્દ્રસિંહ કે.જાડેજા, બેર મોટી તા.પં.ઉમેદવાર હારૂન અલીમામદ કેર, બીટ્ટા તા.પં.ઉમેદવાર આલમ કમજી ભેડી, રામપર-અબડા તા.પં.ઉમેદવાર હરેશભાઈ સામતભાઈ સીજુ, તેરા તા.પં.ઉમેદવાર પ્રવિણ માધવજી ભાનુશાલી, વાયોર તા.પં.ઉમેદવાર લક્ષ્મીબા જેઠુભા પઢીયાર સાથે વાયોર જી.પં.ના વિવિધ ગામોની મુલાકાત લઈ પ્રચાર કર્યો હતો.

પી.એમ.જાડેજાએ તેમના સંબોધનમાં અબડાસાના વિવિધ ગામોમાં તેમના દ્વારા સરકારશ્રીમાં રજુઆત થાય ત્યારે સરકારશ્રી દ્વારા અબજોની રકમના રોડ-રસ્તા, ડેમ તથા અન્ય ખાતાઓના વિકાસ કામો માટે ફાળવાયા છે.ગરીબ અને ખેડુતોના કલ્યાણ માટેની અનેક યોજનાઓનો અબડાસા તાલુકામાં લાભાર્થીઓ લાભ લઈ રહ્યા છે, સરપંચથી સાંસદ સુધી ભાજપની સત્તામાં વાયોર જીલ્લા પંચાયત અને તેની અંદરની તમામ તાલુકા પંચાયતોમાં આ વખતે ભાજપને ચુંટી તેમણે વિકાસની ખુટતી કડી મજબુત કરવા મતદારોને અપીલ કરી હતી. આ વિસ્તારના દરેક નાગરીકો માટે તેમણે સતત કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તમામના કાર્યો કર્યા હોઈ ધારાસભ્યને આ વિસ્તારમાં ઉમળકાભેર આવકાર આપી વિજયનો વિશ્વાસ નાગરીકોએ અપાવ્યો હતો. વાયોર સીટના ઈન્ચાર્જ તરીકે છત્રસિંહ જાડેજાની નિમણૂંક કરાયા બાદ તેમણે અહીં મતદારોને ભાજપ તરફ આકર્ષવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

પ્રવાસમાં તેમની સાથે જીલ્લા ભાજપ મંત્રી પરેશભાઈ ભાનુશાલી, તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા, છત્રસિંહ જાડેજા, માજી જી.પં.પ્રમુખ પારૂલબેન કારા, માજી તા.પં.ઉપપ્રમુખ રમીલાબેન ભાનુશાલી, તાલુકા મહિલા મોરચાના સંગીતાબેન ગોસ્વામી, માજી તા.પં.પ્રમુખ મુળરાજભાઈ ગઢવી, સૈયદ કાદરશા બાવા, જુવાનસિ ચનુભા, જુણસભાઈ કુંભાર, રાજુભા સોઢા, જુવાનસિંહ પી. જાડેજા, અખિલ કચ્છ કોલી સેના પ્રમુખ વિજયભાઈ કોલી, નારૂભા જાડેજા, પરષોત્તમભાઈ મારવાડા, સૈયદ નિજામુદ્દીન બાવા, શંકરલાલ ભાનુશાલી સહિત વિવિધ સમાજોના અગ્રણીઓ, સરપંચો, ગ્રામજનો તથા ભાજપ કાર્યકરો જોડાયા હતા.ગામે-ગામ મળતા આવકારને જોઈ ધારાસભ્ય દ્વારા વિજયનો વિશ્વાસ, વિકાસને સમર્થન મળશે તેવું જણાવ્યું હતું.

## કચ્છના મતદારો પર સંપૂર્ણ વિશ્વાસ : સંજય દેસાઈ






### પ્રદેશ ભાજપ મંત્રી સંજયભાઈ દેસાઈનો કચ્છ પ્રવાસ યોજાયો

ભુજ - કચ્છઉદય : કચ્છના પ્રવાસે આવેલા ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી સંજયભાઈ દેસાઈએ કચ્છમાં પાંચ તાલુકાના પ્રવાસ દરમિયાન ઠેરઠેર મળતા પ્રતિસાદ અને લોકોનો ઉત્સાહ જોઈને તેમણે તમામે તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થશે એવો સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે, ભૂકંપ બાદ કચ્છમાં થયેલા વિકાસકામોના લીધે લોકોમાં ભાજપ પ્રત્યે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે એક અનેરો લગાવ જોવા મળે છે જેના લીધે ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક ઉમેદવાર વિજયને વરશે તેવો સંપૂર્ણ આશાવાદ વ્યક્ત કર્યો હતો.

વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીનો ઉમેદવાર ભલે કોઈ પણ હોય પણ આપણી પાર્ટીની પ્રણાલી અને પરંપરા મુજબ "વ્યક્તિ સે બડા દલ ઔર દલ સે બડા દેશ" આ સિદ્ધાંતને કેન્દ્રસ્થાને રાખીને આપણે તો માત્ર ને માત્ર કમળના ચિહ્નને જ મત આપવાનો છે અને નરેન્દ્રભાઈના હાથ મજબૂત કરીને અવિરત ચાલતી વિકાસની ગતિને વેગ આપવા સૌને પોતાનું યોગદાન આપવા પણ જણાવ્યું હતું.

પ્રદેશ મંત્રી શ્રી દેસાઈએ નખત્રાણા તાલુકાના વડવાભોપા, વરમસેડા, ગંગોણ, મોસુણા, વ્યાર, ઉખેડા, ખાંભલા, લખપત તાલુકાના રામાણીયા, સાયણ, જુલરાઈ, બરંદા, જાડવા, અબડાસાના તાલુકાના નરેડી, બાલાચોડ, સરગુઆરા, દબાણ, નુંધાતડ, ખારુઆ સહિતના ગામોમાં તેમજ અંજાર તાલુકાના ભીમાસર ચકાસર, ભચાઉ તાલુકાના સામખીયાળી ખાતે પ્રચાર પ્રસાર કરીને રબારી સમાજ ઉપરાંત વિવિધ સમાજો સાથે બેઠકો યોજીને ભાજપને વિજયી બનાવવા અપીલ કરી હતી. શ્રી દેસાઈના કચ્છ પ્રવાસ દરમિયાન અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ મશરૂભાઈ રબારી, પ્રદેશ કારોબારી સદસ્ય અરજણભાઈ રબારી, શંભુભાઈ આહીર, અંજાર તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ હેઠવાડિયા, કમાભાઈ સુરાભાઈ રબારી, માંડણભાઈ રબારી, જયમલભાઈ રબારી, કાનજી રાજા કાપડી, રાજેશ રબારી તેમજ મંડળના આગેવાનો સહિત વિવિધ સમાજના આગેવાનો સાથે જોડાયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી તેમજ સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની યાદીમાં જણાવાયું હતું.

## ભાજપ લઘુમતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી કચ્છના પ્રવાસે : લોકોમાં અભૂતપૂર્વ ઉમળકો





ભુજ - કચ્છઉદય : કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દરેક મોરચે સક્રિય પ્રચારમાં અગ્રેસર રહી છે. કચ્છમાં સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસની કટીબદ્ધતાને આગળ વધારતાં ભાજપના લઘુમતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રીએ કચ્છનો વ્યાપક પ્રવાસ કરી બહોળી માત્રામાં મુસ્લિમ બિરાદરોને મળીને સૌને ભાજપ તરફી જંગી મતદાન કરવા અપીલ કરી હતી.

ભારતીય જનતા પાર્ટી લઘુમતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી ડો. મહેબૂબઅલી કે. ચિશ્તીએ કચ્છના વિવિધ સ્થળોએ પ્રવાસ કરી ભાજપનો વ્યાપક પ્રચાર પ્રસાર કરવા ઉપરાંત અનેક લોકોનો વ્યક્તિગત સંપર્ક કરીને તેમની સાથે ગોષ્ઠિ કરી હતી. કચ્છ પ્રવાસમાં તેમની સાથે કચ્છ ભાજપ લઘુમતી મોરચાના અધ્યક્ષ આકીબભાઈ બાયડ સહિત અન્ય અગ્રણીઓ પણ જોડાયા હતા.

ડો. ચિશ્તીએ ભુજના વોર્ડ નંબર ૧, ૨ અને ૩ કે જ્યાં મુસ્લિમ બહુમતી મતદારો છે, ત્યાં વિશેષ જનસંપર્ક કરી ભુજ નગરપાલિકામાં ભાજપ તરફી પ્રચંડ મતદાન કરવા અપીલ કરી હતી. આ ઉપરાંત તેમણે ખાવડા, લખપત સહિત અનેક જગ્યાએ સભાઓ કરી કચ્છનો એક સફળ પ્રવાસ સંપન્ન કર્યો હતો. ખાસ કરીને ભુજના વોર્ડ નંબર ૧,૨,અને ૩ ના મતદારોને સંબોધતાં ડો. ચિશ્તીએ કહ્યું હતું કે કોંગ્રેસે લઘુમતીના મતોનો માત્ર ઉપયોગ જ કર્યો છે અને મુસ્લિમ સમાજને નુકસાન પહોંચાડવામાં કોઈ કસર છોડી નથી.

કોંગ્રેસમાં મુસ્લિમ સમાજનું સ્થાન માત્ર કાગળ ઉપર જ અને માત્ર અને માત્ર ચૂંટણીલક્ષી રાજકારણ માટે જ છે. દાયકાઓથી મુસ્લિમ સમાજનું કોંગ્રેસે હમેશાં શોષણ જ કર્યું છે ત્યારે હવે મુસ્લિમ ભાઈઓએ વાસ્તવિકતા સમજી જવું જોઈએ અને સૌનો સાથ, સૌનો વિકાસ થવા જઈ રહ્યો છે ત્યારે મુખ્ય ધારામાં જોડાઈ ભાજપ ને ભવ્ય બહુમતીથી જીતાડવો જોઈએ. ભુજના વોર્ડ ૧,૨ અને ૩ ના તેમના પ્રવાસમાં તેમની સાથે શ્રી બાયડ ઉપરાંત ત્રણેય વોર્ડના ઈન્ચાર્જ રાહુલભાઈ ગોર, બાલકૃષ્ણ મોતા, કાસમભાઈ કુંભાર, લઘુમતી મોરચાના મહામંત્રી મામદશા શેખ, ભુજ શહેર લઘુમતી મોરચા પ્રમુખ સલીમભાઈ મોગલ તેમજ લઘુમતી મોરચાના તમામ હોદેદારો સાથે જોડાયા હતા. ડો. ચિશ્તીના પ્રવાસ દરમિયાન સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોર, ઉપાધ્યક્ષ વિકાસભાઈ રાજગોર, અલીમામદ જત, ફારૂક સમા સહિત મંડલના અને મોરચાના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં કાર્યકરો અને મતદારો ઉપસ્થિત રહ્યા હતા એવું મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી અને સહ ઈન્ચાર્જ સૂનીલ માંકડની સંયુક્ત યાદીમાં જણાવાયું હતું.

# કચ્છ જિલ્લા પંચાયતની નિરોણા બેઠક પર ભાજપનું શક્તિ પ્રદર્શન







### વિપક્ષના સૂપડા સાફ થવાના એંધાણ : ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાનો સઘન અને સતત લોકસંપર્ક : જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, પ્રભારી ફલજીભાઈ ચૌધરી અને સાંસદ વિનોદભાઈ ચાવડાની વ્યૂહરચના સામે કોંગ્રેસનો અપપ્રચાર નિષ્ફળ : કેસરિયા બ્રિગેડમાં ભારે ઉત્સાહ

**નિરોણા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર ઘનશ્યામસિંહ પ્રવિણસિંહ જાડેજા ઉપરાંત તાલુકા પંચાયતની બીબર બેઠક પર જશુબાઈ મોહનભાઈ આયર, દેશલપર બેઠક પર ઉત્પલસિંહ ફતેસિંહ જાડેજા, નિરુણા તાલુકા પંચાયત બેઠક પર જેસંગભાઈ વેલાભાઇ આયર અને તલ તાલુકા પંચાયત બેઠક પર જ્યોતિબા રણજીતસિંહ સોઢાને મળતો અભૂતપૂર્વ આવકાર : તમામ બેઠકો પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો જંગી બહુમતી સાથે જોડાશે તેવો ભાજપના કાર્યકર્તાઓએ વ્યક્ત કર્યો વિશ્વાસ**





ઘનશ્યામસિંહ જાડેજા
જિ.પં. ઉમેદવાર

નખત્રાણા - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે નિરોણા બેઠક પરનો રાજકીય જંગ અત્યંત પ્રતિષ્ઠાભર્યો બની રહ્યો છે. સમગ્ર પંથકમાં હાલ ભાજપ તરફી પ્રચંડ લહેર જોવા મળી રહી છે, જેના કારણે વિરોધ પક્ષોના ગઢમાં ગાબડાં પડવાની પૂરેપૂરી શક્યતા વર્તાઈ રહી છે. કચ્છની ભૌગોલિક અને રાજકીય દ્રષ્ટિએ અત્યંત મહત્વની ગણાતી આ નિરોણા બેઠક કબજે કરવા માટે કોંગ્રેસ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું. કોંગ્રેસે ભાજપ વિરુદ્ધ વ્યાપક અપપ્રચારની આંધી ફેલાવીને મતદારોને ગેરમાર્ગે દોરવા મરણીયા પ્રયાસો કર્યા હતા, પરંતુ જાગૃત મતદારો અને ભાજપના પાયાના કાર્યકરોની મહેનતે વિપક્ષના તમામ મનસૂબા પર પાણી ફેરવી દીધું છે.

નિરોણા જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર ઘનશ્યામસિંહ પ્રવિણસિંહ જાડેજા ઉપરાંત તાલુકા પંચાયતની બીબર બેઠક પર જશુબાઈઈ મોહનભાઈ આયર, દેશલપર બેઠક પર ઉત્પલસિંહ ફતેસિંહ જાડેજા, નિરુણા તાલુકા પંચાયત બેઠક પર જેસંગભાઈ વેલાભાઇ આયર અને તલ તાલુકા પંચાયત બેઠક પર જ્યોતિબા રણજીતસિંહ સોઢાને સ્થાનિક મતદારો દ્વારા અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. નિરોણા જિલ્લા પંચાયત અને તેના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ચાર તાલુકા પંચાયત બેઠકો પર કોંગ્રેસે ભાજપના ઉમેદવારોને પરાજિત કરવા માટે સત્તા અને સંગઠનની પૂરી તાકાત લગાવી દીધી હતી.

જોકે, ભારતીય જનતા પાર્ટીના 'કેસરિયા બ્રિગેડ' દ્વારા હાથ ધરવામાં આવેલા આક્રમક લોકસંપર્ક અને ઘરે-ઘરે પ્રચાર અભિયાન બાદ આખું રાજકીય ચિત્ર પલટાઈ ગયું છે. ખાસ કરીને કચ્છ ભાજપના પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ અને અબડાસાના લોકપ્રિય ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના તોફાની ચૂંટણી પ્રવાસ બાદ નિરોણા પંથકમાં કેસરીયો માહોલ છવાઈ ગયો છે. આ દિગ્ગજ નેતાઓની ઉપસ્થિતિએ કાર્યકરોમાં નવો પ્રાણ ફૂંક્યો છે અને મતદારોમાં ભાજપ પ્રત્યેનો વિશ્વાસ વધુ દ્રઢ બનાવ્યો છે.

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની ભૂમિકા આ ચૂંટણીમાં નિર્ણાયક સાબિત થઈ રહી છે. ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ તેમણે પોતાના મતવિસ્તારના લોકો સાથે અતૂટ અને જીવંત સંપર્ક જાળવી રાખ્યો છે. વિસ્તારના નાનામાં નાના પ્રશ્નો હોય કે જટિલ સમસ્યાઓ, પ્રદ્યુમનસિંહ જાડેજાએ હંમેશા અંગત રસ લઈને તેનું નિરાકરણ લાવવા પ્રામાણિક પ્રયાસો કર્યા છે. તેમની આ નિષ્ઠા અને સેવાકીય અભિગમને કારણે નિરોણા પંથકના મતદારોમાં તેમની અપીલ જાદુઈ અસર કરી રહી છે. લોકોમાં એવી પ્રબળ લાગણી પ્રવર્તી રહી છે કે જે નેતા સુખ-દુઃખમાં સાથે હોય તેની સાથે જ જનતાનો સાથ રહેશે.

નિરોણા જિલ્લા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવાર ઘનશ્યામસિંહ જાડેજાને ગ્રામ્ય વિસ્તારોમાં જે રીતે અભૂતપૂર્વ જનસમર્થન મળી રહ્યું છે, તેનાથી વિરોધી છાવણીમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગામડે ગામડે યોજાતી સભાઓમાં ઉમટી પડતી મેદની અને લોકોનો ઉત્સાહ સ્પષ્ટ સંકેત આપી રહ્યો છે કે આગામી ૨૬મી તારીખે યોજાનાર મતદાનમાં ભાજપનો વિજય નિશ્ચિત છે. વિપક્ષી ઉમેદવારોની ઊંઘ હરામ થઈ ગઈ છે, કારણ કે તેમની પાસે ભાજપના વિકાસલક્ષી રાજકારણનો કોઈ નક્કર જવાબ નથી.

ચૂંટણીના આ આખરી તબક્કામાં કેસરિયા બ્રિગેડના કાર્યકરો પણ પૂર્ણ જોશ સાથે મેદાનમાં છે. ૨૬મી તારીખે કમળના નિશાન પર વધુમાં વધુ મતદાન કરાવીને ભાજપના ઉમેદવારોને જંગી બહુમતીથી વિજેતા બનાવવા માટે સંગઠન દ્વારા માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું છે. ભાજપના હોદ્દેદારો આત્મવિશ્વાસ સાથે જણાવી રહ્યા છે કે, માત્ર નિરોણા જિલ્લા પંચાયત જ નહીં, પરંતુ તેની હેઠળની તમામ ચાર તાલુકા પંચાયત બેઠકો પર ભાજપ ઐતિહાસિક મતોથી વિજય પતાકા લહેરાવશે. વિકાસના મુદ્દા અને મજબૂત નેતૃત્વના જોરે નિરોણા પંથક ફરી એકવાર કેસરિયા રંગે રગાવા માટે સજ્જ બન્યું છે.

## IPS શ્રી ગૌતમ વિવેકાનંદ ધ્યાને ન લે

# મુંદરાના છસરાપટ્ટામાં હાઈપ્રોફાઈલ તેલ-દારૂ-કેમીકલ ચોરીનો અડ્ડો કોની દેશી હોટલ આસપાસમાં ધમધમ્યો..?

**પ્રાગપર પોલીસ મથક વિસ્તારની હદમાં તેલચોરી-કેમીકલ ચોરીના ટેન્ડરો ખુલ્યાની ચર્ચા : કોને આપી મંજુરી?**

**બાયોડીઝલના ગાપટાંઓ પણ આ અડ્ડા પર પુરજોશમાં થતા હોવાની બૂ**

**દારૂ બંધ કરાવો, ગાંધીના ગુજરાતમાં દારૂની હાટડીઓ મુંદરામાં ઠેર-ઠેર બંધ કરાવોના નારા સુત્રોચ્ચાર ચલાવનાર ઝભ્ભાલેગાધારી ખુદે જ સેકસન ચૂકવી મંજુરી લીધી હોવાની મારી રહ્યો છે શેખી**

**ઈમ્તીયાઝનો અડ્ડો, સુરેશ-સંજયએ સેકસન આપી મંજુરી લીધી હોવાની ચર્ચા : સુરેશ ફાયનાન્સરની ભુમિકામાં હોવાની ચકચાર : ગેરકાયદેસર બદીને આટલી બધી ખુલ્લી છોડ મળી કેવી રીતે? ખાખીના કયા ભ્રષ્ટ વહીવટદારોની બલિહારી?**

ગાંધીધામ : ગુજરાત સાથે કચ્છમાં પણ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજાવવા પામી રહી છે. શાંતીપૂર્ણ માહોલમાં નિર્ભીક રીતે ચૂંટણી યોજવાના દાવાઓ તંત્ર દ્વારા કરવામા આવી રહ્યા છે ત્યારે ચૂંટણીમાં પરોવાયેલા આ તંત્રની જાણતા કે અજાણતામાં બીજીતરફ મુંદરામાં વિસ્તારમાં છસરાપટ્ટામાં અસામાજીક બદીના દુષણ સમાન અડ્ડો ખુલ્લેઆમ ધમધમી ઉઠયો હોવાની ચર્ચાએ ભારે ચિંતા જગાવી દીધી છે. આ મામલે ચર્ચાતી વિગતો અનુસાર મુંદરાના છસરા પટ્ટામાં તેલચોરી-દારૂ-કેમીકલની હેરફેર-બાયોડીઝલ સહીતની ગેરકાયદેસર રીતે ખુલ્લેઆમ હેરફેર કરતો એક મોટો અડ્ડો શરૂ થવા પામી ગયો છે.

જાણકારો દ્વારા સવાલ થવા પામી રહ્યો છે કે આ હાઈપ્રોફાઈલ અડ્ડો કોની દેશી હોટલની આસપાસમાં ધમધમી રહ્યો છે? પ્રાગપર પોલીસ મથકની હદમાં આવતા છસરા પટ્ટામાં મોટી કંપનીની આજુબાજુમાં એક દેશી હોટેલ ધમધમી ઉઠી છે તેની આજુબાજુમાં દારૂ-તેલચોરી-કેમીકલ હેરફેર-બાયોડિઝલના પોઈન્ટ સમાન મોટો અડ્ડો શરૂ થઈ ગયો હોવાનુ ચર્ચાય છે. જાણકારો કહી રહ્યા છે કે, આ હાઈપ્રોફાઈલ અડ્ડામાં ઝભ્ભાલેંગાવાળા સહિતનાઓની ભાગબટાઈ રહેલી છે. જે લોકો મુંદરા વિસ્તારમાં મોટા ઉપાડે દારૂ બંધ કરાવો, દારૂ બધ કરાવોના સુત્રોચ્ચાર કરતા ફરતા હતાતે જ તત્વો હવે અહી આ અડ્ડામાં મંજુરી લઈ આપી હોવાના ખોખારા ખાઈ રહ્યા છે.

જાણકારોમાં થતી ચર્ચાઓ અનુસાર આ હાઈપ્રોફાઈલ ગેરકાયદેસર અડ્ડામાં સુરેશ-સજય, ઈમ્તીયાઝ અને ઈલિયાઝ જેવાઓની ટોળકી મોટી મુખ્ય ભુમિકા ભજવી રહી હોવાનુ કહેવાય છે. મનાય છે કે, સજય દ્વારા અહી સેકસનથી આ ઠેકો મંજુર કરવામા અવ્યો હોવાની શેખી મારવામાં આવી રહી છે અથવા તો દાવો કરવામા અવી રહ્યો છે? ઈમ્પીયાઝની હોટેલ છે તેની આસપાસમાં આ અડ્ડો મોટો શરૂ થયો હોવાનુ ચર્ચાય છે. ફાયનાન્સર તરીકે સુરેશ ભુમીકા ભજવી રહ્યો છે. ઝભ્ભાલેગાવાળો ખુલીને કહી રહ્યો છે કે, તેલચોરી કરો, કેમીકલ ચોરી કરો, દારૂની હેરફેર કરો, તમારો કોઈ વાળ પણ વાંકો નહી કરવામા આવે..! ભ્રષ્ટ તત્વોના મોઢા તેમની હેસિયત કરતા વધુ રકમથી આપણે ભરી દીધા છે. મંજુરીઓ આપણે મળેલી જ છે. હવે જોવાનુ એ રહે છે કે, મુદરાના યુવા આઈપીએસશ્રી આ બાબતે ધાક બેસાડતી કાર્યવાહી કરી અને સત્તાવાર રીતે પોલીસ ચોપડે ફરીયાદ લેવડાવે છે કે પછી આ બદી વધુને વધુ વકરી અને ચૂંટણી જેવા માહોલમાં પણ બેફામ રીતે ધમધમતી જ રહે છે?

## ચૂંટણી અન્વયે ૧૬૦૦થી વધુ સામે અટકાયતી પગલાં લેવાયાનો દાવો

**તડીપારના હુકમ માત્ર બે જ દર્શાવાયા**

ભુજ - કચ્છ ઉદય : જિલ્લામાં આગામી ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે હેતુથી જિલ્લા ચૂંટણી વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચૂંટણીની આચારસંહિતાના અમલીકરણ અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે અત્યાર સુધીમાં કુલ ૧૬૧૮ વ્યક્તિઓ સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની વિવિધ કલમો હેઠળ પગલાં લેવામાં આવ્યા છે.

ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા બે શખ્સોને તડીપાર કરવાના હુકમ જારી કરવામાં આવ્યા છે. આ શખ્સોને જિલ્લાની હદમાંથી બહાર ખસેડી દેવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની અલગ-અલગ કલમો હેઠળ મોટી સંખ્યામાં લોકો પર અટકાયતી પગલાં લેવાયા છે કલમ ૧૨૬ હેઠળ ૯૬૮ વ્યક્તિઓ, કલમ ૧૨૮ હેઠળ ૪૩ અને કલમ ૧૧૯ હેઠળ ૨૭૦ વ્યક્તિઓ તેમજ પ્રોહીબિશન કલમ ૯૩ હેઠળ ૩૩૩ વ્યક્તિ મળી કુલ ૧૬૧૮ જેટલા ઈસમો સામે અટકાયતી કાર્યવાહી કરી તેમને કાયદાના દાયરામાં લેવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ચૂંટણી દરમિયાન શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર કોઈપણ તત્વો સામે હજુ પણ કડક હાથે કામગીરી ચાલુ રાખવામાં આવશે. જોકે, ચૂંટણી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અને ગ્રાઉન્ડ લેવલની પરિસ્થિતિ વચ્ચે તફાવત જણાતા અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. ચૂંટણી તંત્ર દ્વારા સત્તાવાર રીતે જણાવાયું છે કે અત્યાર સુધીમાં માત્ર બે જ વ્યક્તિઓ સામે તડીપારના હુકમ કરવામાં આવ્યા છે. જોકે, જાણકાર વર્તુળોમાં આ આંકડો ગળે ઉતરે તેમ નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, માત્ર ગાંધીધામ વિસ્તારમાંથી જ અંદાજે ૧૦ જેટલા શખ્સો સામે તડીપાર અને હદપારના હુકમો કરવામાં આવ્યા હોવાની વિગતો ચર્ચાઈ રહી છે. તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા જૂજ આંકડાઓને પગલે લોકોમાં આશ્ચર્ય અને આ બાબતે વહીવટી પારદર્શિતા સામે સવાલો ઉઠી રહ્યા છે.

## લોકશાહીના બદલાતા વહેણ અને મતદારોનો મિજાજ

# કચ્છનું ચૂંટણી પંચાંગ : પાછલી ત્રણ ચૂંટણીમાં ક્યાંક ઉત્સાહ તો ક્યાંક નિરસતા

**હરહંમેશ સરહદી લખપત રહે છે મોખરે : આ વખતે ગરમી અને લગ્નસરાની સીઝન મતદાન પર વિપરીત અસર કરે તેવી ભીતિ : જિલ્લાના ગ્રામીણ અને શહેરી મતદારોની વિચારધારામાં મોટો તફાવત : ગાંધીધામ મહાનગરપાલિકા અને નખત્રાણા નગરપાલિકાની પ્રથમ વખત યોજાશે ચૂંટણી**

**કચ્છ જિલ્લા પંચાયત - મતદાનની ટકાવારી**

| વર્ષ | ટકાવારી |
|---|---|
| ૨૦૧૦ | ૬૧.૯૩ |
| ૨૦૧૫ | ૬૬.૦૩ |
| ૨૦૨૧ | ૬૩.૨૫ |

**તાલુકા પંચાયત ૨૦૨૧- મતદાનની ટકાવારી**

| વર્ષ | ટકાવારી |
|---|---|
| અબડાસા | ૬૪.૨૧ |
| અંજાર | ૬૫.૧૩ |
| ભચાઉ | ૫૮.૭૦ |
| ભુજ | ૬૪.૦૫ |
| ગાંધીધામ | ૫૭.૪૬ |
| લખપત | ૭૮.૦૫ |
| માંડવી | ૬૪.૬૫ |
| મુંદરા | ૭૨.૦૦ |
| નખત્રાણા | ૫૮.૮૦ |
| રાપર | ૬૦.૫૦ |

**નગરપાલિકા મતદાનની ટકાવારી - ૨૦૧૦ થી ૨૦૨૧**

| પાલિકાનું નામ | વર્ષ-૨૦૧૦ ટકાવારી | વર્ષ-૨૦૧૫ ટકાવારી | વર્ષ-૨૦૨૧ ટકાવારી |
|---|---|---|---|
| અંજાર | ૬૦.૭૬ | ૫૮.૦૬ | ૫૪.૬૦ |
| માંડવી | ૬૨.૧૫ | ૬૬.૪૨ | ૬૩.૧૭ |
| ગાંધીધામ | ૪૫.૫૧ | ૫૦.૩૪ | ૪૪.૬૧ |
| ભુજ | ૪૯.૬૧ | ૫૫.૭૪ | ૪૯.૪૪ |
| મુંદરા-બારોઈ | -- | -- | ૭૦.૦૪ |

ભુજ - કચ્છઉદય : ગુજરાતનો ભૌગોલિક રીતે સૌથી મોટો જિલ્લો કચ્છ માત્ર તેની સંસ્કૃતિ અને રણ માટે જ નહીં, પરંતુ તેના અનોખા રાજકીય મિજાજ માટે પણ જાણીતો છે. છેલ્લા એક દાયકાના (વર્ષ ૨૦૧૦ થી ૨૦૨૧) સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આંકડાઓ પર નજર કરીએ તો કચ્છના મતદારોએ લોકશાહીના પર્વમાં ક્યારેક ઉત્સાહ તો ક્યારેક આશ્ચર્યજનક ઉદાસીનતા દર્શાવી છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના મતદાનના આંકડાઓનું ઊંડું વિશ્લેષણ કરતા માલૂમ પડે છે કે જિલ્લાના ગ્રામીણ અને શહેરી મતદારોની વિચારધારામાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે.

કચ્છ જિલ્લા પંચાયતની ચૂંટણીના આંકડાઓ પર નજર નાખીએ તો ૨૦૧૦માં મતદાનની ટકાવારી ૬૧.૯૩% નોંધાઈ હતી. આ સમયગાળા દરમિયાન જિલ્લામાં રાજકીય સભાનતાનો ઉદય થઈ રહ્યો હતો. જોકે, ૨૦૧૫ની ચૂંટણીમાં એક મોટો ઉછાળો જોવા મળ્યો અને મતદાનની ટકાવારી વધીને ૬૬.૦૩% સુધી પહોંચી ગઈ હતી. આ ઉછાળો એ વાતનો સંકેત હતો કે ગ્રામીણ જનતા પોતાના પ્રશ્નો અને પ્રતિનિધિઓ પ્રત્યે વધુ જાગૃત બની છે. પરંતુ, ૨૦૨૧માં આવેલી ચૂંટણીમાં આ ગ્રાફમાં ફરી આંશિક ઘટાડો જોવા મળ્યો અને મતદાન ૬૩.૨૫% પર આવીને અટક્યું હતું. ૨૦૧૫ની સરખામણીએ ૨૦૨૧માં ૨.૭૮% નો ઘટાડો રાજકીય પક્ષો માટે ચિંતાનો વિષય બન્યો હતો.

વર્ષ ૨૦૨૧ની તાલુકા પંચાયતોની ચૂંટણીના પરિણામો અને આંકડાઓએ સૌને ચોંકાવી દીધા હતા. આંકડાકીય વિશ્લેષણ મુજબ, જિલ્લાના છેવાડાના અને અંતરિયાળ ગણાતા લખપત તાલુકાએ મતદાનમાં નવો ઈતિહાસ રચ્યો છે. લખપતમાં સૌથી વધુ ૭૮.૦૫% મતદાન નોંધાયું હતું. જે દર્શાવે છે કે જે વિસ્તાર ભૌતિક સુવિધાઓની દ્રષ્ટિએ પાછળ ગણાય છે, ત્યાંના મતદારો લોકશાહી પ્રક્રિયામાં સૌથી વધુ સક્રિય છે. તેવી જ રીતે મુંદરા તાલુકામાં પણ ૭૨% જેટલું ઊંચું મતદાન નોંધાયું હતું, જે ઔદ્યોગિક વિકાસ સાથે જોડાયેલી લોકજાગૃતિનો સંકેત છે.

બીજી તરફ, કચ્છના અન્ય તાલુકાઓની વાત કરીએ તો અબડાસામાં ૬૪.૨૧%, અંજારમાં ૬૫.૧૩%, ભુજમાં ૬૪.૦૫% અને માંડવીમાં ૬૪.૬૫% જેટલું સરેરાશ મતદાન થયું હતું. આ આંકડાઓ દર્શાવે છે કે મધ્ય અને પશ્ચિમ કચ્છમાં મતદારોનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે. જોકે, ભચાઉમાં ૫૮.૭૦%, નખત્રાણામાં ૫૮.૮૦% અને રાપરમાં ૬૦.૫૦% મતદાન નોંધાયું હતું, જે જિલ્લાની સરેરાશ કરતા ઓછું છે. સૌથી વધુ આશ્ચર્યજનક બાબત ગાંધીધામ તાલુકાની રહી છે, જ્યાં માત્ર ૫૭.૪૬% મતદાન થયું હતું. શિક્ષિત અને ઔદ્યોગિક રીતે વિકસિત ગણાતા આ વિસ્તારમાં ઓછું મતદાન લોકશાહી માટે એક પ્રશ્નાર્થ ચિન્હ સમાન છે.

કચ્છની નગરપાલિકાઓ અંજાર, માંડવી, ગાંધીધામ અને ભુજ - ના છેલ્લા ૧૦ વર્ષના આંકડાઓ એક ચિંતાજનક વલણ દર્શાવે છે. શહેરી વિસ્તારોમાં મતદાનની ટકાવારી સતત ઘટી રહી હોય તેવું જણાય છે. અંજાર નગરપાલિકામાં ૨૦૧૦માં ૬૦.૭૬% મતદાન થયું હતું, જે ૨૦૧૫માં ઘટીને ૫૮.૦૬% અને ૨૦૨૧માં વધુ ઘટીને ૫૪.૬૦% થઈ ગયું હતું. ૧૦ વર્ષમાં અહીં મતદાનમાં ૬% થી વધુનો ઘટાડો નોંધાયો છે. માંડવી નગરપાલિકામાં સ્થિતિ થોડી અલગ છે. ૨૦૧૦માં ૬૨.૧૫% થી વધીને ૨૦૧૫માં ૬૬.૪૨% મતદાન થયું હતું, પરંતુ ૨૦૨૧માં તે ફરી ઘટીને ૬૩.૧૭% પર આવી ગયું હતું. જોકે, અન્ય શહેરોની સરખામણીએ માંડવીના મતદારો વધુ ઉત્સાહી જણાય છે. કચ્છનું આર્થિક કેન્દ્ર ગણાતા ગાંધીધામમાં મતદાનની ટકાવારી સતત નીચી રહી છે. ૨૦૧૦માં માત્ર ૪૫.૫૧% અને ૨૦૨૧માં ૪૪.૬૧% મતદાન નોંધાયું હતું. ૨૦૧૫માં થોડો સુધારો (૫૦.૩૪%) જોવા મળ્યો હતો, પરંતુ તે લાંબો સમય ટકી શક્યો નહીં. અડધાથી વધુ વસ્તી મતદાન પ્રક્રિયાથી દૂર રહે છે તે એક ગંભીર બાબત છે. જો કે આ વખતે હવે ગાંધીધામને મહાનગરપાલિકાનો દરજ્જો મળી ચુકયો હોઈ પ્રથમ

અનુસંધાન પાના નં.૫ પર





જીવેત શરદઃ શતમ્

મહારાણી પ્રીતીદેવી ઓફ કચ્છ

આપના જન્મદિને
આપને આરોગ્ય, આયુષ્ય અને અનંત સુખ-સમૃદ્ધિ
પ્રાપ્ત થાય તેવી માં આશાપુરા પાસે પ્રાર્થના.
આપનું જીવન હંમેશા ગૌરવ, સન્માન અને પ્રગતિથી પરિપૂર્ણ રહે,
અને આપના આશીર્વાદ સૌ પર વરસતા રહે તેવી શુભકામનાઓ.

કુંવર શ્રી ઈન્દ્રજીતસિંહજી જાડેજા

॥ સંસ્કાર અને સમર્પણની પ્રતિમૂર્તિને સ્નેહવંદન ॥



મહારાણી પ્રીતિદેવી ઓફ કચ્છ

કચ્છના રણની શ્વેત પવિત્રતા અને કળા-કસબની
અદ્‌ભૂત ધરોહરના આપ સાચા રક્ષક છો.
આપના પ્રત્યેક ડગલે કચ્છની અસ્મિતાના
નવતર ઈતિહાસ રચાયા છે.
નમ્રતાના નવલખા હાર સમા, ગંભીરતાના ગજ
ગામિની સમા અને કરૂણાના સાગર સમા...
અમારા લોકપ્રિય મહારાણીબા પ્રીતિદેવીને
જન્મદિવસની અનંત મંગલકામનાઓ...
આપના જીવનનું પ્રત્યેક વર્ષ સુખ, શાંતિ અને
સમૃદ્ધિના સોપાન સર કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ..

એક શુભેચ્છા સંદેશ


**સ્થાનિક સ્વરાજ્યનો સંગ્રામને હવે કલાકો જ બાકી**

# કચ્છમાં રાજકીય પારો ઊંચકાયો પણ જનતામાં ઉદાસીનતાથી ઉમેદવારોના જીવ અધ્ધર

**છેલ્લા બે-ત્રણ દિવસથી કચ્છના તાપમાનમાં ઘટાડો નોંધાયો જેનાથી કાળઝાળ ગરમીમાંથી લોકોને રાહત મળી પરંતુ મતદારોના ઠંડા વલણથી ઉમેદવારોના કપાળે ચિંતાના વળી રહ્યા છે પરસેવા**




**કચ્છમાં લોકશાહીના મહાપર્વનો જંગ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચારના અંતિમ પડઘમ, નેતાઓ મેદાને પણ મતદારોમાં હજુ મૌન : કચ્છમાં આ વખતે ચૂંટણીનો માહોલ અગાઉની સરખામણીએ કંઈક અંશે ફિક્કો : ૨૬ એપ્રિલે જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતો માટે રસાકસી ભર્યું મતદાન યોજાશે : ઉમેદવારોના જોરશોરથી પ્રચાર વચ્ચે મતદારોનું ઠંડુ વલણ**

ભુજ - કચ્છઉદય : સરહદી કચ્છ જિલ્લામાં હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ ચરમસીમાએ પહોંચી રહ્યો છે. લોકશાહીના આ પર્વમાં કચ્છ જિલ્લા પંચાયતની સાથે ગાંધીધામ મહાનગરપાલિકા, પાંચ નગરપાલિકાઓ અને નવ તાલુકા પંચાયતોના ભાવિનો ફેંસલો આગામી ૨૬ એપ્રિલના રોજ મતદારો દ્વારા કરવામાં આવનાર છે. ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ પોતાની સમગ્ર શક્તિ મેદાનમાં ઝોંકી દીધી છે. જિલ્લાના શહેરી વિસ્તારોથી માંડીને અંતરિયાળ ગામડાઓ સુધી પ્રચારના ભૂંગળાઓ ગુંજી રહ્યા છે અને ઉમેદવારો તેમજ તેમના સમર્થકો દ્વારા મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. ઠેર-ઠેર પક્ષોના પ્રચાર કાર્યાલયો ધમધમી રહ્યા છે, જ્યાં સવારથી રાત સુધી રણનીતિઓ ઘડવામાં આવે છે અને કાર્યકર્તાઓ ડોર-ટુ-ડોર પ્રચાર કરી પ્રત્યેક ઘરના ઉંબરા સુધી પોતાની વિચારધારા પહોંચાડવા દિવસ-રાત એક કરી રહ્યા છે. માત્ર મેદાન પર જ નહીં, પરંતુ સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ્સ પર પણ રાજકીય પોસ્ટનો રીતસરનો મારો જોવા મળી રહ્યો છે, જેનાથી ડિજિટલ પ્રચાર પણ વેગીલો બન્યો છે.

જોકે, આ ભવ્ય પ્રચાર અભિયાન વચ્ચે એક ચિત્ર એવું પણ ઉપસી રહ્યું છે કે, જેમાં ઉમેદવારો અને પક્ષના કાર્યકરોમાં તો ભારે ઉત્સાહ છે, પરંતુ સામાન્ય મતદારોમાં હજુ જોઈએ તેવી રંગત જોવા મળતી નથી. રાજકીય વિશ્લેષકોના મતે કચ્છમાં આ વખતે ચૂંટણીનો માહોલ અગાઉની સરખામણીએ કંઈક અંશે ફિક્કો જણાઈ રહ્યો છે.

પ્રચારના શ્રીગણેશ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દયાપર અને ગાંધીધામની જાહેર સભાઓ ગજવીને કર્યા હતા, પરંતુ ત્યારબાદ ભાજપ કે કોંગ્રેસ જેવા મુખ્ય પક્ષોના કોઈ મોટા ગજાના રાષ્ટ્રીય કે પ્રદેશ કક્ષાના નેતાની જાહેર સભાઓ યોજાઈ નથી. હાલ ભાજપના અને કોંગ્રેસના નેતા આવવાની શક્યતા સાથે એઆઈએમઆઈએમના મોટા નોતાઓના આગમનની ચર્ચાઓ ચાલી રહી છે. મોટાભાગનો પ્રચાર હાલમાં સ્થાનિક નેતાઓના ખભે જ ટકેલો છે. આ ઉદાસીનતા પાછળ અનેક સામાજિક અને વ્યવહારુ કારણો જવાબદાર હોવાનું મનાય છે. હાલમાં મીનાર્ક કમોરતા પૂર્ણ થતાની સાથે જ લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે અને ધાર્મિક પ્રસંગોની વણઝાર લાગી છે, જેના કારણે ગ્રામીણ અને શહેરી પ્રજા સામાજિક પ્રસંગોમાં વ્યસ્ત બની ગઈ છે. આ ઉપરાંત, શાળા-કોલેજોની પરીક્ષાઓનો સમયગાળો હોવાથી વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં પરોવાયેલા છે, જેની સીધી અસર પ્રચાર કાર્યક્રમોમાં લોકોની પાંખી હાજરી પર જોવા મળી રહી છે.

બીજી તરફ, કુદરતી પરિબળોએ પણ આ ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી છે. છેલ્લા બે-ત્રણ દિવસથી કચ્છના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે, જેનાથી કાળઝાળ ગરમીમાંથી લોકોને માનસિક અને શારીરિક રાહત મળી છે. પરંતુ બીજી તરફ, રાજકીય ગરમાવો ન પકડાતા ઉમેદવારોના કપાળે ચિંતાના પરસેવા વળી રહ્યા છે. મતદારોનું મૌન અને તેમની ઉદાસીનતા એ રાજકીય પંડિતો માટે પણ કોયડો બની રહી છે. જ્યારે ઉમેદવારો માટે 'રાત થોડી ને વેષ ઝાઝા' જેવી સ્થિતિ સર્જાઈ છે, ત્યારે અંતિમ દિવસોમાં મતદારોને બૂથ સુધી ખેંચી લાવવા તે તમામ પક્ષો માટે મોટો પડકાર સાબિત થશે. હવે જોવાનું એ રહેશે કે ૨૬ એપ્રિલે મતદારોની આ ઉદાસીનતા તૂટે છે કે પછી આ શાંતિ કોઈ મોટા રાજકીય ઉલટફેરના સંકેત આપે છે. હાલ તો કચ્છનું રાજકીય વાતાવરણ ગરમાયા છતાં અનિશ્ચિતતાના વાદળો વચ્ચે ઘેરાયેલું જોવા મળી રહ્યું છે.


શુભ જન્મદિવસ નિમિતે શુભેચ્છા...વંદન...

કચ્છ, કચ્છીયત અને કચ્છીઓના હામી એવાં કચ્છના રાજવી પરિવારના આપ મહારાણી સાહેબા ઓફ કચ્છને આજે તા. ૨૪/૦૪/૨૦૨૬ ના આપના ૮૯ માં શુભ જન્મદિન પ્રવેશ પ્રસંગે શુભેચ્છા સહ વંદન...

કચ્છ અને કચ્છીઓ ઉપરની આપની લાગણી અવિરત રહેવા સાથે આપના કરકમળોથી સેવાકિય - ઉપયોગી કાર્યો વણથંભ્યા રહે તેવી શુભકામના...



મહારાણી પ્રિતિદેવી સાહેબા ઓફ કચ્છ

:: શુભેચ્છક ::

- રવિન્દ્ર મણીલાલભાઈ સંઘવી - મુંબઈ
- અશોક કેશવલાલ સંઘવી - ભુજ
- કાનાભાઈ પબાભાઈ આહિર - નિરોણા
- માવજીભાઈ જીવાભાઈ છાંગા - ધાણેટી
- કલ્પેશ રવિલાલભાઈ પુજારા - ભુજ
- અશોક કાંતિલાલ ખંડોર (શાહ) - ભુજ
- અશોક શાન્તીલાલભાઈ કુબડીયા - રાપર
- જાદવજીભાઈ નાથાભાઈ વરસાણી - સામત્રા
- મનસુખભાઈ નાગજીભાઈ વોરા - ભુજ
- વાડીલાલ નેમજીભાઈ મહેતા - ભુજ
- જીતેન્દ્ર ધારશી શાહ - ભુજ
- કાકુભાઈ માણેક - એ.પી.એમ.સી. ભુજ
- મનજીભાઈ કાનજીભાઈ ડાંગર - કાલીતલાવડી
- વિનોદભાઈ ચુનિલાલ મહેતા - ઓપેરા ભુજ
- કિશોર ચંદુલાલ મોરબીયા - ભુજ
- દિપેશ વિનોદભાઈ દોશી - માંડવી રૂપાલીવાળા
- સંદિપ મુલચંદભાઈ મહેતા - ભુજ
- અશોક છગનભાઈ પુજારા - ભુજ
- દિપસિંહ ગોડજીભા ઝાલા - ભુજ
- કાન્તિલાલ હીરજી ભગત - કોટડા ચકાર